بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

તા. ૦૧-માર્ચ-૨૦૨૦

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૩, સળંગ અંક : ૧૯૫



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


01 નબી (صلی اللہ علیہ وسلم) ચલે મેઅરાજ કો.... 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 09
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12
04 ફુતૂહુલ ગયબ *(એટલે ગૌષ પાક رحمۃ اللہ علیہ ના વઅઝ)* 14
05 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 19
06 તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ 23
07 તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના જીવનચરિત્રની ઝલકો 27
08 સદ્‌વર્તન અને મખ્લૂકની સેવા વિના તબ્લીગ કેવી ? 30
09 આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના મહત્વના રિસાલા.. 36
10 ન્યાયની કિતાબનું એક રોશન પ્રકરણ :
હઝરત કાઝી શુરૈહ رضی اللہ عنہ 40
11 શબે મેઅરાજની ઈબાદતો 47
12 બરકાતે ખ્વાજાની ટપાલ 48


## દોનોં આલમકે સરકાર આ જાઈએ

બહરે દીદાર મુશ્તાક હૈ હર નઝર
દોનોં આલમકે સરકાર આ જાઈએ
ચાંદની રાત હૈ ઔર પિછલા પહર
દોનોં આલમકે સરકાર આ જાઈએ

સિદરતુલ મુન્તહા અર્શ વ બાગે ઈરમ
હર જગહ પળ ચુકા હૈ નિશાને કદમ
અબ તો ઈકબાર અપને ગુલામોં કે ઘર
દોનોં આલમકે સરકાર આ જાઈએ

જલ્વાગર સામને પયકરે નૂર હો
મુન્કિરોંકા ભી સરકાર શક દૂર હો
કરકે તબદીલ ઈક દિન લિબાસે બશર
દોનોં આલમકે સરકાર આ જાઈએ

આજ મહશરમેં મહબૂબકી ધૂમ હૈ
શાને ઈઝ્ઝો કરમ સબકો માલૂમ હૈ
યૂં લુટાતે હૂએ રહમતોં કે ગોહર
દોનોં આલમકે સરકાર આ જાઈએ

શામે ગુર્બત હૈ ઔર શહરે ખામોશ હૈ
એક 'અર્શદ' અકેલા કફનપોશ હૈ
ખૌફ કી ઘળી વક્ત હૈ પુર ખતર
દોનોં આલમકે સરકાર આ જાઈએ

➻ અઝ : રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ

# નબી صلی اللہ علیہ وسلم ચલે મેઅરાજ કો

તંત્રી લેખ...

**નમાઝે અક્સા મેં થા યહી સિર્ર, અયાં હો મઅનિયે અવ્વલો આખિર**
**કે દસ્ત બસ્તા હૈં પીછે હાઝિર, જો સલ્તનત આગે કર ગએ થે**
***નબી ચલે મેઅરાજ કો...નબી ચલે મેઅરાજ કો...નબી ચલે મેઅરાજ કો...***

*(સિર્ર = રાઝ)*

سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ
الْاَقْصَا الَّذِیْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَاؕ اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ۝۱

''પાકી છે તેને જે પોતાના બંદાને રાતોરાત લઈ ગયો મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી જેની આસપાસ અમે બરકતો રાખી કે અમે તેને પોતાની મહાન નિશાની બતાવીએ. બેશક ! તે સાંભળે જુએ છે.''

*(સૂ. બની ઈસરાઈલ, ૧૭/૧, કન્ઝુલ ઈમાન)*

## ★ મસ્જિદે અક્સા સુધીનો સફર ★

હુઝૂર صلی اللہ علیہ وسلم એક રાતે ખાનએ કા'બાની પાસે હતીમમાં આરામ ફર્માવી રહ્યા હતા કે જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ખિદમતમાં હાજર થયા અને ઊંઘમાંથી જગાડયા અને ખુદા તઆલાના ઈરાદાથી માહિતગાર કર્યા. હુઝૂર ઉઠયા તો તેમને ઝમઝમના કૂવા પાસે લાવવામાં આવ્યા. સીના મુબારકને ચીરવામાં આવ્યો અને દિલ મુબારકમાં ઈમાન તથા હિકમતથી ભરેલ થાળી ઠાલવી દેવામાં આવી પછી સીના મુબારકને ઠીક કરી દેવામાં આવ્યો. હરમથી બહાર તશરીફ લાવ્યા તો સવારીના માટે એક જાનવર પેશ કરવામાં આવ્યું જેને બુર્રાક઼ તરીકે ઓળખવામાં આવે છે. તેની તેજ રફતારીનો આલમ એ હતો કે જ્યાં નજર પડતી હતી ત્યાં કદમ રાખતું હતું. હુઝૂર علیہ الصلوٰۃ والسلام તેના પર સવાર થઈને બયતુલ મુક઼દસ આવ્યા અને જે કડા સાથે અંબિયાએ કિરામની સવારીઓ બાંધવામાં આવતી હતી ત્યાં બુર્રાક઼ને બાંધી દેવામાં આવ્યું. હુઝૂર صلی اللہ علیہ وسلم મસ્જિદે અક્સામાં તશરીફ લઈ ગયા જ્યાં સર્વ નબીઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની રાહ જોઈ રહ્યા હતા. હુઝૂર صلی اللہ علیہ وسلمની ઈક઼્તેદામાં સૌએ નમાઝ અદા કરી. આ રીતે અંબિયાની રૂહોથી રોઝે અઝલ (પ્રથમ દિવસે) જે આ વાયદો લેવામાં આવ્યો હતો કે : لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ''મારા મહબૂબ પર તમો જરૂર ઈમાન લાવજો અને જરૂર તેમની મદદ કરજો'' *(સૂરએ આલે ઈમરાન, ૩/૮૧)*ની પરિપૂર્ણતા થઈ ગઈ. પછી આસ્માનની બુલંદીઓ તરફ ઉડયન શરૂ થયું. આસ્માનના વિવિધ તબક઼ાઓથી પસાર થતા ગયા અને વિવિધ નબીઓથી મુલાકાતો થતી ગઈ.

## ★ આસ્માનોથી લામકાં સુધીનો સફર ★

પ્રથમ આસ્માન પર અબુલ બશર આદમ علیہ السلام અને સાતમા આસ્માન પર પર પોતાના જદ્દે કરીમ અબુલ અંબિયા હઝરત ખલીલ علیہ السلامથી મુલાકાત થઈ. હઝરત ખલીલે ''હે નબી સાલેહ ખુશ આમદિદ ! અને ફરઝંદે બુલંદ મરહબા !''ના મહોબ્બતભર્યા શબ્દો વડે સ્વાગત કર્યું. હઝરત ઈબ્રાહીમ બયતુલ મુઅમૂરથી પીઠ લગાડીને

બેઠેલા હતા. હુઝૂર علیہ الصلوٰۃ والسلام આગળ વધ્યા અને સિદ્રતુલ મુન્તહા સુધી પહોંચ્યા જે અન્વારે રબ્બાનીની તજલ્લીગાહ છે. હઝરત જિબ્રઈલ علیہ السلام અહીં રોકાય ગયા. હુઝૂર ﷺની સવારી આગળ વધી. ક્યાં સુધી ગયા, આપણે એને શું સમજી શકીએ. કુદરતની ઝબાને કુર્બ (નઝદીકી)ના મકામનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો : ثُمَّ دَنَا فَتَدَلّٰى ۝ فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى ۝ "પછી તે જલ્વો નજીક થયો, પછી ખૂબ ઉતરી આવ્યો તો એ જલ્વા અને એ મહબૂબમાં બે હાથનું અંતર રહ્યું, બલ્કે એનાથી પણ કમ." *(સૂ. નજ્મ, ૫૩/૮,૯)*

ત્યાં શું થયું ?! એ પણ મારી તથા તમારી બુદ્ધિની પહોંચથી પર છે. કુર્આને કરીમે બતાવ્યું : فَاَوْحٰۤى اِلٰى عَبْدِهٖ مَاۤ اَوْحٰى ۝ "હવે વહી ફર્માવી પોતાના બંદાને જે વહી ફર્માવી." *(સૂ. નજ્મ, ૫૩/૧૦)*

અલ્લામા સુલેમાન નદવીના આ શબ્દો જુઓ : "પછી શાહિદે મસ્તૂરે અઝલે ચેહરાથી પર્દો ઉઠાવ્યો અને ખલ્વતગાહે રાઝમાં નાઝો નિયાઝના તે પયગામ અતા થયા જેની લતાફત તથા નઝાકતને શબ્દોમાં રજૂ નથી કરી શકાતી." *(સીરતુન્નબી ﷺ, જિલ્દ : સોમ, બહવાલા ઝિયાઉન્નબી ﷺ)*

આ કુર્બના મકામ અને ગોશએ ખલ્વતમાં અન્ય ઈનામો ઉપરાંત પચાસ નમાઝો અદા કરવાનો હુકમ મળ્યો. હઝરત મૂસા علیہ السلامની વિનંતિઓ પર હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ કેટલીયેવાર રબની બારગાહમાં તેમાં કમી કરવાની દરખાસ્ત કરી જેથી **નમાઝની સંખ્યા પાંચ કરી દેવામાં આવી અને સવાબ પચાસનો જ રહ્યો.** અર્શની બુલંદીઓથી મહબૂબે રબ્બુલ આલમીન ﷺ પરત થઈને જમીન પર તશરીફ લઈ આવ્યા. હજી અહીં રાતનો માહોલ હતો.

## ★ નબી ﷺ પર ઈમાનવાળો મેઅરાજનો મુન્કિર ન હોય શકે ★

જે દિલો નૂરે ઈમાનથી ખાલી હતાં તેમણે નબી ﷺના આ મો'જિઝાનો ઈન્કાર કરી દીધો પણ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને જ્યારે આ બનાવ વિશે જણાવવામાં આવ્યું તો આપે કશાય ખચકાટ વિના જવાબ આપ્યો કે, **"જો મારા આક઼ા તથા મૌલા ﷺએ આવું ફર્માવ્યું છે તો એ યક઼ીનન ! સાચુ છે."** ઈમાનવાળાઓ માટે કોઈ બનાવ સાચા કે જૂઠા હોવાનો આધાર એના પર ન હતો કે તેમની બુદ્ધિ એના બારામાં શું મંતવ્ય ધરાવે છે, બલ્કે તેઓ અલ્લાહ તઆલાની અમાપ કુદરતની સામે કોઈ ચીજને અશક્ય સમજતા ન હતા. તેમને યક઼ીન હતું કે અલ્લાહ તઆલા જે ચાહે, જે રીતે ચાહે કરી શકે છે. આપણા બનાવેલા ક઼ાયદા તેની કુદરતની અસીમતાને ઘેરી નથી શકતા. અને જે આ બનાવની ખબર આપનાર છે તે અતિશય સાચો છે કે તેની સચ્ચાઈના વિશે શંકાકુશંકા કરી જ નથી શકાતી. જ્યારે તેણે બતાવી દીધું જેની સચ્ચાઈ દરેક શંકાકુશંકાથી પર છે કે કુદરતવાળાએ આવું કર્યું છે જે عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ (દરેક ચીજ માટે શક્તિમાન) છે તો પછી એના શક્ય તથા અશક્યના ચક્કરમાં શા માટે પડીએ ? એટલા માટે જ્યારે શબે અસ્રાની સવારે હરમે કા'બામાં નબીયે બરહક્કે કાફિરોના ભર્યા મજમામાં આ ઈનાયતે રબ્બાનીને જાહેર કરી દીધું તો લોકો બે ભાગોમાં વહેંચાય ગયા, અમુકે ઈન્કાર દીધો અને અમુકે ચું ચા કર્યા વિના માની લીધું.

જે લોકો અલ્લાહ તઆલાની કુદરત તથા અઝમત અને તેની શાને કિબ્રિયાઈ પર ઈમાન ધરાવે છે અને હુઝૂર ફખ્રે મૌજૂદાત, બાઈષે તખ્લીકે કાઈનાત સૈયદના વ મૌલાના મુહમ્મદ મુસ્તફા ﷺને અલ્લાહ તઆલાના

સાચા રસૂલ માને છે તેમના માટે તો મેઅરાજના બનાવની સચ્ચાઈ માટે આ આયતે કરીમા سُبْحٰنَ الَّذِیْٓ اَسْرٰی بِعَبْدِہٖ--الخનો સંક્ષિપ્ત ખુલાસો કરવામાં આવે છે તે જ પૂરતો છે.

## ★ મેઅરાજનો ઈન્કાર રબની કુદરતનો ઈન્કાર છે ★

અલ્લામા આલૂસીએ હઝરત તલ્હા رضی اللہ عنہથી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ નક્લ કર્યો છે : હઝરત તલ્હા ફર્માવે છે કે મેં "સુબ્હાનલ્લાહ" سُبْحَانَ اللّٰہ ની તફસીર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પૂછી. હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાને દરેક બુરાઈથી પાક તથા અલિપ્ત રહેવાને "સુબ્હાનલ્લાહ" કહે છે.

"સુબ્હાન"ના શબ્દથી એ દાવો કરવામાં આવ્યો કે અલ્લાહ તઆલા દરેક અયબ, ખામી, કમજોરી તથા લાચારીથી પાક છે. એના માટે દલીલની જરૂરત હતી, કેમ કે કોઈ દાવો દલીલ વિના સ્વીકારને પાત્ર નથી હોતો જેથી દલીલરૂપે ઈર્શાદ ફર્માવ્યું, اَلَّذِیْٓ اَسْرٰی بِعَبْدِہٖ (જે પોતાના બંદાને રાતોરાત લઈ ગયો) કેમ કે અલ્લાહ તબારક વ તઆલા તે છે જેણે પોતાના બંદાને રાતના થોડા હિસ્સામાં આટલો લાંબો સફર પાર કરાવ્યો અને પોતાની કુદરતની મોટી મોટી નિશાનીઓ અને ઉઘાડી આયતો બતાવી. જે ઝાત આટલા ટૂંકા સમયમાં આટલા લાંબા સફરને પાર કરાવી શકે છે ખરેખર તેની કુદરત અમાપ અને તેમની મહાનતા અસીમ છે અને તેની કિબ્રિયાઈના દામન પર કોઈ કમજોરી તથા કોઈ લાચારીનો કોઈ દાગ નથી. તો **જે બનાવને અલ્લાહ તઆલાએ પોતાની સુબ્હાનિયતની દલીલના રૂપે પેશ કર્યો છે તે કોઈ મામૂલી બનાવ નથી હોઈ શકતો બલ્કે કોઈ ઘણો જ મહત્વનો અઝીમુશ્શાન તથા બુદ્ધિને આશ્ચર્યમાં ફેંકી દેનારો બનાવ હશે.** એટલા માટે મેઅરાજનો ઈન્કાર કરવો જાણે અલ્લાહ તઆલાની કુદરત તથા સુબ્બુહિયતની એક કુર્આની દલીલને તોડી પાડવું છે.

કોન્સ્ટાઈન્સ જ્યોર્જ માજી વિદેશ પ્રધાન રોમાનિયાએ સીરતના વિષય પર એક કિતાબ લખી જેનો અરબી અનુવાદ હલ્બ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. મુહમ્મદ તુંજીએ કર્યો જે "નઝરતુન જદીદતુન ફી સીરતે રસૂલ" صلی اللہ علیہ وسلمના નામથી બૈરૂતથી પ્રકાશિત થયેલ છે. એમાં મઝકૂર મંત્રીએ મેઅરાજનો ઉલ્લેખ કરતાં લખ્યું છે : ફિઝિકસના ઈલ્મોની રૂએ આ બનાવમાં બે વાંધાઓ લાગુ પડે છે, પ્રથમ વાંધો ગતિની તેજીના વિશે છે. બીજો એ કે શું માટીવાળા શરીર માટે શક્ય છે કે વાતાવરણમાં પ્રકાશની ગતિથી પણ અધિક્તર તેજ ઉડી શકે. મેઅરાજની રિવાયતોથી સાબિત થાય છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم સૃષ્ટિના સૌથી ઉચ્ચ સ્થાન સુધી તશરીફ લઈ ગયા પછી પાછા પણ તશરીફ લઈ આવ્યા. જ્યારે કે આઈન્સ્ટાઈન મશહૂર વૈજ્ઞાનિક તથા ગણિત શાસ્ત્રીની દષ્ટિએ સૃષ્ટિના વર્તુળના એક ખૂણાથી બીજા ખૂણા સુધી જો પ્રકાશ સફર કરે તો તેને એટલું અંતર પાર કરતાં ત્રણ હજાર મિલિયન પ્રકાશ વર્ષનો સમય જોઈએ. જ્યારે પ્રકાશની પોતાની ગતિ ત્રણ લાખ કિ.મિ. સેંકડદીઠ છે જેને આંકડામાં આ પ્રમાણે લખી શકાય છે : 30000 X 10000 = 3 અબજ નૂરી વરસ.

મઝકૂર પ્રધાન લખે છે કે, "ભલે ફિઝિક્સ વિદ્યાની નજીક આ બાબત શક્ય નથી કે આટલુ અંતર રાતના થોડા હિસ્સામાં પાર થઈ શકે, પરંતુ ધાર્મિક દષ્ટિએ આપણને એના પર વાંધો ઉઠાવવાનો કોઈ હક્ક નથી, કે અમો ઈસાઈ પણ ઘણી બધી એવી ચીજોને અમારા ધાર્મિક અક્રીદામાં ગણીએ છીએ અને તેની સચ્ચાઈ પર ઈમાન ધરાવીએ છીએ. એટલા માટે આપણને મુસલમાનો પર વાંધો કરવાનો કોઈ હક્ક નથી." *(નઝરતુન જદીદા, પેજ : ૧૪૩, બૈરૂત)*

જો કે તેમણે તે અક઼ીદાનો ઉલ્લેખ નથી કર્યો જેના પર ઈસાઈએ ઈમાન લાવવું જરૂરી છે જ્યારે કે તે ફ઼િઝિક્સ વિદ્યાની રૂએ અશક્ય છે, પરંતુ અમો ઈન્જીલના હવાલાથી આ બનાવનો ઉલ્લેખ રજૂ કરીએ છીએ.

## ★ ઈસા علیہ السلام ને રબે આસ્માનો પર ઉઠાવી લીધા તો હુઝૂરની શું વાત ?! ★

સૌ ઈસાઈઓનો એ અક઼ીદો છે કે હઝરત મસીહ علیہ السلام ને આસ્માનની તરફ઼ ઉઠાવી લેવામાં આવ્યા. વિવિધ ઈન્જીલોની આયતોથી આ અક઼ીદો સાબિત છે. ઈન્જીલ મરકસના સોળમા પ્રકરણની ઓગણીસમી આયત વાંચો : સારાંશ કે ખુદાવંદ યસૂઅને તેમની સાથે કલામ કર્યા બાદ આસ્માન પર ઉઠાવવામાં આવ્યા અને ખુદાની જમણી તરફ઼ બેસી ગયા. *(ઈન્જીલ મરકસ, ૧૬/૧૯)*

આ જ વિષયની એક આયત ઈન્જીલ લૌક઼ામાં પણ છે : "પછી તે તેમને બયતે અયનાહની સામે સુધી લઈ ગયો અને પોતાના હાથ ઉઠાવીને તેમને બરકત આપી. જ્યારે તે તેમને બરકત આપી રહ્યો હતો તો એવું થયું કે તેમનાથી અલગ થઈ ગયો અને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યો." *(ઈન્જીલ લૌક઼ા, પ્રકરણ : ૨૪, આ. ૫૦,૫૧)*

જો હઝરત ઈસા علیہ السلام જમીનથી આસ્માનની એ બુલંદીઓ સુધી ઉડયન કરી શકે છે જ્યાં તેઓ ખુદાની જમણી બાજુ બેસી શકે છે, તો તે હસ્તી જેના બુટની દોરીઓ ખોલવાની હસ્રત મસીહ علیہ السلام ને ઉમરભર બેચૈન કરતી રહી તે કેમ આ (મેઅરાજની) સફ઼ર ટૂંકી મુદ્દતમાં પાર ન પાડી શકે.

સૃષ્ટિના વર્તુળના બંને કિનારાઓમાં અંતરનો જે અંદાઝો આઈન્સ્ટાઈને લગાડયો છે અને પ્રકાશની ગતિનો અંદાઝો વર્ણવ્યો છે, આપણને તેને રદ કરવાની જરૂરત નથી. પરંતુ આપણે આઈન્સ્ટાઈનને એ પૂછવાનો તો હક઼્ક઼ ધરાવીએ છીએ કે તેમની પાસે કોઈ ઈલ્મી દલીલ છે જેના પર ભરોસો કરીને તે યક઼ીનની સાથે એવું કહી શકે છે કે પ્રકાશથી અધિક ઝડપી ગતિવાળી અન્ય ચીજ હોય નથી શકતી.

શક્ય છે કે કોઈ અન્ય ચીજ હોય જે પ્રકાશ કરતાં પણ તેજ રફ઼તાર હોય અથવા પ્રકાશની પ્રાકૃતિક ગતિ તો ત્રણ લાખ કિ.મિ. સેકંડ દીઠ હોય, પરંતુ શું એ શક્ય નથી કે કોઈ અન્ય શક્તિ વડે તેની ગતિની ઝડપમાં અધિક વધારો કરી શકાતો હોય જ્યારે એ સર્વ શક્યતાઓ મૌજૂદ છે અને કોઈ વૈજ્ઞાનિકે એનો ઈન્કાર નથી કર્યો તો પછી જેમનો એ અક઼ીદો હોય કે એ અબ્દે કામિલે (પરિપૂર્ણ બંદાએ) પોતે સૈર કરવાનો દાવો નથી કર્યો બલ્કે કહ્યું તો આ પ્રમાણે કહ્યું કે : سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ **"દરેક આજિઝી તથા કમજોરીથી પાક છે તે જાત જેણે પોતાના મહબૂબ બંદાને સૈર કરાવી."** તો આ બાબત પર શું વાંધો થઈ શકે છે ?! શું ફ઼િઝિક્સનો કોઈ સિદ્ધાંત તેનો ઈન્કાર કરી શકે છે ? *(ઝિયાઉલ કુર્આન, ૨/૬૨૬)*

"સુબ્હાન"ના ખુલાસા પછી "અસ્રા" શબ્દના ભાવાર્થ પર પણ વિચારણા કરો. અસ્રા = રાતના સમયે સૈર કરાવવાને કહે છે. લયલન્ પર તન્વીન તક઼લીલ (થોડા)ની છે. એ સફ઼ર રાતના સમયે થયો, તે સફ઼રમાં આખી રાત ખત્મ નથી થઈ બલ્કે રાતના એક ટૂંકા હિસ્સામાં ખૂબ જ ઈત્મિનાન તથા રાહત સાથે આ સફ઼ર કરવામાં આવ્યો. "અસ્રા"નો કર્તા અલ્લાહ તઆલા છે. હુઝૂર ﷺનો ઉલ્લેખ "બિઅ઼બ્દિહી"ના શબ્દ વડે કરવામાં આવ્યો તેની વિવિધ હિકમતો છે. એમાંથી એક તો એ છે કે હુઝૂર ﷺની શાનની આ અજોડ ઉચ્ચતા તથા મહાન મર્તબાને જોઈને કોઈ એ ગલતફ઼હમીમાં ન સપડાય જાય જેવી રીતે કે ઈસાઈ ઈસા علیہ السلام ના કમાલોને

જોઈને સપડાય ગયા હતા. (કે તેઓ આપને અલ્લાહના બંદા તથા તેના રસૂલ કહેવાને બદલે અલ્લાહના પુત્ર કહેવા લાગ્યા હતા) તદ્‌ઉપરાંત મુફસ્સિરોએ લખ્યું છે કે જ્યારે હુઝૂર ﷺ બારગાહે સમદિયતમાં મક઼ામે "ક઼ાબ ક઼ૌસૈન અવ અદના" પર બિરાજમાન થયા તો અલ્લાહ તઆલાએ પૂછયું : بِمَ اُشَرِّفُکَ یَامُحَمَّدُ "હે સરાપા હમ્દો સતાઈશ ! (પ્રશંસા પામેલ) આજે હું તને કયા લક઼બથી નવાઝું ?" હુઝૂરે જવાબમાં અર્ઝ કરી : بِنِسْبَتِیْ اِلَیْکَ بِالْعَبُوْدِیَّۃِ "મને તારો બંદો કહેવાની નિસ્બતથી મુશર્રફ ફર્માવ." *(હવાલો ઉપર મુજબ)*

## મેઅરાજ શરીર સાથે હતી, ખ્વાબમાં નહીં !

એટલા માટે અલ્લાહ તઆલાએ મેઅરાજના ઝિક્ર વખતે એ જ લક઼બનો ઉલ્લેખ કર્યો જે તેના હબીબે પોતાના માટે જાતે જ પસંદ કર્યો હતો. તેમજ "બિઅબ્દિહી"ના શબ્દથી એ પણ સાબિત થાય છે કે આ સફર ખ્વાબમાં નથી કરવામાં આવી અથવા કેવળ રૂહે જ આ બુઝુર્ગી નથી મેળવી બલ્કે રૂહ તથા શરીરે જાગૃતાવસ્થામાં આ સફર કર્યો, કેમ કે "અબ્દ" (બંદા) શબ્દ કેવળ રૂહ પર નથી લાગુ થતો, બલ્કે રૂહ તથા શરીરનાં સમૂહને "અબ્દ" કહે છે.

ખ્વાબમાં તો દરેક વ્યક્તિ લાંબા અંતરો પળવારમાં પાર કરી શકે છે, એના માટે ન ઈન્કાર કરવામાં આવે છે અને ન આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવે છે. પરંતુ હુઝૂર ﷺએ જ્યારે આ બનાવ કાફિરોને સંભળાવ્યો તો તેને સાંભળીને તેમણે એવો હંગામો મચાવ્યો કે ખુદાની પનાહ ! બલ્કે કેટલાય કમજોર ઈમાનવાળા તો મુર્તદ થઈ ગયા. જો હુઝૂરે તેમને બતાવ્યું હોત કે લોકો ! મેં આવો આવો ખ્વાબ જોયો છે તો મુન્કિરોના તરફથી આવા પ્રત્યાઘાત કદી જાહેર ન થાત. اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ "જેથી અમે દેખાડીએ પોતાના બંદાને અમારી કુદરતની નિશાનીઓ." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૧)*

આ શબ્દો વડે આ સફરનો હેતુ વર્ણવ્યો કે આ સફર અમસ્તો જ નથી થયો કે ભાગમ ભાગ કરતાં હુઝૂર ગયા અને એ જ ઉતાવળે પરત આવી ગયા હોય, ન કાંઈ જોયું ન કાંઈ સાંભળ્યું. બલ્કે સૃષ્ટિના પુસ્તકના દરેકે દરેક પાના પર, ગુલશને હસ્તીનાં દરેકે દરેક પાંદડા પર અલ્લાહ તઆલાની કુદરત, અઝમત, ઈલ્મ, તથા હિકમતના જેટલા કરિશ્મા નોંધાયેલ છે સૌને ઉઘાડા કરીને પોતાના મહબૂબ ﷺને દેખાડયા.

હવે તમો જાતે જ વિચારો કે જે લોકો મેઅરાજને ખ્વાબની દુનિયાનો એક બનાવ કહે છે તેમની દૃષ્ટિમાં આ બનાવ અલ્લાહની સુબ્બુહિયત અને પાકીની દલીલ કેવી રીતે બની શકે છે. કુર્આને કરીમના વર્ણનનો અંદાઝ સ્પષ્ટ દર્શાવી રહ્યો છે કે આ બનાવ ખ્વાબનો નથી બલ્કે જાગૃતાવસ્થાનો છે. *(ઝિયાઉન્નબી ﷺના આધારે)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહાન શાન દર્શાવતા આ મો'જિઝાનું વર્ણન આ ટૂંકા લેખમાં શક્ય નથી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબૂબ ﷺને જન્નતની તથા દોઝખની સૈર કરાવી અને આપ علیہ الصلوٰۃ والسلامએ એની વિગતો વિશે, પોતાના મુશાહેદા વિશે અનેક હદીષો રજૂ કરી છે જે કોઈ બીજા પ્રસંગે રજૂ કરીશું ઈન્શા અલ્લાહુ તઆલા ! આ ઉપરાંત બદ્‌અક઼ીદાઓ મેઅરાજ શરીફની તારીખ વિશે તથા અન્ય બાબતો વિશે વાંધાઓ રજૂ કરી પોતાના દિલમાં છુપાયેલી નબીની અદાવતને પ્રદર્શિત કરતા રહે છે તેના રદિયા માટે "અહલે સુન્નતના હક્ક઼નો ચમકાર" કિતાબ અમારી વેબસાઈટ **www.barkatekhwaja.net** પર જરૂરથી વાંચશો અને તમારા ઈમાનને તાજગી આપશો.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَ اَنْتُمْ سُكٰرٰى
حَتّٰى تَعْلَمُوْا مَا تَقُوْلُوْنَ وَ لَا جُنُبًا اِلَّا عَابِرِىْ سَبِيْلٍ
حَتّٰى تَغْتَسِلُوْا ؕ وَ اِنْ كُنْتُمْ مَّرْضٰۤى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ
اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآىِٕطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ فَلَمْ
تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا
بِوُجُوْهِكُمْ وَ اَيْدِيْكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا غَفُوْرًا ﴿۴۳﴾ اَلَمْ
تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يَشْتَرُوْنَ الضَّلٰلَةَ
وَ يُرِيْدُوْنَ اَنْ تَضِلُّوا السَّبِيْلَ ﴿ؕ۴۴﴾ وَ اللّٰهُ اَعْلَمُ
بِاَعْدَآىِٕكُمْ ؕ وَ كَفٰى بِاللّٰهِ وَلِيًّا ٙ۫ وَّ كَفٰى بِاللّٰهِ نَصِيْرًا ﴿۴۵﴾ مِنَ
الَّذِيْنَ هَادُوْا يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ وَ يَقُوْلُوْنَ
سَمِعْنَا وَ عَصَيْنَا وَ اسْمَعْ غَيْرَ مُسْمَعٍ وَّ رَاعِنَا لَيًّۢا
بِاَلْسِنَتِهِمْ وَ طَعْنًا فِى الدِّيْنِ ؕ وَ لَوْ اَنَّهُمْ قَالُوْا سَمِعْنَا وَ
اَطَعْنَا وَ اسْمَعْ وَ انْظُرْنَا لَكَانَ خَيْرًا لَّهُمْ وَ اَقْوَمَ ۙ وَ لٰكِنْ
لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ﴿۴۶﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝની પાસે ન જાવ[૫૪] જ્યાં સુધી એટલું ભાન ન હોય કે જે બોલો તેને સમજો અને ન નાપાકીની હાલતમાં નહાયા વગર. પણ મુસફરીમાં[૫૫] અને જો તમે માંદા હોવ,[૫૬] યા સફરમાં અથવા તમારામાંથી કોઈ કુદરતી હાજતેથી આવ્યો,[૫૭] અથવા તમે સ્ત્રીઓને અડયા,[૫૮] અને પાણી ન મેળવી શક્યા,[૫૯] તો પાક માટીથી તયમ્મુમ કરો[૬૦] તો પોતાના મોઢાંઓ અને હાથોનો મસહ કરો,[૬૧] બેશક ! અલ્લાહ માફ કરનાર ક્ષમા કરનાર (૪૩) શું તમે તેમને જોયા જેમને કિતાબમાંથી એક ભાગ મળ્યો ?[૬૨] ગુમરાહી વહોરી લે છે,[૬૩] અને ઈચ્છે છે કે[૬૪] તમે પણ માર્ગથી ભટકી જાઓ (૪૪) અને અલ્લાહ તમારા શત્રુઓને સારી પેઠે જાણે છે.[૬૫] અને અલ્લાહ પૂરતો છે વાલી, અલ્લાહ પૂરતો છે મદદગાર (૪૫) અમુક યહૂદીઓ કલમાને તેના સ્થાનેથી ફેરવે છે,[૬૬] અને[૬૭] કહે છે, અમે સાંભળ્યું અને ન માન્યું, અને[૬૮] સાંભળો તમે સંભળાવવામાં ન આવો[૬૯] અને 'રાઈના' કહે છે,[૭૦] જબાનો વાંકી વાળીને,[૭૧] અને દીનમાં ટોણાં ખાતર,[૭૨] અને જો[૭૩] તેઓ કહેતે, કે અમે સાંભળ્યું અને

*માન્યું, અને (કહેતે કે) હુઝૂર અમારી વાત સાંભળો અને અમારા પર કૃપા દ્રષ્ટિ રાખો તો તેમના માટે ભલાઈ અને સીધાપણામાં વધારો થાત પરંતુ એમના પર તો એમના કુફ્રના કારણે અલ્લાહે લઅનત કરી, તો યકીન ધરાવતા નથી, પણ થોડું[૭૪] (૪૬)*

**૫૪ : શાને નુઝૂલ** : હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે સહાબાની એક જમાઅતની દઅવત કરી, તેમાં જમણ પછી દારૂ પીરસવામાં આવ્યો, અમુક લોકોએ પીધો, કારણ કે હજુ તે સમય સુધી દારૂ હરામ થયો ન હતો, પછી મગરિબની નમાઝ પઢયા, ઈમામ નશાની હાલતમાં قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ - اَعْبُدُ مَا تَعْبُدُوْنَ - وَاَنْتُمْ عٰبِدُوْنَ مَاۤ اَعْبُدُ પઢી ગયા, ને બંને જગ્યાએ "લા" છોડી દીધો, નશાના કારણે ખબર ન પડી અને અર્થ બદલાઈ ગયો. ત્યારે આ આયત ઉતરી અને તેમને નશાની હાલતમાં નમાઝ પઢવાની મનાઈ કરવામાં આવી. ત્યારે મુસલમાનોએ નમાઝના સમયે દારૂ પીવાનું બંધ કર્યું, ત્યાર પછી દારૂ તદ્દન હરામ કરવામાં આવ્યું.

**મસ્અલો** : આનાથી પુરવાર થયું કે જો નશાની હાલતમાં માણસ કુફ્રી કલમો બોલી કાઢે તો કાફિર થતો નથી. એટલા માટે કે قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَમાં બંને જગ્યાએ "લા" છોડી દેવું કુફ્ર છે, છતાં એવી હાલતમાં હુઝૂર ﷺએ તેમના પર કુફ્રનો હુકમ લાગુ પાડયો નહીં. બલ્કે કુર્આન મજીદમાં તેમને يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا દ્વારા સંબોધન કરવામાં આવ્યું.

**૫૫** : જ્યારે પાણી ન પામો તો તયમ્મુમ્ કરી લો.

**૫૬** : અને પાણીનો ઉપયોગ હાનિકર્તા હોય.

**૫૭** : આ ઈશારો છે બેવઝૂ હોવા તરફ.

**૫૮** : અર્થાત સંભોગ કર્યો.

**૫૯** : તેના વપરાશ માટે શક્તિમાન ન હોવાના કારણે, અથવા પાણી ઉપસ્થિત ન હોવાથી, અથવા દૂર હોવાના કારણે, અથવા તેને મેળવવાનું સાધન હોવાથી, અથવા સાપ માનવભક્ષી પ્રાણી, દુશ્મન વગેરે કોઈ નડતર રૂપ વસ્તુ હોવાને લઈને.

**૬૦** : આ હુકમ બીમારો, મુસાફરો, બેવઝૂ અને ગુસલવાળાઓને પણ સમાવિષ્ટ કરે છે, જેઓ પાણી મેળવી ન શકતા હોય, કે પછી તેને વાપરવા અશક્તિમાન હોય. *(મદારિક)*

**મસ્અલો** : હૈઝ અને નિફાસથી પાક થવા માટે પણ પાણી માટે અશક્તિમાન હોવાની હાલતમાં તયમ્મુમ જાઈઝ છે, જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે.

**૬૧ : રીત** : તયમ્મુમ કરનાર દિલથી પાક થવાની નિય્યત કરે, **તયમ્મુમમાં** ઉલમાની એકમતીથી **નિય્યત શર્ત (અનિવાર્ય) છે,** કારણ કે તે નસથી સાબિત છે. જે વસ્તુ મટોડીના પ્રકારની હોય, જેમ કે ધૂળ, રેતી, પથ્થર એ તમામ પર તયમ્મુમ જાઈઝ છે ભલે પછી પથ્થર પર ધૂળ ન પણ હોય. પણ એ વસ્તુઓનું પાક હોવું જરૂરી છે. તયમ્મુમમાં બે વાર હાથ જમીન પર મારવાના છે, પહેલી વખતે મારીને મોઢા પર ફેરવે, બીજીવાર હાથો પર.

**મસ્અલો** : પાણીથી પાકી હાંસલ કરવી એ જ મૂળ પાકી છે, પણ પાણી માટે અશક્તિમાન હોવાની હાલતમાં તયમ્મુમ પાણીનું પૂરેપૂરું નાયબ છે. જેવી રીતે હદસ (બેવઝૂ હોવું અથવા ગુસ્લ વાજિબ હોવું) પાણીથી દૂર કરી શકાય છે, એવી જ રીતે તયમ્મુમથી પણ દૂર કરી શકાય છે. એટલે સુધી કે **એક જ તયમ્મુમથી અનેક ફર્ઝો અને નવાફિલ પઢી શકાય છે.**

**મસ્અલો** : તયમ્મુમવાળા પાછળ વુઝૂ અને ગુસ્લવાળાની ઈક્તિદા (તેને ઈમામ બનાવી તેના

પાછળ નમાઝ પઢવી) સહીહ છે.

**શાને નુઝૂલ** : બની મુસ્તલકની લડાઈમાં જયારે ઈસ્લામી સૈન્ય એક મેદાનમાં ઉતર્યું, જયાં પાણી ન હતું, અને સવારમાં ત્યાંથી આગળ ધપવાનો ઈરાદો હતો, એવામાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاનો હાર ખોવાઈ ગયો. તેને શોધવા માટે સૈયદે આલમ ﷺ ત્યાં રોકાયા, સવાર થઈ પણ ત્યાં પાણી ન હતું. અલ્લાહ તઆલાએ ત્યારે તયમ્મુમની આયત ઉતારી. ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہએ કહ્યું, હે અબૂબક્રની ઔલાદ ! આ તમારી પહેલી જ બરકત નથી. અર્થાત તમારી બરકતથી મુસલમાનો માટે ઘણી સરળતાઓ થઈ; અને ઘણા ફાયદાઓ પહોંચ્યા. પછી જયારે ઊંટ ઉઠાડવામાં આવ્યું, ત્યારે તેની નીચેથી હાર મળ્યો.

હાર ખોવાઈ જવામાં અને સૈયદે આલમ ﷺએ તેનો પતો ન બતાડવામાં ઘણા રહસ્યો છે. હઝરત સિદ્દીકા رضی اللہ عنہاના હાર ખાતર રોકાવું, તેમની શ્રેષ્ઠતા અને દરજ્જો જાહેર કરે છે. સહાબાનું તેને શોધવું એ પ્રતિ નિર્દેશ કરે છે કે હુઝૂર ﷺની બીબીઓની સેવા મો'મિનો માટે અહોભાગ્ય છે. અને પછી તયમ્મુમનો હુકમ ઉતરવો, એ બતાવે છે કે હુઝૂર ﷺની બીબીઓની સેવાનો બદલો એવો સારો મળે છે કે જેનાથી કયામત સુધીના મુસલમાનો લાભ ઉઠાવશે. સુબ્હાનલ્લાહ !

**૬૨** : તે એ કે તૌરાતમાંથી તેમણે માત્ર મૂસા علیہ السلامની નબુવ્વત ઓળખી, અને તેમાં સૈયદે આલમ ﷺનું જે વર્ણન હતું, તેનાથી વંચિત રહ્યા, અને આપની નબુવ્વતના ઈન્કારી થયા.

**શાને નુઝૂલ** : આ આયત રુકાઆ બિન ઝૈદ અને માલિક બિન દુખશમ નામના યહૂદીઓ વિશે ઉતરી, આ બંને જયારે હુઝૂર ﷺ સાથે વાત કરતા, ત્યારે જીભ વાંકી વાળીને બોલતા હતા.

**૬૩** : હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નબુવ્વતનો ઈન્કાર કરીને.

**૬૪** : અને તેણે તમને પણ તેમની શત્રુતા વિશે ખબરદાર કરી દીધા. તો હવે તમારે તેમનાથી બચતું રહેવું જોઈએ.

**૬૫** : અને જેનું કામ બનાવનાર અલ્લાહ હોય તેને શાનો ભય ?

**૬૬** : જે તૌરાતમાં અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની શાનમાં ફર્માવ્યાં.

**૬૭** : જયારે સૈયદે આલમ ﷺ કાંઈક હુકમ સંભળાવે છે ત્યારે.

**૬૮** : કહે છે.

**૬૯** : આ વાક્ય દ્વિઅર્થી છે. વખાણ અને બુરાઈ બંને અર્થો ધરાવે છે. વખાણ એ અર્થમાં કે, "કોઈ અગણમતી વાત તમને સંભળાવવામાં ન આવે" અને બુરાઈનો અર્થ એ રીતે કે "તમને સાંભળવાનું ભાગ્ય ન સાંપડે."

**૭૦** : એ શબ્દ પ્રયોગની મનાઈ કરવામાં આવી હોવા છતાં, કારણ કે એ એમની બોલીમાં કુઅર્થ ધરાવે છે.

**૭૧** : હક્કથી બાતિલ (અસત્ય) તરફ.

**૭૨** : કારણ કે તેઓ પોતાના સાથીઓને કહેતા હતા કે અમે હુઝૂર ﷺની બદ્ગોઈ કરીએ છીએ, જો આપ નબી હોત તો એ જાણી લેત. અલ્લાહ તઆલાએ હૃદયોના મેલને જાહેર કરી દીધો.

**૭૩** : ઉપરોક્ત શબ્દોને બદલે અદબવાળાઓની જેમ.

**૭૪** : એટલું જ કે અલ્લાહે તેમને પેદા કર્યા, અને રોજી આપી અને આટલુ પૂરતું નથી, જયાર સુધી કે ઈમાનને લગતી બધી વાતો ન માને અને તમામની સત્યતા જાહેર ન કરે.

# દર્સે હદીષે પાક — મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈ'મી અશરફી બદાયૂની عَلَيْهِ رَحْمَةُ الرَّحْمٰن

**કાર્યાલય**

*હઝરત ઉષ્માન رَضِيَ اللّٰهُ عَنْهُ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم એ ફર્માવ્યું કે* **જે અલ્લાહના માટે મસ્જિદ બનાવશે અલ્લાહ તેના માટે જન્નતમાં ઘર બનાવશે[1]**. *(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે મસ્જિદ બનાવવાવાળા માટે જન્નતમાં એવું ઘર બનાવવામાં આવશે જે ત્યાં અન્ય ઘરો કરતાં એવું અફઝલ હશે જેવી રીતે કે મસ્જિદ દુનિયાનાં બીજા ઘરો કરતાં, એવું અફઝલ હશે જેવી રીતે કે મસ્જિદ દુનિયાનાં બીજા ઘરો કરતાં અફઝલ હોય છે, નહીં તો જન્નતના ઘરોને અહીંની ઈમારતો સાથે શું નિસ્બત ?! યાદ રાખશો કે પૂરી મસ્જિદ બનાવવામાં કે મસ્જિદના બાંધકામમાં ચંદો આપવો બંને માટે એ જ બશારત છે, શર્ત એ કે રિયા (દેખાડા) માટે ન હોય, અલ્લાહના માટે હોય. એટલા માટે ઉલમા મસ્જિદ પર પોતાનુ નામ લખવાની મનાઈ કરે છે, કે એમાં દેખાડાનો અંદેશો છે, હા ! જો દુઆ પામવાના હેતુથી હોય તો વાંધો નથી. *(મિર્કાત)* આ જ હદીષની બિના પર સહાબાએ કિરામ તેમજ ઈસ્લામી બાદશાહો એ પોતાની યાદગારોમાં મસ્જિદો છોડી. મસ્જિદ નાની હોય કે મોટી, કાચી હોય કે પાકી સવાબ ઈખ્લાસના મુજબ છે.

*હઝરત અબૂ હુરૈરહ رَضِيَ اللّٰهُ عَنْهُ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم એ ફર્માવ્યું કે મારા ઘર તથા મારા મિમ્બરની વચ્ચે[1] જન્નતના બાગોમાંથી એક બાગ છે[2] અને મારો મિમ્બર મારા હોજ પર છે.[3] (મુસ્લિમ, બુખારી)*

**૧.** અમુક રિવાયતોમાં છે કે મારી કબર અને મારા મિમ્બરની દરમિયાન, અમુક રિવાયતોમાં છે કે મારા હુજરા (ઓરડા) તથા મુસલ્લાની દરમિયાન, પણ દરેકનો અર્થ એક જ છે. કેમ કે હુઝૂર અન્વર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم નું ઘર, હુજરા શરીફ તથા કબ્રે અન્વર એક જ જગા છે અને મુસલ્લો એટલે કે મેહરાબુન્નબી અને મિમ્બર શરીફ તદ્દન જોડાયેલ છે, જેવું કે ઝિયારત કરનારાઓને ખબર છે.

**૨.** એટલે કે આ જગા પહેલાં જન્નતનો બાગ હતી ત્યાંથી લાવવામાં આવી. અલ્લાહે ખલીલને જન્નતનો સંગે અસ્વદ અતા કર્યો અને પોતાના હબીબના માટે જન્નતનો બાગ મોકલ્યો. અથવા આ જ જગા કાલે જન્નતનો બાગ બનશે, અથવા જે અહીં આવી ગયો તે જાણે જન્નતના બાગમાં આવી ગયો કે ભવિષ્યમાં એની બરકતથી જન્નતમાં જરૂર જશે અથવા આ જગા જન્નતના બાગની જેમ છે. યાદ રાખશો કે હુઝૂર અન્વર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم એ ઝિકુલ્લાહના હલકાઓને અને મો'મિનની કબ્રને જન્નતનો બાગ કહ્યો છે. ત્યાં પણ ઘણા બધા ખુલાસા છે.

**૩.** અહીં પણ તે જ ખુલાસાઓ છે કે આ જગાએ પહેલાં મારી હોજ હતી ત્યાંથી અહીં લાવવામાં આવી, અથવા ભવિષ્યમાં હોજના કિનારા પર હશે અથવા હવે હોજના કિનારા બરાબર છે, અથવા જેને એનો બોસો નસીબ થઈ જાય તે જાણે મારા હોજ પર પહોંચી ગયો. યાદ રાખશો કે મિમ્બરથી મુરાદ મિમ્બરની જગા છે, ત્યાં મિમ્બર ગમે તે પ્રકારનો હોય. તેમજ કા'બાનો સંગે અસ્વદ અને રુકને યમાની અને મદીનાપાકની આ જગા જો કે જન્નતથી આવી છે પરંતું ત્યાંની તે ખૂબસૂરતી તથા રોનકને ખત્મ કરી દેવામાં આવે છે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ સવાર સાંજ મસ્જિદે જાય, જ્યારે કદી સવારે અથવા સાંજે મસ્જિદે જશે તેના માટે અલ્લાહ જન્નતની મહેમાનીનો સામાન બનાવશે[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** સવાર સાંજની મુરાદ હમેશગી છે, એટલે કે જે હમેશાં નમાઝ માટે મસ્જિદે જવાની આદતોવાળો હશે તેને હમેશાં જન્નતી રિઝ્ક઼ મળશે. ખાણાને نُزُل ફર્માવવામાં આવ્યું, નહીં તો જન્નતી લોકો ત્યાં મહેમાન હશે નહીં, માલિક હશે.

*હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કે લોકોમાં નમાઝનો સવાબ પામનારો તે છે જેનો રસ્તો લાંબો હોય, પછી તે જેનો રસ્તો લાંબો હોય[૧]. (મુસ્લિમ, બુખારી) અને જે નમાઝની રાહ જુએ ત્યાં સુધી કે ઈમામની સાથે પઢે, તેનો સવાબ તેનાથી વધુ છે જે નમાઝ પઢે પછી સૂઈ જાય[૨]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જેનુ ઘર પોતાની મસ્જિદથી દૂર હોય પછી તે મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢયા કરે તેને ક઼દમોના બરાબર સવાબ મળશે, એ મતલબ નહીં કે મહોલ્લાની મસ્જિદ છોડીને ફોગટમાં દૂરની મસ્જિદમાં પહોંચ્યા કરે. હા ! જો મહોલ્લાની મસ્જિદનો ઈમામ બદ અક઼ીદા છે તો અન્ય જગાએ જઈ શકે છે.

**૨.** ચાહે એકલા નમાઝ પઢીને અથવા બીજા ઈમામની પાછળ જમાઅતથી નમાઝ પઢીને. કેમ કે જમાઅતે અવ્વલનો સવાબ વધુ છે, અને જમાઅતે અવ્વલ તે જ છે જે મસ્જિદના ઈમામની સાથે પઢવામાં આવે. હા ! જો તે ઈમામ મકરૂહ સમયમાં નમાઝ પઢતો હોય તો એકલો જ પઢી લે. જેવું કે વર્ણન થયેલ હદીષોમાં આવી ગયું.

*હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મસ્જિદની આસપાસ કેટલાંક મકાનો ખાલી થયાં તો બનૂ સલમાએ ચાહ્યું[૧] કે મસ્જિદની નજીકમાં આવીને વસે[૨]. આ ખબર હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم ને પહોંચી તો આપે તેમને ફર્માવ્યું, મને ખબર પહોંચી છે કે તમે મસ્જિદની નજીક આવીને વસવા ચાહો છો ? બોલ્યા, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે આ ઈરાદો તો કર્યો છે. ફર્માવ્યું, હે બનૂ સલમા ! તમારા ઘરોમાં જ રહો, તમારા ક઼દમોના નિશાન લખવામાં આવી રહ્યા છે. તમારાં ઘરોમાં જ રહો, તમારા નક઼્શે ક઼દમ લખવામાં આવી રહ્યા છે[૩]. (મુસ્લિમ)*

**૧.** આ અન્સારનો એક ક઼બીલો છે જેમનાં ઘર મસ્જિદે નબવીથી ઘણા દૂર હતાં.

**૨.** એટલે કે લોકોએ એવી કોશિશ ન કરી કે પોતાના મહોલ્લામાં અગલ મસ્જિદ બનાવી લે, બલ્કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ની પાછળ નમાઝના માટે પોતાનાં ઘરો છોડી દેવાનું અને મહોલ્લો ખાલી કરી દેવાનું માન્ય કરી લીધું.

**૩.** તમારા આમાલનામામાં સવાબના માટે, કેમ કે મસ્જિદની તરફ દરેક ક઼દમ ઈબાદત છે અથવા તમારી આ તકલીફોનું વર્ણન હદીષની કિતાબોમાં તથા ઉલમાની કિતાબોમાં લખવામાં આવશે, વાઈઝ કરનારા એના પર વઅઝ કર્યા કરશે. જેઓ તમારા વાક઼િઆ સાંભળીને દૂરથી મસ્જિદે આવ્યા કરશે તે સૌનો સવાબ તમને મળ્યા કરશે. યાદ રાખશો કે ઘરનું મસ્જિદથી દૂર હોવું મુત્તક઼ીના માટે સવાબનો સબબ છે કે તે દૂરથી જમાઅતના માટે આવશે, પણ ગાફિલોના માટે સવાબથી મેહરૂમી છે કેમ કે તે દૂરીના કારણે ઘરમાં જ પઢી લીધા કરશે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે મન્હૂસ છે તે ઘર જેમાં અઝાનનો અવાજ ન આવે. એટલે કે ગાફિલો માટે ઘરની દૂરી નહૂસત છે.

# ફુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

## ગૌષપાકرضی اللہ عنہના વાઅઝોનો સંગ્રહ

હપ્તો : ૦૧

❑ શરહકર્તા ❑
શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ
❑ ઉર્દૂ અનુવાદક ❑
મૌલાના ઝહૂર અહમદ જીલાની–પાક.
❑ ગુજરાતી અનુવાદક ❑
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*“સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય.”*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

### પ્રસ્તાવના

"ફુતૂહુલ્ ગયબ" હુઝૂર ગૌષુષ્ષક્લૈન શયખ અબ્દુલ કાદિર જીલાની قُدِّسَ سِرُّہُ الۡعَزِیۡزُની ખૂબ જ બરકતવંત કિતાબ છે જેનો એક એક શબ્દ મઆરિફથી પુર તથા દરેક વાતો અસ્રારો રુમૂઝ (રહસ્યો)નો કિનારા વગરનો સમુદ્ર છે. હઝરત સુલ્તાને મુલ્કે વિલાયતે તૌહીદની હકીકત, રિસાલતનો ઈર્ફાન, તવક્કુલ તથા ઈકાન (યકીન), ઈમાનનો તકાઝો, મર્તબએ ઈન્સાન જિસ્મ તથા જાન દરેક પ્રકારની ઈર્ફાની તથા રૂહાની ચર્ચાઓ તથા ફુતૂહાતથી આ અજોડ કિતાબને સજજ કરેલ છે.

સિલસિલએ આલિયા કાદરિયા તથા સિલસિલાના મશાઈખનો મિજાઝ જો હકીકી અર્થમાં સમજવો હોય તો આ કિતાબનો અભ્યાસ મુસ્તકિલ બુનિયાદો પર જીવનના મામૂલાતનો હિસ્સો બનાવી લેવો જોઈએ.

મક્કા શરીફમાં આજથી લગભગ ૪૦૦ વરસો પહેલાં એક શયખે તરીકત તથા મોહદ્દિષે કબીર રહેતા હતા જેમનું નામ મુબારક શયખ અબ્દુલવહાબ મુત્તકી رحمۃ اللہ علیہ હતું. તેમણે પોતાના એક કાબિલે ફખ્ર શાગિર્દ તથા મુરીદ શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہથી ફર્માવ્યું કે, "ફુતૂહુલ્ ગયબ" હાંસલ કરીને તેનો અભ્યાસ ખૂબ લગન સાથે કરો.

શયખ મુહક્કિક ઈમામ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૫૨)એ આ કિતાબની તલાશ શરૂ કરી જે છેવટે તેમને હિંદુસ્તાનના એક કાદરી બુઝુર્ગના થકી મળી ગઈ.

અને પછી સિલસિલએ આલિયા કાદરિયાના એક અન્ય બુઝુર્ગ હઝરત શાહ અબુલ મઆલી કાદરી કિર્માની–લાહોર (વફાત : હિ.સ. ૧૦૨૪)ના ઈર્શાદ તથા ફર્માનનું પાલન કરતાં શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ આ લાજવાબ કિતાબની સમજૂતી તથા તર્જુમો ફારસી ભાષામાં કરી આપ્યો.

શયખ મુહક્કિક પોતે હઝરત શાહ અબુલ

મઆલીથી કમાલ દરજાની અક઼ીદત ધરાવતા હતા. "શરહે મિશ્કાત અશિઅતુલ લમ્આત" પણ હઝરત બાબા શાહ અબુલ મઆલીથી કમાલ કક્ષાની અક઼ીદત ધરાવતા હતા. શરહે મિશ્કાત અશિઅતુલ લમ્આત પણ હઝરત બાબા શાહ અબુલ મઆલી رحمۃ اللہ علیہના કહેવા પર લખવામાં આવી હતી.

આ શરહ હિંદુસ્તાનમાં અનેક વાર પ્રકાશિત થઈ. નવિન કિશોર લખનૌ પ્રેસથી અને ત્યાર બાદ ઈ.સ. ૧૯૧૮માં પ્રકાશિત થઈ. અને એ જ કિતાબ ૧૯૯૭માં નૂરીયા રઝવિય્યહ પબ્લિશિંગ કંપની તરફથી લાહોરમાં પ્રસિદ્ધ થઈને શોખવાળાની પ્યાસ બુઝાવવાનો સબબ બની.

પ્રસ્તુત ઉર્દૂ તર્જુમો "શરહે ફુતૂહુલ ગયબ" અલ્લામા મુહમ્મદ અસ્લમ શહઝાદ સાહબ સુફ્ફા એકેડમી–લાહોરની નિગરાનીમાં પ્રસિદ્ધ કરવાની નેકબખ્તી હાંસલ કરી રહ્યા છીએ. અનુવાદક (ઉર્દૂ) મૌલાના ઝહૂર અહમદ જીલાની مدظلہ العالی આ નેકનસીબીથી બરકતવંત થઈને મુબારકબાદને પાત્ર ઠર્યા છે. મૌલાના ઈકરમુલ્લાહ ઝાહિદે પ્રુફ રીડિંગ થકી ફયઝો તથા બરકતોમાંથી હિસ્સો હાંસલ કર્યો છે.

લખનારને પણ આ નેક કામમાં હિસ્સો લેવાનો મોક઼ો મળ્યો, એટલે કે સંપૂર્ણ કરવાની તૌફીક઼ અંતિમ ત્રણ પાનાંના અનુવાદના રૂપમાં નસીબ થઈ. રબ્બે ક઼ાદિર ક઼દીરના કરમથી અબ્દે ક઼ાદિરના ઈર્શાદ ફર્માવેલ અસ્રારો મઆરિફ કિતાબ સ્વરૂપમાં આપ સુધી પહોંચી રહેલ છે. મૌલાએ કરીમ عزوجل આ કોશિશને લેખક, અનુવાદક, શરહકર્તા તથા પ્રકાશકની તરફથી ક઼બૂલ તથા મંઝૂર ફર્માવીને નજાતનો ઝરીયો બનાવે. (આમીન)

*–મુહમ્મદ શહઝાદ મુજદ્દિદી સૈફી,*
*દારુલ ઈખ્લાસ, ૪૯–રેલ્વે રોડ, લાહોર*

સર્વ વખાણો ખુદાએ عزوجلના માટે સાબિત છે કે જે તમામ જહાનોનો પરવરદિગાર છે[૧]. અવ્વલ તથા આખિરમાં[૨] જાહેર તથા બાતિન (અંતર)માં[૩] તેની મખ્લૂક઼ની સંખ્યા બરાબર અને તેનાં અસ્મા (નામો) તથા સિફતો (ખૂબીઓ)ની[૪] માત્રાના પ્રમાણે. તેના અર્શે અઝીમના વજનના બરાબર અને તેની રઝાના બરાબર જેવી રીતે કે તે ઝાતે કરીમ કામિલુસ્સિફાત (સંપૂર્ણ ખૂબીઓવાળો) રાજી થાય, અને દરેક એકી તથા બેકીની ગણત્રીના બરાબર[૫] દરેક ખુશ્કોતર (લીલા સૂકા) બરાબર[૬].

અને જે કાંઈ આપણા પરવરદિગારે તક઼દીર કર્યું, પેદા કર્યું અને ફેલાવ્યું[૭] અથવા હમેશાં હમેશ તથા પાકીઝા હમ્દ[૮]થી વધીને એટલે કે તે જેણે સર્વ ચીજોને પેદા કરી, પછી તેની પેદાઈશ, શક઼લો સૂરતના સર્જનને સીધુ તથા બરાબર કર્યુ[૯] તક઼દીર તથા અંદાઝ કર્યો[૧૦]અને તેમની રહનુમાઈ કરી[૧૧].

તે ઝાત જેણે દિલો તથા શરીરોને જિંદગી તથા મૌત આપ્યું, હસાવ્યા તથા રડાવ્યા[૧૨] અમુકને પોતાની ફઝ્લો રહ઼મતની બારગાહની નજીક કર્યા અને ઘણા જ નજીક કર્યા[૧૩] એક પર મહેરબાની કરી અને બીજાને બેઈજ્જત કર્યો, ખવડાવ્યું અને પીવડાવ્યું[૧૪] એકને નેક બખ્ત કર્યો અને બીજાને બદ્‌બખ્ત. એક પર બખ્શિશ કરી અને બીજાને મેહરૂમ રાખ્યો. જેના હુકમથી સાત ક઼વી તથા મજબૂત આસ્માન ક઼ાયમ છે[૧૫] પહાડ સાબિત તથા અડગ છે જેવી રીતે પાણી પર લંગર હોય અને ખીલાઓની જેમ જમીન ખોસી આપેલ હોય, અને બિછાયેલ જમીનની ફર્શ આરામ તથા સુકૂન પામે છે.

તો ઝાતે હક્ક઼ عزوجلની રહ઼મત તથા મગફેરતથી કોઈને નિરાશ નથી કરવામાં આવ્યો અને કોઈ તેની છુપી તદબીરો, આઝમાઈશો તથા આફતોથી[૧૬] તેના હુકમો તથા ફર્માનોને લાગુ કરવાથી મામૂન (બેખૌફ) નથી, અને કોઈ શખ્સ તેની બંદગીથી શરમ નથી

મહેસૂસ કરતો, અને ન તો તેની નેઅમતથી કોઈ ખાલી છે. તેની અતા તથા નેઅમતથી નવાઝવાના કારણે તથા મહેરબાની કરવા પર તેની તારીફ (પ્રશંસા) કરવામાં આવી છે. અને બલા તથા તકલીફના રોકી લેવા પર શુક્રિયા અદા કરવામાં આવ્યો છે[૧૭].

તેના પછી દુરૂદ તથા રહમત[૧૮] નાઝિલ થાય અલ્લાહના બરગુઝીદા નબી હઝરત મુહમ્મદ ﷺ પર કે જે શખ્સે આપના લાવેલા દીનનું અનુસરણ કર્યું તે હિદાયત પામી ગયો. અને જે શખ્સે આપનાથી અને આપના દીનથી મોં ફેરવ્યું તે બર્બાદ થઈ ગયો. તે સાદિક઼ તથા મસ્દૂક઼ નબી છે[૧૯].

દુનિયાની ખ્વાહિશ નથી રાખતા[૨૦] રફીકે આ'લાના તાલિબ[૨૧] અને તેના તરફ રાગિબ (આકર્ષાયેલા) છે. તે પરવરદિગારે આલમની સર્વ મખ્લૂક઼માં ચહીતા અને સર્વ મખ્લૂક઼માં ચૂંટી કાઢેલા છે જેમના આગમનથી દીને હક઼્ક઼ે મજબૂતી તથા અડગતા પામી અને આપના ઝહૂરથી બાતિલ જતો રહ્યો[૨૨] પછી આપના પર કામિલ તથા પાકીઝા બરકતો અને અધિકથી અધિકતર રાહત હમેશાં હમેશાં માટે થાય. અને દુરૂદો સલામ થજો આપની પાકીઝા આલ તથા અસ્હાબ તથા એહસાનની સાથે તેમનું અનુસરણ કરનારાઓ પર જેઓ પોતાના કિરદારમાં મખ્લૂક઼માં ખૂબ જ પ્રમાણમાં નેક, વાણીમાં ખૂબ જ પ્રમાણમાં સાચા અને રાહે મક઼સૂદ સુધી પહોંચમાં અને તેના પર ચાલવાના એતબારથી ઘણા જ દુરુસ્ત છે[૨૩].

તો દરેક વખતે અમારા રૂદન કાકલૂદી તથા દુઆ અને સર્વ સમયો તથા હાલતોમાં અમારો રુજૂઅ એની તરફ છે જે અમારો પરવદિગાર અને અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં લાવનાર છે. અમને દુરુસ્ત અંદાઝ મુજબ પેદા કરનારો, ખવડાવનાર, પીવડાવનાર, નફો તથા નુકસાન આપનાર, જાહેરી આફતોથી સુરક્ષિત અને દુનિયા તથા આખેરતમાં બાતિની ખતરાઓથી સંભાળ રાખનાર, શારીરિક તથા રૂહાની હયાતની સાથે જીવંત કરનાર અને સર્વ રંજમય તથા ગમગીન કરનારી ચીજોને અમારાથી દૂર તથા દફેઅ કરનાર છે.

આ સર્વ નેઅમતો તેની રહ્‌મત, મહેરબાની, બખ્શિશ અને એહસાન કરવાથી તથા હમેશાં હિફાઝતમાં રાખવાથી છે. તે વાણી તથા વર્ણન, છુપા તથા જાહેર, પ્રદર્શિત થયેલ તથા છુપાયેલ, સખ્તી તથા સુસ્તી, તંગી તથા છૂટછાટ અને નરમી તથા ગરમી[૨૪] માં હિફાઝત કરે છે. તે જે ચાહે છે કરે છે, જે ચીજના વિશે ચાહે છે હુકમ આપે છે. અન્ય પર છુપી ચીજોને જાણે છે.

લગ્ઝિશો, ફર્માબરદારીઓ, ઈબાદતો અને દરેક હાલ તથા દરેક કામથી વાકેફ છે. અવાજોને સાંભળે છે. કોઈ તકરાર કે ખચકાટ વિના જે શખ્સના માટે જે ચીજના માટે ઈરાદો કરે છે તેની દુઆ ક઼બૂલ ફર્માવે છે[૨૫].

હમ્દો સલાત અને રૂદન આજીજી તથા દુઆના બાદમાં કહું છું કે રાત દિવસની દરેક ઘડી[૨૬] દરેક પળે, દિલના દરેક વસવસાઓ તથા દરેક હાલમાં ક્રમે ક્રમે બંદાઓ[૨૭] પર અલ્લાહ તઆલાની ઘણી જ નેઅમતો છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا "અને જો અલ્લાહની નેઅમતો ગણો તો ગણત્રી નહીં કરી શકો." *(સૂ. નહલ, ૧૬/૧૮)* તેમજ ફર્માવ્યું : وَمَا بِكُمْ مِّنْ نِّعْمَةٍ فَمِنَ اللّٰهِ "અને તમારી પાસે જે નેઅમત છે સૌ અલ્લાહની તરફથી છે." *(સૂ. નહલ, ૧૬/૫૩)* અલ્લાહ તઆલાની નેઅમતોની ગણત્રી કરવા માટે ન મારામાં શક્તિ છે અને ન તો દિલ તથા જીભને એ શક્તિ પ્રાપ્ય છે કે આ બારામાં કામ આવી શકે. એ નેઅમતોની ગણત્રી નથી થઈ શકતી.

હું કહું છું : અને દિમાગો એને નથી બાંધી (સમાવી) શક્તાં, દિલ ઘેરાવ કરવાથી લાચાર છે અને જીભ વર્ણન કરવાથી આજિઝ છે. તો આ સર્વ નેઅમતોથી જેની તાબીરના માટે જીભને, પ્રદર્શિત કરવા માટે વાતને, લખવા માટે આંગળીઓને અને તેની તફસીર તથા તશરીહ (ખુલાસા) માટે બયાનને

અલ્લાહ તઆલાએ કુદરત (શક્તિ) આપી અને ફુતુહૂલ ગયબથી જાહેર થનારા કલેમાતમાંથી અમુક તે છે જે હઝરત ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہએ વર્ણવ્યાં કે તે આલમે ગૈબની ફુતૂહથી (ગયબો જાહેર થવાથી) મારી ઉપર જાહેર થયાં અને લોકોનાં દિલમાં બેસી ગયાં અને મકાનને ભરી દીધું[૨૮]. પછી હ઼ાલ તથા ક઼ાલની મુવાફેક઼ત જાહેર થઈ[૨૯]. તો અલ્લાહ તઆલાએ પોતાની ખાસ હિફાઝતની નેઅમતથી એ કલામને જાહેર (જીભ તથા કલમની ટોચ પર) લાવવાની તૌફીક઼ બખ્શી. અને મખ્લૂક઼ાતના પરવરદિગારની રહમત એ થઈ કે વાણીની શુદ્ધિમાં ગલતીને માર્ગ ન મળ્યો અને મુરીદો તથા રાહે હક઼ીક઼તના તાલિબોને દરમિયાની રાહની નિકટતર લાવવા તરફ દલીલ ઠરી. હઝરત શયખ رضی اللہ عنہ પર અલ્લાહ તઆલા રાજી થયો અને શયખને પોતાનાથી રાજી કરી દીધા.

---

*૧. એટલે કે આલમે મલકો મલકૂત, જિન્ન તથા માનવ, પ્રાણી, વનસ્પતિ, પથ્થર તથા સર્વ માનવ વ્યક્તિનો. દરેક માનવ વ્યક્તિ દેખાવમાં આલમે સગીર અને હક઼ીક઼તમાં આલમે કબીર છે.*

*૨. એટલે કે શરૂથી અંત સુધીમાં અથવા શરૂ તથા હમેશાંમાં, અથવા દુનિયા તથા આખેરતમાં અથવા દરેક કામની શરૂઆત તથા છેવટમાં.*

*૩. એટલે કે દિલમાં તથા ઝબાન પર, અથવા રૂહો તથા શકલોમાં અથવા ઝહૂરના પછી મર્તબાએ ખાલિક઼િયતમાં અથવા ઝહૂરથી પહેલાં ગર્ભના દરેક હાલમાં, અહદિયતના મર્તબામાં.*

*૪. અથવા કલામે ક઼દીમ તથા તેના અર્થો તથા નિર્દેશો.*

*૫. એટલે કે સૃષ્ટિની વ્યક્તિઓના બરાબર, કેમ કે સૃષ્ટિની સર્વ વ્યક્તિઓ ચાહે બુલંદીઓથી હોય પસ્તીઓથી, એકી તથા બેકીના ઝુમરામાં આવે છે.*

*૬. ખુશ્ક઼ વ તર અસલમાં કિતાબે મુબીનમાં વર્ણવેલ સર્વ સાબિત મા'લૂમાતથી કિનાયહ છે.*

*૭. خَلَقَ અને ذَرَءَ તથા بَرَءَ ત્રણેવ શબ્દો શબ્દકોશમાં એક જ અર્થમાં વપરાય છે. خَلَقَ માં તકદીર તથા અંદાઝો કરવાનો અર્થ છે, ذَرَءَ માં પ્રસિદ્ધ કરવાના તથા પરેશાન કરવાનો અર્થ અને بَرَءَ માં ઘેરવાનો તથા નવેસરથી પેદા કરવાનો અર્થ જોવા મળે છે. એટલા માટે ઉલમાએ કહ્યું કે ઈસ્મ (નામ) اَلْبَارِی નો અર્થ ખાલિકે બેમિષાલ છે. એટલે કે મખ્લૂક઼ાતને પેદા કરવાવાળો એના વિના કે જેની કોઈ મિષાલ કે નમૂનો હતો કે તેને જોઈને એ જ પ્રમાણે કોઈ મખ્લૂક઼ને પેદા કરી હોય.*

*૮. જે કુસૂર તથા નુકસાનની ખરાબીથી પાક હોય.*

*૯. એ રીતે કે ફરક઼ ન રહેવા દીધો. જેવું હોવું જોઈતું હતું એવું સર્જન કર્યું.*

*૧૦. જાતીઓ તથા વ્યક્તિઓ, ચીજો તથા માત્રાઓ તથા તેની ખૂબીઓ, કાર્યો તથા સમયોને નિશ્ચિત કર્યાં.*

*૧૧. એ રીતે કે સર્વ મખ્લૂક઼નું દિલ એ કામો તરફ વાળી દેવામાં આવે જે એમનાથી ઈચ્છા કે અનિચ્છાએ (આપોઆપ) જાહેર થાય છે અથવા એનો અર્થ એ છે કે હક્ક઼ની તલાશમાં દલીલોની સ્થાપ્ના અને આયતોના ઉતરાણ સામે દુનિયા તથા આખેરતમાં પરિણામો તથા બાબતોની ઓળખના ઈલ્મની સાથે તેમને હિદાયત આપી.*

*૧૨. લોકોને ખુશ કર્યા તથા રંજમય કર્યા.*

*૧૩. اَدْنٰی એ اَقْرَبَ ના અર્થમાં છે, અને એનો અર્થ ખૂબ જ પ્રમાણમાં નજીક કરવું પણ છે. અને તેને دناءة (હમ્ઝાની સાથે)થી મુશ્તક માનીએ તો પણ દુરુસ્ત છે. તો અર્થ એ થશે કે અમુકને અપૂર્ણ તથા પછાત રાખ્યા. આ રીતે એ اَقْرَبَ ના વિરુદ્ધ તથા મક઼ામના મુનાસિબ થશે અને ગોઠવણના લેહાઝથી અલગ પણ નથી.*

*૧૪. શારીરિક તથા રૂહાની ખોરાક તથા શરાબની સાથે સૈર કરી.*

*૧૫. સમયનું વહેણ તેમાં અસર ન પાડી શકે.*

*૧૬. غَيَرَ ગ઼યનના કસરહ (ઝેર) અને "યા" (يَا)ના ફતહ (ઝબર) હોય તો એ غِيْرَة નું બહુવચન છે. તેમજ એનું બહુવચન اغيار (અગ્યાર) પણ આવે છે. અમુક નુસ્ખાઓમાં مِنْ غَيْرَتِهٖ છે. غَيْرَت નો અર્થ રશ્ક છે. અલ્લાહ તઆલાની પોતાના બંદાઓ પર ગયરત એ છે કે તે તેમને કુર્બે ઈલાહી (અલ્લાહની નઝદીકી)થી દૂર કરનારી અને*

હરામ તથા મકરૂહ ચીજોમાં પડવા પર કહેર તથા બલા નાઝિલ કરીને બદલો તથા તકલીફ આપીને તેમાં પડવાથી તેમને રોકયા.

**૧૭.** રોકી અને દૂર રાખનારી ચીજથી મુરાદ તે જાહેરી તોહફાઓ પણ હોય શકે છે જે છુપા લુત્ફોને સમાવતા હોય. એટલે કે તેનો દરેક હાલમાં શુક્ર છે ચાહે નેઅમતની હાલત હોય ચાહે તકલીફની હાલત હોય. ઉલમા ફર્માવે છે કે નેઅમતની પ્રાપ્તિની જેમ બલાના ઉતરાણના સમયનો વઝીફો પણ શુક્ર છે, કેમ કે બાતિની નેઅમતોને સામેલ કરે છે. પરંતુ કેમ કે બલાના સમયે બંદાને સમયનો સામનો કરવો પડે છે એટલા માટે સબ્રને શુક્રનો બદલ ઠરાવવામાં આવેલ છે.

بہنگام زحمت مشونا اُمید۔کہ ابر سیاہ بارد آبے سفید

"તકલીફના વખતે નિરાશ ન થવું જોઈએ કેમ કે કાળાં વાદળ સફેદ પાણી વરસાવે છે." કેમ કે બંદાની શાન છે : فِي الْعَطَاءِ شَاكِرٌ وَفِي الْبَلَاءِ صَابِرٌ કે બંદો ઈનામ પર શાકિર અને મુસીબત પર સાબિર (સબ્ર કરનાર) હોય છે.

**૧૮.** અમુક નુસ્ખાઓમાં અસ્સલાત પછી અસ્સલામ પણ છે. ઉલમાએ ફર્માવ્યું છે કે દુરૂદ શરીફ પઢતી વખતે સલાતની સાથે સલામ પણ મિલાવવી જોઈએ જેથી અલ્લાહ તઆલાનો હુકમ صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا "એમના પર ખૂબ દુરૂદ તથા સલામ મોકલો." (સૂ. અહઝાબ, ૩૩/૫૬) પર સંપૂર્ણપણે અમલ થઈ શકે.

**૧૯.** એટલે કે જે ચીજ અલ્લાહ તઆલાએ અતા કરી અને હઝરત જિબ્રઈલ علیہ السلام લાવ્યા તે સાચી અને દુરુસ્ત છે. જેમ કે અમીર ખુસરૂ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : نے بہوا گفت کہ اور از گفت۔کاں بخت عند بد وباز گفت

આપે જે કાંઈ ફર્માવ્યું છે તે પોતાની ખ્વાહિશથી નથી ફર્માવ્યું બલ્કે જે કાંઈ હુકમ મળ્યો તે જ કહ્યું. કેમ કે આપની શાનમાં આવ્યું છે : وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى "આપ પોતાની ખ્વાહિશથી નથી બોલતા." (સૂ. નજ્મ, ૫૩/૩)

**૨૦.** દુનિયાની નેઅમત તથા આરામથી બેપરવા છે.

**૨૧.** રફીકે આ'લાથી મુરાદ અલ્લાહ તઆલાની ઝાતે કરીમ, ફરિશ્તા તથા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام છે. હદીષ શરીફમાં આવેલ છે કે જ્યારે આં હઝરત ﷺના વિસાલ શરીફ વખતે અલ્લાહ તઆલાની તરફથી પયગામ આવ્યો કે શું આપ દુનિયામાં રહેવા ચાહો છો કે અમારી પાસે આવવાનું પસંદ કરો છો ? જો દુનિયામાં રહો તો આપની મરજીના પ્રમાણે સર્વ જહાનના ખજાના આપની સમક્ષ ઢગલો કરી દેવામાં આવે છે અને આપના મર્તબા તથા મકામમાં કોઈ કમી નહીં આવે અને જો અમારી પાસે તશરીફ લાવો તો અલગ વાત છે. તેના જવાબમાં આપે ફર્માવ્યું : اِخْتَرْتُ الرَّفِيْقَ الْاَعْلٰى 'હું રફીકે આ'લાને ત્યાં જ આવવાનું પસંદ કરું છું.

**૨૨.** રિવાયત છે કે આં હઝરત ﷺએ ફતહે મક્કાના દિવસે કા'બાની દીવારની સાથે મજબૂત બાંધેલા બુતોની તરફ છરીથી ઈશારો કરતાં આ આયત તિલાવત કરી : جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ 'હક્ક આવ્યું અને બાતિલ બાતિલ ટુકડા ટુકડા થઈ ગયું." (સૂ. ઈસ્રા, ૧૭/૮૧) તો મૂર્તિઓ દીવાલ પરથી ઉખડીને જમીન પર આવી ગઈ.

**૨૩.** અહીં સહાબાએ કિરામ તથા તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી અફઝલિયત સર્વ ઉમ્મતના એતબારથી વર્ણવવામાં આવી છે.

**૨૪.** ضراء તથા باساء બંનેનો અર્થ સખત હાલત છે. باساء بأسٌ અઝાબના અર્થમાં અને ضَرَّاء ضَرٌّ ગુઝન્દથી નીકળેલ છે.

**૨૫.** અલ્લાહ તઆલા પર કોઈ ચીજ લાઝિમ તથા વાજિબ નથી. દુઆઓને કબૂલ કરવી તેની મશિય્યત (મરજી) તથા ફઝ્લો કરમ પર આધારિત છે.

**૨૬.** અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે : فَاِنَّ نِعَمَ اللّٰهِ عَلَيَّ كَثِيْرَةٌ કે મારા પર અલ્લાહ તઆલાનાં ખૂબ જ અધિક ઈનામો છે એ બાદવાળા કલામના અધિક મુનાસિબ છે.

**૨૭.** "સાઅત" એટલે સમય, ઘડી. સયમના મૌજૂદા ભાગને કહે છે. "લેહઝા"નો અર્થ છે ત્રાંસી નજરે જોવું. "ખાતિર"નો અર્થ છે દિલમાં ગુજરનાર વસવસા, અંદેશા.

**૨૮.** એટલે પૂરા દિલનો ઘેરાવ કરી લીધો.

**૨૯.** એટલે સેહતે હાલ (સારી હાલત) અને સિદ્કે મકાલ (સાચી વાણી) ભેગાં થઈ ગયાં.

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૧

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક़ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ બુઝુર્ગોની ખિદમત ★

હઝરત શૈખુલ ઈસ્લામ (ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ)ની ખિદમતે અક़દસમાં પાબોસીની સઆદત હાંસલ થઈ તો ફર્માવ્યું, હે દુરવેશ ! જેણે પણ નેકનસીબી હાંસલ કરી તેણે ખિદમતથી જ હાંસલ કરી. કેમ કે દીન તથા દુનિયાની નેઅમતો પીરો તથા મશાઈખે એઝામની *(સાચા બાશરઅ અલ્લાહવાળાઓ, નહીં કે ઢોંગી પીરો જેઓ શરીઅત વિરુદ્ધ વર્તનારા તથા જેમની નજર મુરીદના ખિસ્સા પર હોય તથા સ્વાર્થવૃત્તિથી દુનિયા તથા વાહવાહ કમાવા મુરીદોની અક़ીદતનો ગેર લાભ ઉઠાવવા માગતા હોય. –અનુવાદક)* ખિદમતથી મયસ્સર થાય છે. જે શખ્સ સાત દિવસ પીરાને એઝામ તથા મશાઈખની ખિદમત અંજામ આપતો રહે છે તો હક़ તઆલા સાતસો વરસોની ઈબાદત તેના આમાલનામામાં લખી આપે છે. શયખની ખિદમતમાં જે ક़દમ ઉઠાવે છે અને મૂકે છે તેને હજ્જ તથા ઉમરાનો સવાબ આપવામાં આવે છે.

ફર્માવ્યું, શયખ જલાલુદ્દીન તબરેઝી જ્યારે પોતાના પીર શયખ બહાઉદ્દીન رحمۃ اللہ علیہની ખિદમતે અક़દસમાં આવ્યા તો એટલી ખિદમત કરી કે કોઈ નોકરે એટલી ન કરી હશે. મેં જ્યારે બગદાદમાં એમની સાથે મુલાક़ાત કરી તો જોયું કે એક સાલનની દેગચી તેમના માથા પર હતી જેને લઈને રહ્યા હતા. મેં પૂછ્યું કે ક્યાં જઈ રહ્યા છો ? ફર્માવ્યું, હજ્જના માટે. તેમની આ ખિદમત પર મને ઘણુ જ આશ્ચર્ય થયું. તે શહેરના લોકોને મેં પૂછ્યું કે કેટલા વરસોથી આપ આ રીતે ખિદમત કરી રહ્યા છો ? તો તેમણે જણાવ્યું કે, હવે પચ્ચીસમુ વરસ છે કે અમો આ દરવેશને આ રીતે ખિદમત કરતા જોઈ રહ્યા છીએ.

એકવાર લોકોએ હઝરત ખ્વાજા અબ્દુલ્લાહ ખફીફને પૂછ્યું કે આ દૌલત (વિલાયત) તમને ક્યાંથી મળી ? ફર્માવ્યું, દુરવેશોની ખિદમતથી. એકવારની વાત છે કે હું એક દુરવેશની ખિદમતમાં હાજર થતો અને જે હુકમ ફર્માવતા તેને ખુશીભેર અંજામ આપતો. જેમ કે તેમણે મને એક દિવસ બોલાવ્યો અને કહ્યું કે ફલાણા દુરવેશની પાસે જાવ અને કહો કે કાલે મારા પીર رحمۃ اللہ علیہનો ઉર્સ છે જેથી ખાણુ તૈયાર કરવામાં આવશે તો તશરીફ લાવશો અને અમારા ગરીબખાનાને આપના મુબારક ક़દમોથી મુનવ્વર ફર્માવશો જેથી લંગર આપની મૌજૂદગીમાં વહેંચવામાં આવશે. દુરવેશના માર્ગમાં સિંહનો ડર પણ હતો. પરીક્ષા રૂપે તે દુરવેશે મને આ કામ કરવાનો હુકમ આપ્યો હતો. હું તેમના હુકમ પર રવાના થઈ ગયો. જ્યારે હું સિંહવાળા સ્થળે

પહોંચ્યો તો મેં જોયું કે સિંહ બેઠેલો છે, તો ધ્યાન આપ્યા વિના હું ચાલતો રહ્યો. જ્યારે સિંહની નજીક પહોંચ્યો તો કહ્યું, હે સિંહ ! હું મારા પીરના હુકમાનુસાર ફલાણા દુરવેશની પાસે જઈ રહ્યો છું તો મને રસ્તો આપી દે. મેં જ્યારે આ વાત કહી તો સિંહે જમીન પર માથુ રાખ્યું અને ચાલ્યો ગયો. હું ત્યાંથી પસાર થઈ ગયો અને દુરવેશની ખિદમતમાં હાજર થઈને પૈગામ પહોંચાડયો. તેમણે કૃબૂલ કરી લીધો અને કહ્યું કે હું આવીશ. હું આદાબ બજાવીને પરત થયો. શયખની ખિદમતમાં આવ્યો તો તેમણે મને બાજુમાં બેસાડયો અને ફર્માવ્યું કે તું ખિદમત હક્ક્ બજાવી લાવ્યો. પછી મારો હાથ પકડયો અને આસ્માનની તરફ મોં કરીને ફર્માવ્યું, જા ! મેં તને દીન તથા દુનિયા બંનેવ અતા કર્યા. હું ત્યાંથી પાછો આવ્યો અને ઈબાદતખાનામાં રોકાય ગયો. તો જે નેઅમતો મારામાં જોઈ રહ્યા છો તે એ જ ફકીરની અતા કરેલી છે.

## ★.......તો કર ખિદમત ફક઼ીરોં કી ! ★

એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપે આ નેઅમત (વિલાયત) ક્યાંથી મેળવી ? ફર્માવ્યું, બે વાતો થકી. એક મારા વાલિદા માજિદાની ખિદમતથી, બીજુ મારા શયખની ખિદમતથી. જે નેઅમત મને વાલિદાની ખિદમતમાં હાંસલ થઈ તે એ રીતે છે કે એક રાતે શિયાળામાં મારાં વાલિદા સાહિબાએ પાણી માગ્યું. હું ઉઠયો અને પાણીનો કૂજો ભર્યો અને હથેળી પર રાખીને તેમની ખિદમતમાં પહોંચી ઉભો થઈ ગયો. વાલિદા સૂઈ ગયાં તો મેં તેમને ન જગાડયાં. જેથી રાતનો ચોથો હિસ્સો પસાર થઈ ગયો. જ્યારે વાલિદા સાહિબા જાગ્યાં તો પાણી મારા હાથમાંથી લઈ લીધું અને આસ્માનની તરફ મોં કરીને દુઆ કરી. એ જ પ્રમાણે જે નેઅમત મેં મારા પીરથી હાંસલ કરી તો એ છે કે વીસ વરસ સુધી રાત દિવસ મેં તેમની ખિદમત કરી. જેમ કે એકવાર રાતમાં કુર્આને પાકની તિલાવતમાં મશગૂલ હતો અને મુરીદોમાંથી કોઈ શખ્સ મારા સિવાય હાજર ન હતો. શયખે અવાજ આપ્યો, હે અઝીઝ ! મારું કુર્આન શરીફ લાવો ! હું કુર્આન શરીફ લઈને ગયો. મારા હાથથી કુર્આને શરીફ લીધું અને દુઆ ફર્માવી.

પછી શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યાં સુધી ફકીરોની ખિદમત નહીં કરો ત્યાં સુધી કદાપિ બુલંદ મકામ સુધી નહીં પહોંચો. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન સંજરી رحمۃ اللہ علیہ વીસ વરસોથી પોતાના શયખનો (પહેરવા ઓઢવાનો) સામાન માથા પર રાખીને હજ્જને માટે જતા રહ્યા. પછી એ ઈનામ તેમને અર્પણ થયું જેનાથી સર્વ જગતે ફયઝ હાંસલ કર્યો. ફર્માવ્યું, મેં એક બુઝુર્ગથી સાંભળ્યું કે ખુલૂસ તથા સાચા દિલ સાથે એક દિવસ પોતાના શયખની ખિદમત કરવી હજાર વરસ સિદ્દક઼ તથા ખુલૂસ વિનાની ઈબાદતથી બેહતર છે. હદીષ શરીફમાં રિવાયત છે : قال رسول اللہ ﷺ ساقی القوم آخرھم شربًا "જે પોતાની જમાઅતને પાણી પીવડાવે છે તે સૌથી છેલ્લે પોતે પીએ." એ જ વાત ખાવામાં પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

## ★ મહેમાન નવાઝીના આદાબ ★

ફર્માવ્યું, હે દુરવેશ ! મેજબાનના માટે જરૂરી છે કે ખુદ મહેમાનના હાથ ધોવડાવે. તેણે જોઈએ પ્રથમ પોતાના હાથ ધૂએ કેમ કે અન્યોના હાથ ધોવડાવતા પહેલાં પોતાના હાથ ધોવા જોઈએ. પહેલાં હાથ ધોવામાં હિકમત એ છે કે તેના હાથ સાફ હોવા જોઈએ અને આ શર્ત આદાબમાંથી છે. પાણી પીવાથી ઉલ્ટુ કે તે પ્રથમ અન્યોને પીવડાવે પછી પોતે પીએ. એકવાર ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો. હઝરત પાણી લાવ્યા કે તેના હાથ ધોવડાવે. તે માણસ બેસી ગયો. હઝરત ઉભા થઈ ગયા કેમ કે બેસીને હાથ ધોવડાવવા જાઈઝ નથી, અને દુરવેશોની નજીક અદબથી વિરુદ્ધ છે. એકવાર ઈમામ

શાફઈ رحمۃ اللہ علیہ હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہની ત્યાં મહેમાન બન્યા. ઈમામ શાફઈના હાથ ધોવડાવવા માટે ઈમામ માલિક ખુદ ઉભા થયા અને હાથ ધોવડાવ્યા. ફર્માવ્યું, એકવાર હું બગદાદના સફર પર ગયો. દજલાના કિનારે એક ગુફામાં એક બુઝુર્ગને મેં જોયા. તે બુઝુર્ગ સાહબ અઝમત તથા નેઅમત તથા વિલાયતવાળા હતા, પરંતુ ખૂબ જ ઝઈફ હતા. તે પોતાના ઈબાદતખાનામાં નમાઝમાં વ્યસ્ત હતા. હું રોકાય ગયો ત્યાં સુધી કે તે નમાઝથી ફારિગ થઈ ગયા. મેં સલામ અર્ઝ કરી તો તેમણે જવાબમાં કહ્યું, અલૈકસ્સલામ હે ફરીદ ! હું હૈરાન થયો કે તેમને મારા નામની કેવી રીતે ખબર પડી ગઈ ?! તરત જ ફર્માવ્યું, نبانی العلیم અલ્લાહે મને ખબર આપી. જે ઝાત તને મારી પાસે લાવનારી છે એણે મને તારું નામ બતાવ્યું છે. પછી હુકમ આપ્યો કે બેસી જાવ ! કેટલીકવાર એમની મજલિસમાં બેઠેલો રહ્યો. જ્યારે ઈફતારીનો સમય થયો તો બે પુરૂષો એક થાળ ઉઠાવીને આવ્યા અને દુરવેશની સામે રાખી દીધો. થોડીવાર પછી કેટલાક લોકો સૂફિયામાંથી આવ્યા. તેમણે મારી તથા તે સૂફીઓની સાથે ઈફતાર કર્યો પણ એ બુઝુર્ગોને પોતે હાથ ધોવડાવ્યા. મેં અર્ઝ કરી, આટલા લોકો છે પોતાના હાથ જોતે ધોઈ લેશે ! ફર્માવ્યું, હે દુરવેશ ! દસ્તૂર એ જ છે કે જ્યારે મહેમાન આવે તો મેજબાન હાથ ધોવડાવે. પછી આ હિકાયત વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે સૈયદના મૂસા علیہ السلام કોહે તૂર પર તશરીફ લાવ્યા તો ફર્માન થયું, હે મૂસા ! જૂતીઓ ઉતારી દો જેથી કોહેતૂરની ધૂળ આપના પગોને લાગે, અને આપની બખ્શિશ થઈ જાય. પરંતુ યારે રસૂલુલ્લાહ ﷺ મેઅરાજની રાતે અર્શની નજીક પહોંચ્યા તો હુકમ થયો, હે મુહમ્મદ (ﷺ) જૂતીઓ સમેટ આવો કે જેથી આપની જૂતીઓની ધૂળ અર્શ પર પહોંચે અને હલવાથી રોકાય જાય અને તેને ક઼રાર આવી જાય. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યારે મૂસા علیہ السلام ક઼બ્ર મુબારકથી ઉઠશે તો મસ્તોની જેમ ઉઠશે અને ઉઠતાં જ અર્શના કંગૂરાને પકડશે અને કહેશે, رب ارنی انظر الیك ફર્માન થશે, હે મૂસા ! સબ્ર કરો, આજે મતલબ બર આવશે. હિસાબ કિતાબ બાદ જન્નતમાં દીદાર થશે. પરંતુ એ સમયે જ્યારે મુહમ્મદના અમુક આશિકોને નૂરાની જંઝીરો વડે ખેંચીને જન્નતમાં લઈ જવાનો હુકમ થશે. તેઓ જંઝીરોને પકડી લેશે અને તોડી નાખશે, અને શોર કરતા અર્શની નીચે આવી જશે. હુકમ થશે કે બીજી જંઝીર તેમની ગરદનોમાં નાખી દો ! એ રીતે ૭૦ હજાર નૂરાની જંઝીરો તેમની ગરદનોમાં નાખવામાં આવશે અને સર્વેને તેઓ તોડી નાખશે. તે વખતે હઝરતે હક્કથી નિદા આવશે, સબ્ર કરો અને જન્નતમાં જાવ કે એ દીદારનો વાયદો જન્નતમાં પૂરો થશે, તેના પર તેમને ક઼રાર આવશે.

## ★ અંબિયાએ કિરામનાં દષ્ટાંતો ★

ત્યાર બાદ ફર્માવ્યું, હે દુરવેશ ! રસૂલુલ્લાહ ﷺ વુઝૂ કરી રહ્યા હતા. આપે આપની મુબારક અંગૂઠીને ફેરવવાનું શરૂ કર્યું. ફર્માન આવ્યું, હે મુહમ્મદ ! ﷺ અમે આપને ખેલ કરવા માટે નથી મોકલ્યા. ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺ વિસાલ સુધી એ પ્રકારના ફેઅલમાં વ્યસ્ત નથી થયા.

ફર્માવ્યું, જ્યારે સૈયદના યૂસુફ علیہ السلامને અઝીઝે મિસ્રએ કેદખાનામાં બંધ કરી દીધા. કેદખાનાથી સાક઼ી નામના શખ્સના છૂટકારાનો સબબ તે ખ્વાબ હતો જે તેણે જોયો અને યૂસુફ علیہ السلامએ તેની તાબીર કહી હતી કે તું છૂટકારો પામીશ અને ખિલ્અતથી નવાઝવામાં આવશે. અને બીજાના વિશે ફર્માવ્યું હતું કે તેને કાગડા ખાશે. ત્યાર બાદ યૂસુફ علیہ السلامએ તેને કહ્યું કે જ્યારે તું આઝાદ થાય તો મિસ્રના બાદશાહ પાસે મારો ઉલ્લેખ કરજે. હઝરત સૈયદના યૂસુફ علیہ السلامએ જેવી આ વાત કરી કે સૈયદના જિબ્રઈલ

علیہ السلام નાઝિલ થયા. અને કહ્યું કે હે યૂસુફ ! ખુદા તઆલા ફર્માવે છે કે તમે મને ભૂલી ગયા કે અમારી ખબર ગૈરને આપી દેવામાં આવી રહી છે. આપની આ વાત કહેવાના લીધે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે સાત વરસ અધિક આવી જ કેદમાં રહો.

હઝરત સૈયદના સુલેમાન علیہ السلام આટલી મહાન સલ્તનતના સુલતાન હોવા છતાં ક્યારેક દા'વત કરતા અથવા મજલિસ જમા કરતા તો ખાવાથી પહેલાં રડી પડતા. લોટો પકડતા અને ખાદિમ થાળી ઉઠાવતો. ખુદ મહેમાનોના હાથ ધોવડાવતા, પોતે જાતે ખુદ પાણી પેશ કરતા અને ત્યાં સુધી પાણી ન પીતા જ્યાં સુધી સર્વ લોકો ન પી લેતા. સારાંશ કે આટલી મહાન સલ્તનત હોવા છતાં પોતાના હાથની બનેલી ઝંબીલને બજારમાં વેચીને તેનું ખાવા ખરીદીને લાવતા અને ખાતા. એક દિવસે ખયાલ આવ્યો કે યા અલ્લાહ ! મારી આટલી વિશાળ સલ્તનત મારા શું કામની છે ! જ્યારે કે ખાવા પણ તે સમયે મળે છે કે પોતાના હાથની બનાવેલી ઝંબીલ બજારમાં લઈ જઈને વેચુ છું. જેવો આ ખયાલ આવ્યો તો તે ઝંબીલ જે આપે વણ્યું હતું લઈને બજારમાં ગયા પણ કોઈએ ન ખરીદયું, પાછુ લઈને આવ્યા અને તે રાત ફાકાથી પસાર કરી, અને ઝંબીલ પડી રહી. સાત દિવસ સુધી કોઈએ ન લીધી અને કોઈ ખરીદનાર પેદા ન થયો. સૈયદના સુલૈમાન علیہ السلام હેરાન થઈ ગયા કે આ શું હાલ થયો. જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને કહ્યું, હે સુલેમાન ! ઝંબીલની કિંમતથી ઈફતાર કેમ નથી કરતા ? જરા ઉપર જુઓ ! જ્યારે આપે ઉપર નજર કરી તો સર્વ ઝંબીલોને આસ્માનના ખૂણામાં લટકેલી જોયી. ફર્માન આવ્યું, હે સુલેમાન ! સૌ અમે ખરીદી હતી, ખલ્કે ખુદાનું તો કેવળ બહાનુ હતું કે તેમણે ખરીદી. સૈયદના સુલૈમાન પોતાના કહ્યા પર ખૂબ જ પસ્તાયા અને હાલત બદલાય ગઈ અને તૌબા કરી.

એટલા માટે હે દુરવેશ ! જ્યાં સુધી બની શકે કોઈ વાત પોતાના તરફથી ન સમજો અને લોકોના જાહેર તથા બાતિન હલનચલનોથી જે કાંઈ પેશ આવે સૌ અલ્લાહ તઆલા عزوجل ની તરફથી જાણવું જોઈએ કે એ સર્વ કાંઈ તેની રઝાથી છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ નો નિયમ હતો કે જે શખ્સ એમને ત્યાં મહેમાન બનતો તેના હાથ જાતે ધોવડાવતા અને ફર્માવતા કે આ સુન્નતે રસૂલ صلی اللہ علیہ وسلم છે અને અન્ય અંબિયાએ કિરામની પણ આ જ સુન્નત છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہ ખુદ હાથ ધોવડાવતા અને ખાધા પછી જાતે પાણી પીવડાવતા. જ્યારે અંબિયા علیہم السلام તથા ઈમામો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સુન્નત આ જ છે તો હે દુરવેશ ! જ્યાં સુધી શક્ય હોય રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા ઈમામોની પયરવી કર જેથી તું કાલે કયામતના દિવસે એમની સામે શર્મિંદો ન થાય.

પછી ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ સહાબીઓને બોલાવ્યા અને ખાવાના સમયે જાતે ઉભા થઈને સૌના હાથ ધોવડાવ્યા.

જ્યારે શૈખુલ ઈસ્લામે આ ફવાઈદ ખત્મ કર્યા તો દૌલતખાનામાં તશરીફ લઈ ગયા અને હું તથા લોકો પરત આવી ગયા. *(ક્રમશઃ)*


## ગૌષિયહ તકવીમ

ગુજરાતભરમાં પંજગાના નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ A-4 સાઈઝ ફોર કલરમાં આગળ પાછળ પ્રિન્ટેડ ૧૪ પેજીસમાં લેમિનેટ છે. જે મસ્જિદો, ઘરો, ખાનકાહોમાં કાયમ માટે ઉપયોગ થાય એવું ટકાવ મજબૂત છે. મર્હૂમોના સવાબ અર્થે મસ્જિદોમાં મૂકો અને અગણિત સવાબના હકદાર બનો.

હદિયો રૂ.૩૫૦
ટપાલ ખર્ચ રૂ. ૫૦
9427464411 (PhonePe Paytm)

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)

# તઝકેરતુલ અવલિયા
હપ્તો ૨૯

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ | **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**બોધદાયક નસીહત :** કોઈએ આપને નસીહત કરવાની ખ્વાહિશ કરી તો ફર્માવ્યું કે છ આદતો અપનાવી લો : (૧) જ્યારે તમે ગુનાહમાં પડો તો ખુદાની રોજી ઉપયોગમાં ન લો. (૨) જો ગુનાહ કરવાનો ઈરાદો હોય તો ખુદાના મુલ્ક્માંથી નીકળી જાવ. (૩) એવી જગાએ જઈને ગુનાહ કરો જ્યાં તે ન જોઈ શકે. અને જ્યારે એના પર લોકોએ વાંધો ઉઠાવ્યો કે એ કઈ એવી જગા છે જ્યાં તે નથી જોઈ શક્તો ? જ્યારે કે તે દિલોના ભેદો સુદ્ધાંથી વાકેફ છે. તો ફર્માવ્યું કે એ શું ઈન્સાફ છે કે તેની રોજી ખાવ, તેના જ દેશમાં રહો અને એની સામે ગુનાહ પણ કરો ! (૪) મૌતના ફરિશ્તાથી તૌબાની મોહલત માગો. (૫) મુન્કર નકીરને ક્બ્રમાં ન આવવા દો. (૬) જ્યારે જહન્નમમાં જવાનો હુકમ મળે તો ઈન્કાર કરી દો. આ વાતો સાંભળીને પ્રશ્નકર્તાએ અર્ઝ કરી કે આ સર્વ ચીજો તો અશક્ય ચીજોમાંથી છે અને કોઈ પણ એને પૂર્ણ નથી કરી શકતો. આપે ફર્માવ્યું કે જ્યારે આ સર્વ ચીજો અશક્ય છે તો પછી ગુનાહ ન કરો ! આ સાંભળીને તે શખ્સે સર્વ ગુનાહોથી તૌબા કરી અને એ જ સમયે આપની સામે મૃત્યુ પામ્યો.

**દુઆ ક્બૂલ ન થવાનાં કારણો :** જ્યારે લોકોએ આપને દુઆઓ ક્બૂલ ન થવા વિશેની શિકાયત કરી તો ફર્માવ્યું કે તમે ખુદાને પહેચાનવા છતાં પણ તેની ઈતાઅત (ફર્માંબરદારી)થી દૂર ભાગો છો. તેના કુર્આન તથા રસૂલથી વાકેફ હોવા છતાં પણ તેમના હુકમો પર અમલ કરતા નથી. અને તેની રોજી ખાયને પણ તેનો શુક્ર નથી કરતા. જન્નતમાં જવા અને દોઝખમાં નજાત પામવાનુ આયોજન નથી કરતા. મા બાપને દફન કરીને પણ ઈબ્રત (બોધ) હાંસલ નથી કરતા. ઈબ્લીસને દુશ્મન જાણવા છતાં પણ તેની દુશ્મની નથી કરતા. મોતના આગમનનુ યક્ીન હોવા છતાં તેનાથી બેખબર છો. અને પોતાના અયબોથી માહિતગાર હોવા છતાં પણ બીજાઓની અયબો જોયા કરો છો, પછી ભલા જાતે જ વિચારો કે એવા લોકોની દુઆઓ કેવી રીતે ક્બૂલિયત હાંસલ કરી શકે છે ?!

એકવાર કોઈએ પૂછયું કે ફાક્ાકશ (ભૂખે મરતો) માણસ શું કરે ? ફર્માવ્યું કે મરતા દમ સુધી સબ્રથી કામ લે કે જેથી કાતિલથી ખૂંબહા (ખૂનના બદલે માલ) લેવામાં આવી શકે. પછી કોઈએ અર્ઝ કર્યુ કે આજકાલ ગોશ્ત ઘણો મોઘો થઈ ગયો છે. ફર્માવ્યું કે ખાવાનુ છોડી દો તો આપોઆપ સસ્તો થઈ જશે. એકવાર આપે ફાટેલાં કપડાંમાં સ્નાનઘરમાં જવા લાગ્યા તો લોકોએ આપને રોકી દીધા અને આપે જઝ્બના આલમમાં ફર્માવ્યું કે જ્યારે ગરીબને (મને) ઈબ્લીસના ઘર (સ્નાનઘર)માં પ્રવેશની ઈજાઝત નથી તો પછી વિના બંદગીએ કોઈ ખુદાના ઘરમાં શાથી દાખલ થઈ શકે છે ?!

હજ્જના સફર દરમિયાન આપને ખાવા મયસ્સર ન થયું તો ઈબ્લીસે સામે આવીને કહ્યું કે સલ્તનત છોડીને ફાક્ાકશી સિવાય શું મળ્યું ? એ વખતે આપે અલ્લાહ તઆલાને અર્ઝ કર્યું કે દુશ્મનને દોસ્તની પાછળ કેમ લગાડયો છે ? નિદા આવી કે તમારા

ખિસ્સામાં જે ચીજ છે તેને ફેંકી દો કે જેથી તમને એનું રાઝ માલૂમ થઈ જાય. જેથી આપે જ્યારે ખિસ્સામાં હાથ નાખ્યો તો થોડી સરખી ચાંદી નીકળી તો તેને ફેંકતાં જ તે રફૂચક્કર થઈ ગયો.

આપ એકવાર ખજૂરો વીણવા પહોંચ્યા. તો જ્યારે આપનો ખોળો ખજૂરોથી ભરાઈ જતો તો લોકો છીનવી લેતા. અને ચાલીસવાર આપની સાથે આ જ વર્તાવ કરવામાં આવ્યો. પણ એકતાલીસમી વાર કોઈએ ન છીનવી અને ગયબથી નિદા આવી કે ચાલીસવારની સજા એટલા માટે આપવામાં આવી છે કે તમારી હુકૂમતના દૌરમાં ચાલીસ પહેરેદારો સોનેરી તલવારોથી સજ્જ તમારી આગળ આગળ ચાલ્યા કરતા હતા.

પછી ફર્માવ્યું કે એકવાર મને એક બાગનો રખેવાળ નિયુક્ત કરી દેવામાં આવ્યો. અને જેણે નિયુક્ત કર્યો હતો તેણે એક દિવસે આવીને કહ્યું કે મારા માટે મીઠાં દાડમ તોડી લાવો. મેં તેને જેટલી પણ દાડમો તેના સમક્ષ રજૂ કરી તે સર્વ ખાટી નીકળી. તેણે કહ્યું કે તમને આજ સુધી ખાટા મીઠા દાડમની ઓળખ ન થઈ શકી ?! મેં કહ્યું કે મને નિગરાની માટે નિયુક્ત કરેલો છે ન કે ખાવા માટે. આ સાંભળીને બાગના માલિકે કહ્યું કે લાગે છે કે તમે ઈબ્રાહીમ ઈબ્ને અદહમ છો ! આ સાંભળતાં જ આપ અજાણ જગા બાજુ ચાલ્યા ગયા.

આપ ફર્માવ્યા કરતા કે એકવાર હઝરત જિબ્રઈલ علیہ السلامને ખ્વાબમાં જોયા કે તે કોઈ કિતાબ જેવું બગલમાં દબાવેલ છે. અને મારા સવાલના જવાબમાં ફર્માવ્યું, હું આમાં અલ્લાહના દોસ્તોના નામ લખતો રહુ છું. પછી મેં પૂછયું કે શું એમાં મારુ નામ પણ સામેલ છે ? ફર્માવ્યું કે તમારી ગણના ખુદાના દોસ્તોમાં નથી થતી. મેં અર્ઝ કરી કે એમના દોસ્તોનો દોસ્ત તો જરૂર છું ! આ સાંભળીને તે થોડીવાર ખામોશ રહ્યા. પછી ફર્માવ્યું કે મને અલ્લાહ તરફથી હુકમ મળ્યો છે કે સૌથી પ્રથમ તમારું નામ લખી લઉં, ત્યાર બાદ બીજાઓનાં, કેમ કે આ રસ્તામાં માયૂસી પછી જ ઉમ્મીદ હોય છે.

આપ ફર્માવ્યા કરતા કે હું એક રાત્રે બયતુલ મુક઼દસમાં મુક઼ીમ હતો અને એ ડરથી કે ક્યાંક ત્યાંના ખાદિમો બહાર ન કાઢી નાખે ચટાઈ લપેટીને બેસી ગયો અને હજી ૧/૩ રાત બાકી હતી એવામાં દરવાજો આપોઆપ ખુલ્યો અને એક બુઝુર્ગ ચાલીસ વ્યક્તિઓ સાથે તશરીફ લાવ્યા અને સર્વ લોકો ટાટનો લિબાસ પહેરેલ હતા. પછી બધાએ મસ્જિદના મહેરાબમાં નમાઝ અદા કરી અને મહેરાબની તરફ પીઠ કરીને બેસી ગયા. અને એમનામાંથી એક જણે કહ્યું કે આજે મસ્જિદમાં કોઈ શખ્સ એવો જરૂર છે જેનો સંબંધ આપણી જમાઅતથી નથી. આ સાંભળીને એ બુઝુર્ગે ફર્માવ્યું કે એ ઈબ્રાહીમ બિન અદહમ છે જેને ચાલીસ રાતો ઈબાદત કરતાં પસાર થઈ ગઈ પણ કોઈ લિજ્જત હાંસલ ન કરી શક્યા. આપ કહે છે કે હું આ સાંભળીને ચટાઈથી નીકળી આવ્યો અને અર્ઝ કરી કે જો રિયાઝતનો આ જ ભાવાર્થ છે તો આજથી હું પણ આપની જમાઅતમાં સામેલ થાઉં છું.

એકવાર આપ સફર કરી રહ્યા હતા અને રસ્તામાં એક સિપાહી મળી ગયો. તેણે જ્યારે આપનું નામ પૂછયું તો આપે ક઼બ્રસ્તાનની તરફ ઈશારો કર્યો. એના પર સિપાહીને ઘણો જ ગુસ્સો આવ્યો અને કહેવા લાગ્યો કે મારાથી મઝાક કરો છો ?! અને આપની ગરદનમાં રસ્સી નાખીને મારપીટ કરતો કરતો વસ્તી તરફ લઈ ચાલ્યો. અને જ્યારે વસ્તીવાળાઓએ સિપાહીને કહ્યું કે તેં આ શું સિતમ કર્યો ? આ તો ઈબ્રાહીમ ઈબ્ને અદહમ છે ! આ સાંભળીને જ્યારે તેણે માફી માગી તો ફર્માવ્યું કે તેં જુલ્મ કરીને મને જન્નતનો મુસ્તહિક઼ બનાવી દીધો એટલા માટે હું તને

દુઆ આપુ છું કે તું પણ જન્નતમાં જાય ! ત્યાર બાદ કોઈ બુઝુર્ગે જન્નતવાળાઓને ખ્વાબમાં જોયા કે તેમનાં દામનો મોતીઓથી છલકાઈ ગયા છે. અને જ્યારે એ બુઝુર્ગને સવાલ કરવામાં આવ્યો તો બતાવવામાં આવ્યું કે એક નાવાકેફે હઝરત ઈબ્રાહીમ બિન અદહમનું માથુ ફોડી નાખ્યુ હતું અને અમને એ હુકમ મળ્યો છે કે જ્યારે તે જન્નતમાં દાખલ થાય તો તેમના પર મોતીઓ નિછાવર કરજો.

એક મજઝૂબ જેવો શખ્સ વેરવિખેર હાલતવાળો અને ધૂળમય ચહેરા સાથે આપની સામે આવી ગયો. તો આપે આપના હાથો વડે તેનું મોં ધોયું અને ફર્માવ્યું કે જે મોં ઝિક્રે ઈલાહીનું મઝહર હોય તેણે વેરવિખેર ધૂળમય ન થવું જોઈએ. અને જ્યારે એ મજઝૂબને કાંઈક હોશ આવ્યો તો લોકોએ પૂરો બનાવ તેને વર્ણન કર્યો જેને સાંભળીને તેણે તૌબા કરી. પછી આપે ખ્વાબમાં જોયું કે કોઈ એવું કહી રહ્યો છે કે તમે કેવળ ખુદાના વાસ્તે એક મજઝૂબનું મોં ધોયું એટલા માટે અલ્લાહે તમારું દિલ ધોઈ નાખ્યું.

હઝરત મુહમ્મદ મુબારક સૂફી કહે છે કે એકવાર મેં આપની સાથે બયતુલ મુકૃદસના સફરમાં બપોરના સમયે એક દાડમના ઝાડ નીચે નમાઝ અદા કરી. એ વખતે ઝાડમાંથી નિદા આવી કે મારુ ફળ ખાઈને મારી ઈજ્જત વધારવામાં આવે. જેથી આપે બે દાડમ તોડીને એક મને આપી અને એક ખુદ ખાધી. પરંતુ તે સમયે એ ઝાડ પણ નાનુ હતું અને દાડમ પણ ખાટાં હતાં. પણ જ્યારે અમે બયતુલ મુકૃદસથી પરત થયા તો તે ઘણુ જ કદાવર ઝાડ બની ગયું હતું અને દાડમ પણ ખૂબ મીઠાં હતાં. અને વરસમાં બે વાર ફળ આપતુ હતું. આ કરામતના લીધે એ ઝાડને રસાનુલ આબેદીનના નામથી ઓળખવામાં આવતુ હતું.

આપ કોઈ બુઝુર્ગ સાથે એક પહાડ પર વાતચીતમાં વ્યસ્ત હતા. તો તેમણે સવાલ કર્યો કે અહલે હક્કના મુકમ્મલ હોવાની શું નિશાની છે. ફર્માવ્યું કે જો પહાડને ચાલવાનો હુકમ આપે તો તે પોતાની જગા છોડી આપે. આ કહેતાં જ તે પહાડ હરકતમાં આવી ગયો. તો આપે ફર્માવ્યું કે મેં તને ચાલવા માટે કહ્યું ન હતું. જેથી તે થોભી ગયો.

કોઈ બુઝુર્ગની સાથે નાવડીમાં સફરમાં જઈ રહ્યા હતા એવામાં અચાનક સખત તોફાન આવી ગયું અને લોકો ભયના માર્યા કાંપવા લાગ્યા. એ વખતે ગયબથી નિદા આવી કે ડૂબી જવાનો અંદેશો ન કરો કેમ કે તમારી સાથે ઈબ્રાહીમ ઈબ્ને અદહમ પણ છે. એ અવાજ પછી તોફાન થોભી ગયું. અને એકવાર આપ નાવડી પર સફર કરી રહ્યા હતા તો સખત તોફાન આવી ગયું અને આપે કુર્આને કરીમ હાથમાં લઈને કહેવાનું શરૂ કર્યું કે યા અલ્લાહ ! અમારી સાથે તારી મુકૃદસ કિતાબ પણ છે અને અમારા ડૂબી જવાથી એ પણ ડૂબી શકે છે. નિદા આવી કે એવું નહીં થાય. એકવાર આપે નાવડી પર સફરનો ઈરાદો કર્યો તો નાવિકે ભાડુ માગ્યું. અને એ વખતે આપની પાસે કાંઈ ન હતું. અને આપે નમાઝ પઢીને દુઆ કરી કે યા અલ્લાહ ! આ નાવિક ભાડુ માગે છે ! જેથી એ જ વખતે પૂરુ રણ સોનુ બની ગયું અને આપે એક મુટ્ઠી ભરીને નાવિકને આપી દીધી.

દજલા નદીના કિનારે આપ પોતાની ગોદડી સીવી રહ્યા હતા. એવામાં કોઈએ આવીને કહ્યું કે હુકૂમત છોડીને તમે શું મેળવ્યું ? આ સાંભળીને આપે પોતાની સોય દરિયામાં નાખી દીધી તો અગણિત માછલીઓ પોતાના મોંમાં સોનાની એક એક સોય દબાવીને જાહેર થઈ. પરંતુ આપે ફર્માવ્યું કે મારે મારી સોય જોઈએ. જેથી એક માછલી આપની સોય લઈને આવી ગઈ અને આપે પોતાની સોય લઈને તે શખ્સને ફર્માવ્યું કે હુકૂમતનો ત્યાગ કરીને એક મામૂલી સરખી આ ચીજ મને હાંસલ થઈ છે.

આપે કૂવામાંથી ડોલ કાઢી તો ડોલ સોનાથી લબરેઝ નીકળી. આપે તેને ફેંકીને ફરી નાખી તો ચાંદીથી ભરેલી નીકળી, અને ત્રીજી વાર મોતીઓથી. એ વખતે આપે કહ્યું કે યા અલ્લાહ ! હું તો પાકીઝગી હાંસલ કરવા માટે પાણી ચાહું છું. મારી નજરોમાં સોના ચાંદીની કોઈ કિંમત નથી. હજ્જના સફર દરમિયાન આપના સાથીઓએ અર્ઝ કરી કે અમારી પાસે ખાવા પીવાની કોઈ વ્યવસ્થા નથી. ફર્માવ્યું કે ખુદા પર ભરોસો રાખો અને આ ઝાડની તરફ જુઓ, જે એ વખતે પૂરુ સોનાનું બની ગયું હતું.

આપ કેટલાક બુઝુર્ગોની સાથે એક કિલ્લાની નજીક એક પડાવ નાખીને આગ રોશન કરવા લાગ્યા તો કોઈએ કહ્યું કે આ જગાએ આગ તથા પાણી બંનેની વ્યવસ્થા છે જેથી ક્યાંકથી જાઈઝ પ્રકારનો ગોશ્ત મળી જાય તો શેકીને ખાઈએ. આપે એ ફર્માવીને કે અલ્લાહને સર્વ કુદરત છે, નમાઝમાં મશગૂલ થઈ ગયા. એ જ વખતે ક્યાંક સિંહની ગર્જનાનો અવાજ આવ્યો અને સર્વ બુઝુર્ગોએ કહેવાનું શરૂ કયુ કર્યું કે સિંહ એક ગોરખરને આપણી તરફ ઘેરીને લાવી રહ્યો છે. જેથી સૌએ ગોરખોરને પકડીને ઝબહ કર્યું અને જ્યાં સુધી સર્વ લોકો ખાતા રહ્યા ત્યાં સુધી તે સિંહ નિગરાની કરતો રહ્યો.

આપના ઈન્તેકાલ પછી પૂરા આલમે એ નિદા સાંભળી કે આજે દુનિયાનો અમ્ન મરી ચૂક્યો. ત્યાર બાદ આપના ઈન્તેક઼ાલની ખબર મળી પરંતુ આપની ગુમસૂદગીના કારણે એ જાણ ન થઈ શકી કે આપનો મઝાર ક્યાં છે, અને ન એ પતો લાગ્યો કે ઈન્તેક઼ાલ કઈ જગાએ થયો. અમુક હઝરાતનો ખયાલ છે કે મઝાર બગદાદમાં છે, અને અમુક કહે છે કે હઝરત લૂત علیہ السلامની ક઼બરની પાસે શામ (સીરિયા)માં દફન થયેલા છે. *(સંપૂર્ણ)*

શાદી મુબારક

**ટંકારીઆ** : ખાતે આયશાબેન ઈલ્યાસ ઈબ્રાહીમ થુંથીની નેક દેખ્તર અલ્ઝુમાબાનુની શાદી ભરૂચ નિવાસી યાકૂબ સુલેમાન પટેલ લુવારાવાળાના નેક ફરઝંદ શોએબ સાથે તા. ૧૮–૧–૨૦૨૦ શનિવાર, ૨૨–જમાદિયુલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧ના રોજ રાખવામાં આવી.

**હલદરવા** : (તા. કરજણ, જિ. વડોદરા) હાજી ઈનાયત યૂસુફ બોરીવાળાના નેક ફરઝંદ મુહમ્મદફૈઝની નિકાહખ્વાની કુરચણ ખાતે જનાબ બાબુભાઈ યાકૂબ શેઠની નેક દુખ્તર રઝીનાબાનુ સાથે તા. ૧૯–૧–૨૦૨૦ રવિવાર, મુ. ચાંદ ૨૩–જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૧ના રોજ રાખવામાં આવી.

**નબીપુર** : ખાતે ઐયૂબ આદમ મૂસા કડુજીની નેક દુખ્તર મિસ્બાહબાનુની નિકાહખ્વાની તા. ૨૫–૧–૨૦૨૦ શનિવારે, ૨૯–જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૧ના રોજ જામા મસ્જિદ ટંકારીઆ ખાતે રાખવામાં આવી.

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેક઼ાલ પુરમલાલ : કુરચણ** : ખાતે ગુલામ હાજી મૂસા ઈસાનો તા. ૨૮–૨–૨૦૨૦ શનિવાર, ૧૩ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૪૧ના રોજ ઈન્તેક઼ાલ થયો. તેમજ પાલેજ ખાતે રહેતા હાફિઝ હનીફ ઈસ્માઈલ આદમ બાપુ કુરચણવાળાનો ૫૭ વરસની વયે તા. ૧૩–૨–૨૦૨૦ જુમેરાત, ૧૮ જમા.આખરના રોજ અચાનક ઈન્તેક઼ાલ થયો જેમની દફનવિધિ કુરચણ મુક઼ામે કરવામાં આવી. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમોની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

# તાજુશ્શરીઅહના
## જીવનચરિત્રની ઝલકો
હપ્તો : ૧૦

### અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین થી અક઼ીદત

અલ્લાહવાળાઓ, અલ્લાહના મહબૂબ બંદાઓથી ઘણી અક઼ીદત તથા મહોબ્બત ધરાવે છે. તેમનો અદબ કરે છે, તેમની બારગાહમાં હાજરીઓ આપે છે. તેમના વસીલાથી દુઆઓ માગે છે. તેમની રવિશ અપનાવે છે. તેમનો દુનિયાભરમાં ખુત્બો પઢે છે. તેમના દરથી નિસ્બતને દીન તથા દુનિયામાં કામયાબીનો ઝરીયો સમજે છે. સારાંશ કે એક અલ્લાહવાળાને અલ્લાહવાળાઓથી ઘણો જ લગાવ હોય છે, અક઼ીદત તથા મહોબ્બત રહે છે. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ વલી ઈબ્ને વલી ઈબ્ને વલી ઈબ્ને વલી છે કે તેમને જોવાથી ખુદા યાદ આવી જાય છે, જેથી તેમનામાં અવલિયા અલ્લાહથી અક઼ીદત તથા મહોબ્બત હોવું એ ફિતરી વાત છે. જેમ કે આપે વિવિધ અવલિયાએ કિરામ મશાઈખે એઝામ, ઉલમાએ ઝી એહતેરામના મઝારો પર હાજરી આપી છે. બરેલી શરીફમાં સિટી ક઼બ્રસતાનમાં આરામફર્મા ખાનવાદએ રઝવિય્યહની હસ્તીઓ, ખાસ કરીને ઈમામુલ ઉલમા મૌલાના રઝાઅલી, રઈસુલ મુતકલ્લિમીન અલ્લામા નક઼ી અલી, ઉસ્તાદે ઝમન અલ્લામા હસન રઝા, દરગાહે આ'લા હઝરત, દરગાહે શાહ દાનાવલી, દરગાહે અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہم اجمعین માં જ્યારે પણ મોક઼ો મળતો હાજરી આપ્યા કરતા હતા.

બદાયૂંમાં છોટે સરકાર, બળે સરકાર, હઝરત નિઝામુદ્દીન અવલિયાના વાલિદ માજિદ, મારહરા મુતહ્હરામાં મારહરાના બુઝુર્ગો, બેલગ્રામ શરીફના બુઝુર્ગો, કાલ્પી શરીફના સાદાતે કિરામ, સદરુશ્શરીઅહ્, હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہم اجمعین ખાસ કરીને ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, શયખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી, હઝરત નિઝામુદ્દીન અવલિયા, બુઝુર્ગાને દહેલી, બુઝુર્ગાને મુંબઈ, બુઝુર્ગાને અહમદાબાદ, સૈયદના રિઝકુલ્લાહ શાહ દાતા–કોડીનાર, અજમેર શરીફમાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہم اجمعین ની બારગાહોમાં હાજરી આપ્યા કરતા હતા. આપ બુઝુર્ગાને પાકિસ્તાન, બુઝુર્ગાને મિસ્ર, દમિશ્ક઼, જોર્ડન, ઉર્દૂન, ઈરાક઼ ખાસ કરીને સરકાર ગૌષે પાક, ઈમામે આ'ઝમ, કર્બલા શરીફ ઉપરાંત મક્કા મોઅઝ્ઝમા મદીના મુનવ્વરાના બુઝુર્ગોની બારગાહમાં હાજરી આપતા રહ્યા.

### હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ની હક્કગોઈ

હઝરત એક મજબૂત દિલ, ખૌફે ખુદાથી ચૂર નફ્સ ધરાવતા હતા. બુઝુર્ગો તથા અસ્લાફના નક઼્શે ક઼દમ પર ચાલતા હતા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હઝરતને જે ખૂબીઓના ભરમારથી નવાઝ્યા છે એ સિફતોમાં એક હક્કગોઈ તથા બેબાકી પણ છે. આપે કદી સદાક઼ત તથા સચ્ચાઈનો દામન હાથથી નથી છોડયો, ચાહે કેટલાયે મસ્લહેતના તક઼ાઝા કેમ ન હોય. ચાહે કેટલીય કેદો બંદની મુસીબતો તથા તકલીફો કે હાથોમાં હાથકડીઓ પહેરવી કેમ ન પડે ! કદી કોઈને ખુશ કરવા માટે તેની ઈચ્છાનુસારનો ફત્વો નથી લખ્યો. જ્યારે કદી ફત્વો લખ્યો તો પોતાના પૂર્વજ બુઝુર્ગો, પોતાના બાપદાદાઓના ક઼દમ બ ક઼દમ લખ્યો. જેવી રીતે જદ્દે અમજદ (દાદા) ઈમામે અહલે સુન્નત સૈયદી

સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ કશાય ડર કે ખચકાટ વિના ફત્વા લખ્યા. આ રીતે આપ પોતાના બાપદાદાઓના નક્શે કદમ પર ચાલતા જોવા મળ્યા. આ હક્કગોઈના સાક્ષી આપના હજારો ફત્વા અને બનાવો છે જે દેશ વિદેશમાં ફેલાયેલા છે.

## ફત્વો આપવામાં સમય તથા સંજોગનો લેહાઝ

એક મુફતીના માટે જરૂરી છે કે જમાનાના હાલાત તથા સંજોગો પર નજર રાખીને શરઈ તથા દીની કાનૂનમાં માર્ગદર્શન પૂરુ પાડે. ઈ.સ. ૧૯૯૫માં હિંદની ગવર્નમેન્ટના ઈલેકશન કમીશન વિભાગે સર્વ દેશવાસીઓના માટે ''ઓળખ પત્ર'' (**ID**) રાખવું અને વાપરવું જરૂરી ઠરાવ્યું. આ ઓળખ પત્રમાં નામ, પિતાનુ નામ, પૂરું સરનામુ, જ.તા. નોંધેલ હોય છે, સાથોસાથ ફોટો ચોંટાડવામાં આવે છે. ફોટો હરામ હોવાના કારણે આસ્તાના આલિયા રઝવિય્યહના મર્કઝી દારુલ ઈફતામાં ઓળખપત્ર બનાવવા ન બનાવવાના વિશે સવાલોનો ઢગલો થઈ ગયો. બીજી બાજુ ઈલેકશન કમીશને પણ સખ્તી કરવી શરૂ કરી આપી કે દરેક કામમાં દા.ત. બેંક એકાઉન્ટ, ખરીદ વેચાણ, નોકરી, શિક્ષણ શેત્ર, તથા વોટિંગ વગેરેમાં આ ઓળખપત્રને અનિવાર્ય ઠરાવી દીધું. એ દરમ્યાન ''અલ જામિઅતુલ અશ્રફિયહ–મુબારકપુર''માં ''મજલિસે શરઈ''માં સેમીનાર યોજાયો. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ તેની સદારત ફર્માવી. રઈસુત્તહરીર અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہની તજવીઝ પર આપે ''ઓળખ પત્ર'' બનાવવાની આ શબ્દો સાથે ઈજાઝત આપી કે, ''આ સ્થિતિમાં *ઈન્દત્તલબિ ઝરૂરતે મલ્જીહ યા હાજતે શદીદા મોતહક્કક્* થશે *(તલબના સમયે એટલે અનિવાર્ય હોય ત્યારે ઝરૂરતે મુલ્જિયહ એટલે જેનો આધાર લેવો પડે એવી જરૂરત અને સખત હાજત પામવામાં આવશે*★) જેથી ખાસ ઓળખપત્રના માટે ફોટો પડાવવાની ઈજાઝત રહેશે.''

*(સેમીનાર, ફેબ્રુ. ૧૯૯૫, મજલિસે શરઈ–જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

પબ્લિક અતિ સખત જરૂરતના હેઠળ હઝરતે શર્તી ઈજાઝત આપી તો એક તબકામાં ટીકા ટીપ્પણ શરૂ થઈ. જ્યારે એની ખબર હઝરતને થઈ તો આપે એક ખુલાસો આપતુ બયાન જારી કરીને ચર્ચાને બંધ કરી દીધી. લખે છે :–

''એવા નવા મસ્અલા જે ખરેખર ફુરુઈ અમલ સંબંધી હોય અને એના સંબંધે કોઈ સ્પષ્ટ જુઝઈય્યહ (હદીષની દલીલ) ન મળી શકે તો દરેક આલિમની તરફ નહીં બલ્કે નિષ્ણાત અનુભવી મુફતીની તરફ રજૂઆત કરવામાં આવે. અને એ મુફતી પર લાઝિમ છે કે શરઈ ઉસૂલોને લક્ષમાં રાખીને તેનો હુકમ બહાર પાડે. શરઈ ઉસૂલોથી હટીને ફત્વો આપવો હરગિઝ જાઈઝ નથી. જો તેણે જેને દલીલ ઠરાવી અને પછી સ્પષ્ટ થયું કે એ દલીલ શરઈ દલીલ નથી તો તરત તેને પાછુ લેવું (રુજૂઅ કરવું) તેના માટે લાઝિમ છે અને હક્કનું એલાન કરવું જોઈએ. કોઈ હરામ ચીજને મુબાહ હોવાનો ફત્વો તે વખતે આપવામાં આવશે

---

★ ***ઝરૂરત*** *: એ બાબત જેના પર દીન, અકલ, નસબ, જાન, માલ આ પાંચ ચીજોનો આધાર હોય કે એના ન હોવાથી આ પાંચ ચીજો ખત્મ થઈ જાય અથવા ખત્મ થવાનો સંપૂર્ણ ભય હોય તેને શરીઅતની બોલીમાં 'ઝરૂરત' કહેવામાં આવે છે. જેમ કે દીન માટે અકાઈદ તથા જરૂરી વાતોનો ઈલ્મ પ્રાપ્ત કરવો, અકલ તથા નસબ માટે શરાબ અને ઝિનાથી બચવું, જાન માટે જીવવા પૂરતું ખાવું, માલ માટે કમાવવું, અને માલને બચાવવું.*

***હાજત*** *: એ બાબત જેના પર પાંચ ચીજોનો આધાર ન હોય, પરંતુ તેના વિના જીવન વીતાવવામાં સખત તકલીફ અને મુશ્કેલી ઉભી થતી હોય તેને 'હાજત' કહેવામાં આવે. જેમ કે જીવન વીતાવવામાં અજવાળુ.*

જ્યારે કે ત્યાં આ ઝાબ્તો (નિયમ) લાગુ પડે. الضرورات تبیح المحظورات ......અને મુફતીને યક઼ીન થઈ જાય કે આ શરઈ જરૂરતના વિરુદ્ધમાં કોઈ અન્ય શરઈ ક઼ાયદો નથી."

*(ક઼લમી ફત્વો, રજીસ્ટર મર્કઝી દારુલ ઈફતા–બરેલી શરીફ)*

હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ અનેક દીની ઈદારાઓ, દારુલ ઈફતા, માહનામા, વર્તમાન પત્રો, લાયબ્રેરીઓ, ઈસ્લામિક રિસર્ચ સેન્ટર્સ વગેરેની સ્થાપ્ના તેમજ સરપરસ્તી કરી દીનો સુન્નિયતની બેનમૂન ખિદમત અંજામ આપી છે.

*(વધુ વિગત માટે વાંચો કિતાબ : સવાનેહે તાજુશ્શરીઅહ, અઝ : મુફતી મુહમ્મદ યૂનુસ રઝા મૂનિસ ઉવૈસી)*

એ ઉપરાંત હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ દેશ પરદેશના અનેક તબ્લીગી દૌરા કર્યા છે. હિંદુસ્તાન તથા વિદેશોમાં કરોડોની સંખ્યામાં મુરીદો તથા અક઼ીદતમંદો, સેંકડોની સંખ્યામાં ખલીફાઓ, હજારોની સંખ્યામાં શાગિર્દો જેઓ વિશ્વના વિવિધ દેશોમાં મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસારમાં વ્યસ્ત છે. આપે એશિયાખંડ, યૂરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા વગેરેના વિવિધ દેશોમાં તબ્લીગી દૌરા કર્યા. પાકિસ્તાન, મિસર, સિરીયા વગેરે અરબના દેશોમાં આપે કોન્ફ્રન્સો તથા મહત્વની મીટિંગો એટેન્ડ કરી જ્યાં આપની ત્યાંના ઉચ્ચ કોટીના ઉલમાએ ખૂબ જ ઈજ્જત કરી.

## તાજુશ્શરીઅહ તથા એવોર્ડો

આપની દીની તથા મિલ્લી ખિદમતો ચમકતા સૂરજની જેમ જાહેર છે. જ્યારે આપ જામેઅ અઝહર–મિસરમાં કુલ્લિયા ઉસૂલુદ્દીન ક઼િસ્મુત્તફસીર વલ હદીષમાં પ્રથમ નંબર પર આવ્યા તો ત્યાં કર્નલ જમાલ અબ્દુન્નાસીરે એવોર્ડ આપ્યો હતો. ઈ.સ. ૨૦૦૯માં જ્યારે આપે મિસરનો દોરો કર્યો તો જામેઅ અઝહર તશરીફ લઈ ગયા. ત્યાં આપના સન્માનમાં જલસો રાખવામાં આવ્યો. શૈખુલ જામિઆ મુહમ્મદ તન્તાવી–જામેઅ અઝહર કાહિરા તેમના ઉપરાંત જામિઆના અન્ય હોદ્દેદારોની મૌજૂદગીમાં જામેઅ અઝહરની તરફ الدراع الفخری (ફખ્રે અઝહર) નામનો એવોર્ડ આપવામાં આવ્યો.

તદ્ઉપરાંત વિવિધ જલસાઓ, પ્રોગ્રામોમાં હિંદ તથા હિંદ બહારથી લોકોએ એવોર્ડો પેશ કર્યા. ચાંદી, રૂપિયા વગેરેથી તોલવાની વાત પણ મુરીદો તથા અક઼ીદતમંદોએ કરી પણ હઝરત તાજુશ્શરીઅહએ તેનાથી મના કર્યું. તદ્ઉપરાંત પૂરા વિશ્વના વિવિધ ક્ષેત્રની પ્રભાવશાળી વ્યક્તિઓની જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીના ઈસ્લામિક ક્રિશ્ચન અંડર સ્ટીંગ સેન્ટરે ગણત્રી કરી તો એમાં ૫૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને ૨૮મા નંબર પર રાખ્યા.

*(દૈનિક ઈન્ક઼િલાબ, ૧૪–૧૨–૨૦૧૧, પેજ–૧)*

શું આપ શાદી અંગે વિચારી રહ્યા છો ?

**સુન્ની મુસ્લિમ મેરેજ બ્યુરો**

www.sunnimuslimshaadi.com

ઓનલાઈન મેરેજ બ્યુરોના ફાયદા

- ઘણીબધી પસંદગીની તક
- ટાઈમ, ટુરીંગ, પૈસાની બચત
- છોકરી પક્ષવાળા પણ માંગુ નાખી શકે છે.
- વાર્ષિક ફી રૂા. ૧૫૦૦/–

કસ્ટમર કેર :–
૦૦૯૧ ૨૮૫ ૨૬૫૩૦૪૮
૦૦૯૧ ૯૫૫૮૦ ૨૩૩૭૭
ટાઈમ : સાંજે ૬ થી ૮
રવિવારે બંધ

સુચના : અમારી વેબસાઈટ ફક્ત પાત્રની માહિતી આપે છે, બન્ને પક્ષોએ બધી જાતની તપાસ પોતાની રીતે કરી લેવી.

# સદ્‌વર્તન અને મખ્લૂકની સેવા વિના તબ્લીગ કેવી ?

*"જો તમે કોઈ શખ્સને પકડી તેના દિમાગની હાલત જાણ્યા સમજ્યા વિના તેની સમસ્યાઓ અને જરૂરતો જાણ્યા વગર તબ્લીગના જોશમાં નસીહત કરવાનું શરૂ કરી દીધું તો બની શકે છે કે સામેવાળામાં દિલચસ્પીની જગ્યાએ ગભરાહટ પેદા થઈ જાય."*

વાતમાં અસરકારક્તા પેદા થવી તથા સામી વ્યક્તિનું બોધગ્રહણ કરવું એ કેટલીક વાતો પર આધારિત છે. જેમ કે જે વાત કહેવામાં આવી રહી છે એ ઈન્સાનના દિમાગ અને સ્વભાવથી કેટલી હદ સુધી મળતી છે અને તેને કેટલી અસરકર્તા છે, અથવા જેની સામે વાત કરવામાં આવી રહી છે તે પોતે કેવો છે, કઈ હાલતમાંથી પસાર થઈ રહ્યો છે, કઈ સમસ્યાઓમાં સપડાયેલો છે, તેના દિલની જમીન કેવી છે અને તેના વિચારો કેવા છે, કઈ વિચારશ્રેણીને માનવાવાળો છે અને એ પણ કે કુટુંબ અને સમજમાં તેનું બેકગ્રાઉન્ડ કેવું છે. એટલા માટે કે કોઈના દિલ અને દિમાગને પ્રભાવિત કરવા અને તેના વિચારો તથા ચિંતન પર અસર કરવા હિકમતપૂર્ણ કોશિશ અને તેના માટે જરૂરી તૈયારીઓનો તકાઝો કરે છે. આ વાતને આપણે એક ઉદાહરણથી સમજીએ. એક ખેડૂત જ્યારે જમીનમાં કોઈ બીજ વાવે છે, તો તે બીજ નાખતા પહેલાં જરૂરી તૈયારીઓ કરે છે. પહેલાં જમીનમાંથી બેકાર કચરો સાફ કરે છે, પછી જમીનને ખેડીને નરમ કરે છે અને કાંકરીઓ, પથ્થરોને દૂર કરે છે. જ્યારે માટી નરમ અને પોચી (ખેતી લાયક) થઈ જાય છે તો તેમાં બિયારણ નાખે છે, પછી પાણી નાખીને પરિણામની વાત જુએ છે. જો બિયારણ સારું અને બરાબર હોય તો તે જમીનને ચીરીને કૂપણો તથા પાંદડાં બહાર લાવે છે અને આ કૂપણો તથા પાંદડાં બહાર આવવાના સમયગાળા દરમિયાન પણ સતત નિગરાની રાખી પાણી નાખવું અને ખરાબ અસરોથી બચાવવા માટે ઘણી જ મહેનતની જરૂરત પડે છે, ત્યારે કાંઈક જઈને તે પોતાના ફળોથી ખેડૂતને ફાયદો પહોંચાડે છે.

## ★ દીનની દા'વત ક્યારે અસરકારક બનશે ? ★

આજ પરિસ્થિતિ ઈન્સાનોમાં અસર નાખવા બાબતે છે. જો તૈયારી કર્યા વિના લોકોને સારી વાતો બતાવી પણ દો તો તેની અસર થોડાક સમય માટે રહે છે, જે ખૂબ જ ઝડપી દિમાગોમાંથી નીકળી જાય છે અને જિંદગી પર તેની અસર થતી નથી, તેમની વિચારશ્રેણી તથા ચિંતન બદલાવનું કોઈ કામ થતું નથી. એટલા માટે દા'વતના કામમાં હિકમતને ધ્યાનમાં રાખવું પ્રથમ શર્ત છે. અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલ ﷺને દા'વતના કામ માટે

રજૂકર્તા : હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ *(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

નિયુક્ત કર્યા તો ફર્માવ્યું :–

اُدْعُ اِلٰی سَبِیْلِ رَبِّکَ بِالْحِکْمَةِ "પોતાના રબના રસ્તા તરફ દા'વત આપો હિકમતની સાથે."

હિકમતનો શબ્દ ઘણો જ અર્થપૂર્ણ છે અને તેનો ઉપયોગ ઘણી બધી હાલતો અને સૂરતોમાં થાય છે. જેમ કે હિકમત એ છે કે દા'વત પેશ કરવા માટે યોગ્ય સમયની રાહ જોવામાં આવે અને ઘણીવાર ઘણી ઉપયોગી વાતો પણ કસમયની બકવાસ પુરવાર થાય છે અથવા તેની કોઈ અસર થતી નથી અથવા સામાવાળા પર ઉલ્ટી અસર પડે છે, અને તે માણસ તેનાથી નજીક થવાની જગ્યાએ દૂર થઈ જાય છે. એટલા માટે કુર્આનમાં ફર્માવવામાં આવ્યું : فَذَكِّرْ اِنْ نَّفَعَتِ الذِّكْرٰى "યાદ અપાવો ત્યારે કે જ્યારે તે લાભદાયી હોય."

જો તમે કોઈ માણસને પકડીને તેના દિમાગની હાલત જાણ્યા વિના, તેની સમસ્યાઓ અને જરૂરતોને જાણ્યા વિના તબ્લીગના જોશમાં નસીહત કરવાનું શરૂ કરી દીધું તો બની શકે છે કે સામેવાળા ઉપર શોખની જગ્યાએ ગભરાહટ પેદા થઈ જાય છે. એટલા માટે તબ્લીગમાં આ પ્રકારની ઉતાવળ હિકમત વગરનો અમલ છે.

તમે જે માણસને પોતાની દા'વત આપવા માગો છો તો જરૂરી છે કે તમે તેનાથી ગાઢ સંબંધ પેદા કરો, અને તેની સાથે દોસ્તી કરો, પોતાના સારા અખ્લાક઼ (વ્યવહાર)થી તેનું દિલ જીતો અને તેના મસાઈલ (સમસ્યાઓ)ને હલ કરવાની કોશિશ કરો, ત્યાં સુધી કે તેના દિલમાં એક નિઃસ્વાર્થ, મુખ્લિસ અને હમદર્દ તથા એહસાન કરનારની હૈસિયતથી તમારી તસ્વીર બની જાય. આ સંબંધ દરમિયાન ખરેખર તમે આપોઆપ તેની હાલતો અને સમસ્યાઓથી તેના અક઼ીદા અને વિચારોથી, તેના દિમાગની હાલત અને માનસિક્તાથી તેના કૌટુંબિક અને સામાજિક મામલાઓથી અને તેના કુટુંબના લોકોથી પણ સારી રીતે વાકેફ થઈ જશો. અને તે તથા તેનું આખુ ખાનદાન પણ તમારી સાથે સારી રીતે જાનપહેચાનવાળુ થઈ જશે. ધીરે ધીરે આપમેળે તમને એ વાત સમજમાં આવવા લાગશે કે સામેવાળાને ક્યારે અને કેવી રીતે પોતાની વાત કહેવી જોઈએ. સંબંધોના દરમિયાન ખરેખર ઘણા બધા એવા મોક઼ાઓ આવશે જ્યારે તમને તમારી વાત કહેવાનો યોગ્ય સમય માલૂમ થશે. આવા મોક઼ાથી ફાયદો ઉઠાવવો તમારી હિકમત અને સમજદારી પર આધારિત છે.

## ★ દા'વતના કામમાં શું હિકમત ધ્યાનમાં રાખવી ? ★

સારાંશ કે એ એક સિદ્ધ થયેલ હક઼ીક઼ત છે કે જેણે સંબંધો રાખીને સામેવાળાના દિલની જમીન બરાબર કરી લીધી, તેણે દા'વતનું અડધુ કામ કરી લીધું. હવે દિલની જમીન તેની વાત સાંભળવા અને ક઼બૂલ કરવા માટે ઘણી હદ સુધી તૈયાર થઈ ગઈ છે, ફક્ત બીજ નાખવાની જરૂરત છે. બીજ નાખ્યા પછી જો તરત જ પરિણામ ન મળે તો ઉતાવળ અને સબ્ર વગર કામ લે. યોગ્ય સમયની રાહ જુએ, ત્યાં સુધી કે બિયારણ કૂપણો અને હરીયાળી લાવે. હિકમત એ પણ છે કે સામેવાળાના દિમાગની હાલતનો ખયાલ રાખીને વાતચીત કરવામાં આવે. કોઈ ઓછુ પઢેલા, લખેલા માણસની સાથે આલિમાના ઝબાનમાં વાતચીત કરવી એ આલિમાના વિષયો પર ખયાલો જાહેર કરવા તે તેને પસંદ તો કરી શકે છે, પરંતુ તેની શક્યતા ખૂબ જ ઓછી છે કે તે વાતને સમજી લે અને રાહ પર આવી જાય.

હિકમત એ પણ છે કે વાત સામાન્ય રીતની આસન અને ટૂંકી હોય. નસીહત એટલી જ હોવી

જોઈએ જેટલી સાંભળવાવાળો શોખથી સાંભળી શકે. લાંબી તકરીરો અને થકાવી દે એવી વાતચીત, ભારે અને ગુંચવણભર્યો બયાનનો તરીકો, સારી સામગ્રી (સારા મુદ્દાઓ) હોવા છતાંય સામેવાળા પર સારી અસર નથી પાડતી. ક્યારેક ક્યારેક ઉદાહરણો પણ વાતને સ્પષ્ટ બનાવવા ઉપયોગી બને છે જેથી ઉદાહરણોથી પણ મોક઼ાસર ફાયદો ઉઠાવવો જોઈએ.

અસરકારક્તા માટે બીજી શર્ત અથવા બીજા શબ્દોમાં બીજુ મહત્વનું હથિયાર મવઅઝે હસના, એ છે કે મીઠી ઝબાન અને નરમ વાતચીત દિલોને સ્પર્શી લે તેવો બયાનનો અંદાજ હોવો. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

قَوْلٌ مَّعْرُوْفٌ وَّ مَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَآ اَذًى ؕ

"સારી વાત કહેવી અને દરગુઝર કરવું એ તે ખૈરાતથી બેહતર છે જેના બાદ સતાવવું હોય."

*–(સૂ. બક઼રહ, આ. ૨૬૩, કન્ઝુલ ઈમાન)*

ત્રીજી વસ્તુ "જદાલે અહસન" છે. જ્યારે વાતચીત સમજાવવા સમજવાની મંઝિલે થઈને પસાર થતી હોય તો પોતાની વાતને બરાબર રીતે બયાન કરો કે જે દિમાગોને અસર કરે અને દિમાગોમાં ઉતરી જાય. સૂરએ નિસાઅ, આયત ૬૩માં અલ્લાહ તબારક વ તઆલાએ નબી ﷺને હિદાયત આપી :–

وَ عِظْهُمْ وَ قُلْ لَّهُمْ فِيْٓ اَنْفُسِهِمْ قَوْلًا بَلِيْغًا

"તેમને સમજાવો અને એવી નસીહત કરો કે જે દિલોમાં ઉતરી જાય." *(સૂરએ નિસાઅ, આ. ૬૩)*

સારાંશ કે જીભ તથા ભાષાની મીઠાશ અને વાતને દલીલબદ્ધ રીતે રજૂ કરવાનો તરીક઼ો જેવી રીતે દિલોમાં એક બાજુ જગા બનાવે છે તેવી જ રીતે બીજી બાજુ દિમાગોને પણ સર કરી લે છે. કલીમ આજિઝે કહ્યું :

*વાત ચાહે બેસલીક઼ા હો કલીમ*
*બાત કહનેકા સલીક઼ા ચાહિયે*

### ★ દાઈનો કિરદાર કેવો હોવો જોઈએ ? ★

ચોથી ચીજ જે સામાને પ્રભાવિત કરનારી અને દિલોમાં જગા બનાવનારી છે તે દાઈ (દા'વત આપનાર)નો સારો કિરદાર છે. જો દાઈ સારા કિરદારથી સજ્જ ન હોય તો સર્વ ખૂબીઓ હોવા છતાં સામાને પ્રભાવિત કરવાનો માર્ગ સરળ નહીં બને, એટલા માટે દા'વત આપનારે હુસ્ને અખ્લાક઼ (સદ્વર્તાવ)ના પયકર હોવું જોઈએ. લોકોની સાથે બુરાઈનો વર્તાવ ન અપનાવે બલ્કે બુરાઈને ભલાઈથી દૂર કરે. સારા કિરદારનું આ પાસુ એટલુ શાનદાર તથા ઉજ્જવળ કે તેનો કોઈ જવાબ નથી. કટ્ટરથી કટ્ટર દુશ્મન પણ સારા કિરદારવાળા આ પાસાથી મીણ બની જાય છે. અલ્લાહ તઆલાએ પોતાના નબી ﷺને કેટલી કિંમતી વાત બતાવી છે. આ એવી ઉમદા નસીહત છે જે દુનિયાના અંત સુધી સર્વ હક્ક઼ના દાઈઓને કામયાબીનો માર્ગ બતાવતી રહેશે :–

وَ لَا تَسْتَوِى الْحَسَنَةُ وَ لَا السَّيِّئَةُ ؕ اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَ بَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ ﴿۳۴﴾ وَ مَا يُلَقّٰهَآ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا ۚ وَ مَا يُلَقّٰهَآ اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ ﴿۳۵﴾

"આ આયતનો મતલબ એ છે કે હે નબી ! નેકી તથા બુરાઈ સમાન નથી, તમે બુરાઈને તે નેકી વડે દૂર કરો જે બેહતરીન છે. તમે જોશો કે તમારી સાથે જેની અદાવત પડેલી હતી તે જિગરી દોસ્ત બની ગયો છે. આ ખૂબી (ગુણ) નસીબ નથી થતી પણ તે લોકોને જેઓ સબ્ર કરે છે અને આ મક઼ામ હાંસલ નથી થતો પણ તે લોકોને જેઓ મહાન નસીબવાળા છે."

*–(હા, મીમ, સજદા, આ. ૩૪, ૩૫)*

બુરાઈ કરનારા સાથે ભલાઈ કરવી અને દરગુઝરથી કામ લેવું એ પણ નેકીનો એક દરજો છે. પણ એ એવી સિફત (ગુણ) છે જે જવલ્લેજ જોવા મળે છે. રસૂલે અકરમ ﷺનો એ બનાવ તો આપના દિમાગમાં હશે કે એક વૃદ્ધા આપને ઈજા પહોંચાડવા માટે રસ્તામાં કચરો તથા ગંદકી નાખી દેતી હતી. હુઝૂર ﷺ તેણીને તેના જવાબમાં ભલુ બુરુ કહેતા ન હતા, બલ્કે ચુપચાપ પસાર થઈ જતા હતા. વૃદ્ધા પોતાના રોજીંદા નિયમાનુસાર હુઝૂર ﷺના રસ્તામાં કચરો પૂંજો નાખતી રહી અને હુઝૂર ખામોશીથી પસાર થતા રહ્યા. એક દિવસે એવું થયું કે હુઝૂર ﷺના માર્ગમાં કચરો પૂંજો ન હતો. હુઝૂર علیہ الصلوٰۃ والسلامને ચિંતા થઈ જેથી આપે વૃદ્ધાના વિશે પૂછયું તો જાણવા મળ્યું કે તેણી બીમાર છે. જેથી આપ ﷺ તેની ખબર પૂછવા તેના ઘરે તશરીફ લઈ ગયા. હુઝૂર ﷺના આ સારા વર્તાવ અને નેક અમલથી તે વૃદ્ધા પર જાદુઈ અસર થઈ અને તે તેણી આપ علیہ الصلوٰۃ والسلام પર ઈમાન લાવીને ઈસ્લામના દામનમાં આવી ગઈ. આ જ તે અપીલ છે જેના બરામાં કહેવામાં આવ્યું છે, "તમે બુરાઈને તે ભલાઈના વડે દૂર કરો જે બેહતરીન હોય." આ તે ગુણ છે જે દિલોને પીગળાવી દે છે. આ ગુણ વડે દરેક દીનના દાઈએ સજ્જ રહેવું જોઈએ. જો આ ગુણ તમારામાં પેદા નથી થયો તો જિંદગીભરની કોશિશ બેકાર થશે.

## ★ વતનીભાઈઓ સાથે આપણો વર્તાવ કેવો હોવો જોઈએ ? ★

આપણો દેશ એક મોટો દેશ છે જેની વસ્તી ૧૩૦ કરોડ છે. અહીં અગણિત અક઼ીદાઓ તથા ધર્મોના માનવાવાળા, વિવિધ ભાષાઓ બોલનારા, વિવિભ રંગ તથા વંશ, કબીલાઓ તથા બિરાદરીથી સંબંધ રાખનારા, વિવિધ સામાજિક રસ્મો રિવાજ ધરાવનારા લોકો લાંબા અરસાથી રહેતા ચાલ્યા આવે છે. તેમના રહેવા વસવાટના તરીક઼ાઓમાં કોઈ બહારની દખલ કે રુકાવટ નથી. આઝાદી બાદ આપણા દેશની બંધારણની રચના પણ કાંઈક એવા અંદાઝમાં કરવામાં આવી છે કે દરેક ધર્મ તથા જાતિના લોકોને પોતાના તરીક઼ાઓ પર અમલ કરવાની આઝાદી હોય અને સર્વના માટે પ્રગતિના મોક઼ાઓ સમાન રીતે ઉપલબ્ધ હોય. વિચારોનું પ્રદર્શન, વિચારો તથા માન્યતાઓના પ્રચાર પ્રસાર તથા ધર્મ તથા અક઼ીદાની તબ્લીગ પર કોઈ પાબંદી ન હોય. આ સ્થિતિ દીનના દાઈઓ માટે ઘણી ગનીમત તથા સંતોષજનક છે, અને વતની ભાઈઓમાં ઈસ્લામનો પ્રભાવ તથા અસર પહોંચાડવાના મોક઼ાઓ પૂરા પાડે છે, અને કામયાબીના માટે પોતાનામાં શક્યતાઓની એક વિશાળ દુનિયા ધરાવે છે. ખાસ કરીને આ બાબતમાં આ દેશમાં સામાજિક અસમાનતાનો એક દૌર ચાલ્યો છે પણ એ તસ્વીરનું એક પાસુ છે. બીજુ પાસુ એ છે કે આ દેશમાં મુસલમાન લગભગ એક હજાર વરસોથી આબાદ છે. પોતાના દૌરની રાજસત્તામાં તેમણે દીનની દા'વત તરફ કોઈ ખાસ લક્ષ નથી આપ્યું. પાછલી સદીમાં જ્યારે કે હિંદુ તથા મુસલમાન ભેગા થઈને આઝાદીની લડત લડી રહ્યા હતા. બંનેની વચ્ચે ક઼ૌમી ખેંચતાણની લડાઈ પણ શરૂ થઈ ગઈ અને સંજોગોના દબાવે મુસલમાનોના એક મોટા વર્ગને પાકિસ્તાનની માગણી પર મજબૂર કરી દીધા. છેવટમાં દેશ બે ભાગમાં વિભાજન પામીને આઝાદ થયો. આઝાદી મળતાંની સાથે જ નફરતની આંધીઓ ચાલવા લાગી. લૂટમારનો દૌર શરૂ થયો. વસ્તીઓની અદલાબદલી થઈ ગઈ, લોહીની નદીઓ વહી. ઘણી ખૂંખાર આઝાદી હતી જે આપણે હાંસલ કરી. આઝાદી બાદ મુસલમાનો સાથે બહુમતિનો ઘણો જ અયોગ્ય વર્તાવ રહ્યો અને તોફાનોનો એક અંત ન

પામનારો ક્રમ શરૂ થઈ ગયો. મુસલમાનોને રાજનૈતિક, સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે દરેક એતબારથી દબાવવાની કોશિશ કરવામાં આવી. શૈક્ષણિક ક્ષેત્રે અભ્યાસક્રમમાં નફરતનો એક નવો ઈતિહાસ લખવો શરૂ થયો અને એવી કટ્ટર હિંદુવાદી સંસ્થાઓ જોર પકડવા લાગી જે હિંદુસ્તાનમાં મુસલમાનોનું અસ્તિત્વ એક અલગ કૌમની હૈસિયતથી સહન કરવા માટે તૈયાર ન હતી. અને આઝાદીના ૬૦ વરસો બાદ એ સંસ્થાઓ મજબૂત ઝાડ બનીને અલલ એલાન મુસલમાનોનું વજૂદ ખત્મ કરી દેવાના માર્ગે છે. આવા સંજોગોમાં દીનની દા'વતનું કામ કરવું અતિ મુશ્કેલ હતું. તેમ છતાં મુસલમાન પોતાના પાછલા રવૈયાઓથી નજર ફેરવીને એ જ કામમાં લાગી જાત તો આજે પરિસ્થિતિ કાંઈક જુદી હોત, પણ અફસોસ! સેંકડો અફસોસ ! મુસલમાન પોતાના અલગ જાતિપણાના આધાર પર હક્કોની જંગ અને માગણીઓનું રાજકરણ કરવા લાગ્યા જેનાથી નફરત તથા ખેંચતાણના ક્રમને તીવ્ર કરી દીધો. આવા હાલાતમાં આજે આપણે વિચારવું જોઈએ કે વતનીભાઈઓમાં ઈસ્લામનો પ્રભાવ નાખવાના માર્ગો શું હોવો જોઈએ.

યાદ રાખશો કે સહીહ અક઼ીદા તથા સાચા મુસલમાનોને બદ્‌નામ કરવાના માટે પશ્ચિમથી આવેલી જે બોલીઓ લોકપ્રિય થયેલી છે એમાં રૂઢીચુસ્ત (**Orthodox**), જૂનવાણી (**Fundamentalist**), કટ્ટરપંથી તથા અંતિમવાદી (**Extremist**) જેવી બોલીઓ છે, અને પાછલા પાંચ સાત વરસોથી આંતકવાદી (**Terrorist**)નું એક નવું ટાઈટલ મુસલમાનો માટે ઘણા જોર શોર સાથે વાપરવામાં આવે છે અને પરિસ્થિતિ કેવળ દેશમાં જ નહીં વિશ્વ સ્તરે એટલી ખરાબ કરી દેવામાં આવી છે કે ઈસ્લામની તબ્લીગ કરવી તો દૂરની વાત છે પણ ઈસ્લામનું નામ લેવું પણ હિંમતે મર્દાનાનું કામ છે !

પરિસ્થિતિને બદલવા માટે જરૂરી છે કે મુસલમાન આ દેશમાં માગણીઓ તથા હક્કોના રાજકરણથી કિનારે થઈને દા'વતના કામમાં લાગી જાય. પણ જાહેર છે કે આ એવી તમન્ના છે કે જેના બર આવવાની કોઈ સ્થિતિ નથી. પ્રથમ તો આપણે હુસ્ને અખ્લાક઼ તથા ખિદમતે ખલ્ક઼ (સદ્‌વર્તાવ તથા લોક સેવા) થકી લોકો સુધી પહોંચવું જોઈએ અને લોકોનો એ જ મિજાઝ બનાવવો જોઈએ. એટલા માટે નહીં કે ખિદમતે ખલ્ક઼ દીનની દા'વતનો એક અસરકારક ઝરીયો છે બલ્કે એટલા માટે કે આ જ એનો ફિતરી કિરદાર અને તેના કિરદારનો મૂળ ગુણ છે. હુસ્ને અખ્લાક઼, હુસ્ને ગુફ્તાર (ઉમદા વાણી) અને ખિદમતે ખલ્ક઼ એના કિરદારનું તે જૌહર છે જે તેને જન્નતમાં લઈ જનારું છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમાન પછી સૌથી સારો અમલ આમ લોકો સાથે સારી રીતે વર્તવું." હઝરત જાબિર رضی اللہ عنہની રિવાયત છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "સૌથી સારો માનવી તે છે જે માણસોને ફાયદો પહોંચાડવામાં સૌથી આગળ હોય." આ પ્રકારની અસંખ્ય હદીષો તથા કુર્આની આયતો છે જે એવું બતાવે છે કે ખિદમતે ખલ્ક઼ (લોક સેવા) અને માનવોની ભલાઈ જ મુસલમાનનો તૌર તરીક઼ો હોવો જોઈએ. એના વિના ન એનું ઈમાન સંપૂર્ણ થાય છે અને ન ઈસ્લામ સંપૂર્ણ થાય છે.

આ દેશની બહુમતિ અછૂત, દલીત તથા આદીવાસી વસ્તીઓ પર આધારિત છે. કરોડો લોકો સામાજિક અસમાનતાના શિકાર છે. અસંખ્ય લોકો ગરીબી, બીમારી, અજ્ઞાનતા તથા ફાક઼ાના શિકાર છે.

જે કોઈ એમની મુસીબતોમાં કામ આવશે અને તેમનું દુઃખદર્દ દૂર કરશે તે જ એમના દિલ પર રાજ કરશે. અછૂતો તથા દલીતોનો વોટ હાંસલ કરવા આજકાલ ઘણી બધી પાર્ટીઓ ખિદમતે ખલ્ક્ તથા આર્થિક મદદના પ્રોગ્રામની સાથે તેમની વચ્ચે કામ કરી રહી છે. જો તમો પણ તદ્દન એવા જ પ્રકારના પ્રોગ્રામની સાથે તેમની દરમિયાન જશો તો તમો તેમનો મુક઼ાબલો નહીં કરી શકો, કેમ કે તેમની પાસે સાધન સામગ્રી (માલ સંપત્તિ) અધિક છે, એટલા માટે આપની કોશિશ ધ્યાનમાં લેવામાં નહીં આવે. પરંતું જો આપ ભાઈચારાના સંબંધની સાબિતી આપતાં તેમને પોતાની સાથે બેસાડીને ખવડાવશો અને તેમની સાથે માનપૂર્વક વર્તાવ કરવો તો પછી આપના માટે તેમના દિલમાં જગા બની જશે. ગંદા લોકોની વચ્ચે, ફાટેલા પૂરાણા કપડાં પહેરેલ લોકોની સાથે ગંદી જગાઓ પર બેસવાનું શું આપ પસંદ કરશો ? જો એની હિંમત તમારામાં છે તો વિના શંકાએ તેમની અંદર તમારી અસર છોડવાનો માર્ગ આપના માટે ખુલ્લો છે. જો ખરેખર કામનો હોસલો આપની અંદર છે તો મોક઼ાઓ આપની રાહ જોઈ રહ્યા છે. હોસ્પિટલોમાં કેટલાય નિરાધાર બીમારો આપની રાહ જોઈ રહ્યા છે કે એ પ્રસંગે હમદર્દીના બે બોલ કહી દો તો તમારા માટે તેઓ પોતાનો સીનો ખોલી નાખશે. જેલોમાં કેટલાય મુજરિમો કૈદમાં બંધ રહીને જિંદગી ગુજારતા એવી પોઝિશનમાં છે કે આપ તેમને મળો અને ખબરગીરી કરો તો તેઓ આપની વાત ધ્યાનથી સાંભળશે, અથવા કોઈ કિતાબ આપો તો તેઓ વાંચશે.

વતની ભાઈઓના ધર્મો તથા ફિલોસોફીઓનો ઊંડો અભ્યાસ પણ સમજવા સમજાવવા તથા આપસમાં વિશ્વાસ ખડો કરવાના માટે જરૂરી છે. આટલા વિશાળ દેશમાં કામ કરવા માટે આપણી વચ્ચે એવા લોકોની સંખ્યા સેંકડો તથા હજારોમાં હોવી જોઈએ જેઓ તેમના ધર્મોનો વિશેષ રૂપમાં (Specialization) અભ્યાસ ધરાવતા હોય અને તેમની ભાષામાં વાત કરી શકતા હોય.

દેશમાં રાજનૈતિક, આર્થિક તથા સામાજિક કક્ષાએ જે ખરાબીઓ જોવા મળે છે તેમના ઈલાજના માટે ઈસ્લામને એક Alternateની હૈસિયતથી પેશ કરવાની કોશિશ કરવી જોઈએ અને તેના માટે પ્રચારના સર્વ માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ. વતની ભાઈઓમાં અસર પેદા કરવા માટે સ્ત્રીઓનું વર્તુળ પણ આપણા ખાસ ધ્યાનનું મોહતાજ છે. એના માટે પણ ધ્યાન કરવું જરૂરી છે.

ઈસ્લામના બારામાં ફેલાવવામાં આવનારી ગલતફહમીઓ પણ લોકોને ઈસ્લામથી પ્રભાવિત કરવાના માર્ગમાં આડરૂપ છે. એ ગલતફહમીઓનું નિવારણ મોટા પાયા પર કરવું જરૂરી છે. કેમ કે **Communication** અને પ્રચાર માધ્યમો પર એ લોકોનો કબજો છે જેઓ ગલતફહમીઓ ફેલાવી રહ્યા છે અને આપણે આપણા મર્યાદિત માધ્યમો વડે તેમનો રદ નથી કરવા પામતા. એટલા માટે આપણે આ કમજોરી પર ક઼ાબૂ મેળવવો જોઈએ અને સર્વ ક્ષમતાઓ ભેગી કરીને પ્રચાર માધ્યમોમાં શક્તિ ઉપસ્થિત કરવી જોઈએ. દુશ્મન તથા વિરોધી તાક઼તોની પાસે જે માધ્યમો મૌજૂદ છે તે માધ્યમો થકી ફાયદો ઉઠાવવાની કળા પણ આપણને આવડવી જોઈએ. આપણે પોતાની અંદર વિશાળતા (ગુરૂતા) પેદા કરવી જોઈએ, આપણે આપણી અંદર હોસલો બુલંદ નહીં રાખીએ ત્યાં સુધી આપણા દુશ્મનો તથા વિરોધીઓથી કાંઈપણ શીખી શકીશું નહીં.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૨૦)*

# આ'લા હઝરત رضی اللہ عنہ ના મહત્વના રિસાલાઓની યાદી

મુદર્રિસોથી ખાસ અપીલ છે કે પોતાના તલબાને આ રિસાલા પઢવાની તરગીબ આપે અને તાકીદ કરે

| અઝ : હઝરત અબ્દુલમુબીન નો'માની મિસ્બાહી કાદરી | અનુવાદક : મુફતી મુહમ્મદયૂનુસ મિસ્બાહી |
| --- | --- |
| *(અલમજમઉલ ઈસ્લામી–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)* | *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* |

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہના રિસાલાઓની ખાસ યાદી રજૂ કરવામાં આવે છે અને તે એટલા માટે કે મદ્રસાના તલબા તા'લીમ દરમિયાન સમય આપી અથવા રજાઓના દિવસોમાં આસાનીથી પઢી શકે. આ અભ્યાસથી ઈસ્લામી જરૂરી અકીદા, મસાઈલ ધ્યાનમાં આવી જશે. અને સાથે જ આ'લા હઝરત رضی اللہ عنہના મસ્લક અને આપની ફિક્ર, નઝરિયા પણ ખબર પડી જશે. અને પછી આ'લા હઝરત رضی اللہ عنہની બીજી મોટી કિતાબો તથા ફતાવા રઝવિય્યહ્ પઢવાનો પણ જઝબો પેદા થશે. અને જો આગળ પઢવાનો ટાઈમ ન મળે તોય આ રિસાલાઓ (પુસ્તિકાઓ)થી જ એમને ઘણી જરૂરી માલૂમાત મળશે. બાકી તો કેવળ કલાસની કિતાબોમાં મગન રહેવાથી તલબા ઘણી જરૂરી માલૂમાતથી મેહરૂમ રહી જાય છે. એટલા માટે હું ઉસ્તાદો અને મુદર્રિસોથી અપીલ કરું છું કે પોતાના તલબાને આવા સારાં કિંમતી પુસ્તકો પઢવા પ્રોત્સાહિત કરે અને તાકીદ પણ કરે.

ફારિગ થનાર ઓલમાએ કિરામ જેઓ મુદર્રિસ અથવા ઈમામ અથવા બીજા કોઈ દીની કામોથી જોડાયેલ હોય એમનાથી પણ મારી ગુઝારિશ છે કે એ પણ આ રિસાલાઓને જરૂર પઢે. અને એ જ પ્રમાણે જે લોકો આલિમ તો નથી પણ ઈસ્લામી મસાઈલ અને અકીદાનો શોખ ધરાવે છે, એમને પણ આ કિતાબો પઢવી જોઈએ.

એક ખાસ વાત એ પણ છે કે એ ક્યાંથી મળશે, તો આ બાબતે ગુઝારિશ છે કે જેમની પાસે ફતાવા રઝવિય્યહના ૨૩ અથવા ૨૨ હિસ્સાઓ છે તે લોકો એમાંથી કાઢીને પણ પઢી શકે છે, પણ બધી જ જગ્યાએ ફતાવા રઝવિય્યહ હોય નહીં અને એને ખરીદવું એક મોટુ કામ છે, એટલા માટે હું નાશિરે મસ્લકે આ'લા હઝરત જનાબ અલહાજ સઈદ નૂરી, રઝા એકેડમી–બોમ્બેના સ્થાપક અને હઝરત અલ્લામા વ મૌલાના મુહમ્મદ હનીફખાં રઝવી, ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી શરીફના સ્થાપક અને મુનાઝિરે એહલે સુન્નત હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાની મર્કઝે એહલે સુન્નત બરકાતે રઝા, પોરબંદરના સ્થાપકથી ગુઝારિશ કરીશ કે આ હઝરાત થોડુ ધ્યાન આપી આ રિસાલાઓનો એક અલગ સેટ બનાવી છપાવી દે કે તલબા અને ઓલમાએ કિરામ આસાનીથી મેળવી શકે. જે પણ છપાવે એમનાથી ગુઝારિશ છે કે મારાથી કોન્ટેક કરે જેથી નવી તરતીબ (ક્રમ) આપી શકાય.

નીચે દર્શાવેલ રિસાલા (કિતાબો)ના નામ રઝા એકેડમીથી છપાયેલ ૨૩ હિસ્સાવાળી ફતાવા રઝવિય્યહથી લીધેલ છે.

| ક્રમ | વિષય | ભાગ/પેજ નં. |
|---|---|---|
| ૦૧ | تبیان الوضو વૂઝુના હુકમો | (૧/૪૩૯) |
| ૦૨ | عطاء النبی لافاضۃ احکام ماء الصبی બાળકોના પાણીના હુકમો | (૨/૪૯૪) |
| ૦૩ | الاحلیٰ من السکر لطلبۃ سُکّرِ رُوسر વસ્તુઓ મુબાહ છે એ વિશે | (૪/૪૭૩) |
| ૦૪ | منیر العین فی تقبیل الابہامین અંગૂઠા ચૂમવાનો મસ્અલો | (૫/૪૨૯) |
| ૦૫ | الھادی الکاف فی حکم الضعاف ઝઈફ હદીષોનો હુકમ | (૫/૪૭૭) |
| ૦૬ | ایذان الاجر فی اذان القبر ક઼બ્ર પર અઝાનનો મસ્અલો | (૫/૬૫૩) |
| ૦૭ | النھی الاکید عن الصلاۃ وراء عُدی التقلید ગૈર મુક઼લ્લિદની પાછળ નમાઝનો હુકમ | (૬/૬૪૭) |
| ૦૮ | القطوف الدانیۃ لمن احسن الجماعۃ الثانیۃ બીજી જમાઅતનો હુકમ | (૭/૧૧૩) |
| ૦૯ | اجتناب العمال عن فتاوی الجھال (فی بیان قنوت النازلۃ) ક઼ુનૂતે નાઝિલાનું બયાન | (૭/૪૪૭) |
| ૧૦ | التبصیر المنجد بان صحن المسجد مسجد મસ્જિદના સેહનનો હુકમ | (૮/૫૯) |
| ૧૧ | اوفی اللمعۃ فی اذان یوم الجمعۃ જુમ્આના દિવસે અઝાનનું બયાન | (૮/૪૯૭) |
| ૧૨ | وشاح الجید فی تحلیل معانقۃ العید ઈદમાં ગળે મળવાનું બયાન | (૮/૬૦૧) |
| ૧૩ | الحرف الحسن فی الکتابۃ علی الکفن કફનમાં અહદનામા મૂકવાનું બયાન | (૯/૧૦૭) |
| ૧૪ | اھلاک الوھابیین علیٰ توھین قبور المسلمین મુસ્લિમની ક઼બ્રનો એહતેરામ | (૯/૪૨૯) |
| ૧૫ | جُمل النور فی نھی النساء عن زیارۃ القبور મઝારો પર સ્ત્રીઓની હાજરી | (૯/૫૪૧) |
| ૧૬ | ایتان الارواح لدیارھم بعد الرواح રૂહોનું ઘરમાં આવવું | (૯/૬૪૯) |
| ૧૭ | جلی الصوت لنھی الدعوۃ اَمام الموت મૈયતની દા'વતનો હુકમ | (૯/૬૬૧) |
| ૧૮ | اعز الاکتناہ فی رد صدقۃ مانع الزکوٰۃ જે ઝકાત ન આપે અને સદક઼ા આપે | (૧૦/૧૭૧) |
| ૧૯ | ازکی الاھلال بابطال ما احدث الناس فی امر الھلال ચાંદ જોવા વિશે | (૧૦/૩૫૯) |
| ૨૦ | طرق اثبات الھلال ચાંદ દર્શન | (૧૦/૪૦૫) |
| ૨૧ | العروس المعطار فی زمن دعوۃ الافطار ઈફ્તારીની દુઆ ક્યારે પઢવી | (૧૦/૬૩૧) |
| ૨૨ | ازالۃ العار بحجر الکرائم عن کلاب النار બદ્મઝહબ સાથે નિકાહ નથી | (૧૧/૩૭૩) |
| ૨૩ | رد الرفضۃ રાફઝી અને શીઆનો હુકમ | (૧૪/૨૪૯) |
| ૨૪ | اِعلام الاَعلام بان ھندوستان دار الاسلام હિંદુસ્તાનનું દારુલ ઈસ્લામ હોવુ | (૧૪/૧૦૫) |
| ૨૫ | رحیق الاحقاق فی کلمات الطلاق તલાક઼ના શબ્દો | (૧૨/૫૧૩) |
| ૨૬ | انفس الفکر فی قربان البقر ગાયની કુર્બાની | (૧૪/૫૪૫) |
| ૨૭ | الدلائل القاھرۃ علی الکفرۃ النیاشرۃ નેચરીઓનો રદ | (૧૫/૧૦૩) |
| ૨૮ | تدبیر وفلاح ونجات واصلاح કામયાબીની તદબીર | (૧૫/૧૪૧) |

| ક્રમ | વિષય | ભાગ/પેજ નં. |
|---|---|---|
| ૨૯ | الكوكبةالشهابيةفي كفريات ابي الوهابية ઈસ્માઈલ દહેલથીની કુફ્રી વાતો | (૧૫/૧૬૭) |
| ૩૦ | باب العقائدو الكلام ક઼ાદયાનીઓનો રદ | (૧૫/૫૭૧) |
| ૩૧ | السوءوالعقاب على المسيح الكذاب અક઼ાઈદ અને કલામ | (૧૫/૧૨૯) |
| ૩૨ | قهر الديان على مرتد بقاديان ક઼ાદીયાનીનો રદ | (૧૫/૫૯૫) |
| ૩૩ | الجُراز الديّاني على المرتد القادياني ક઼ાદયાનીના રદમાં | (૧૫/૬૧) |
| ૩૪ | سبحٰن السبوح عن كذب عيب مقبوح અલ્લાહ તઆલાનું જૂઠ બોલવું અશક્ય છે | (૧૫/૩૧૧) |
| ૩૫ | سُبل الاصفيا في حكم الذبح للاولياء ઔલિયાની મન્નતનો ઝબીહો | (૨૦/૨૬૯) |
| ૩૬ | الصافية الموحية لحكم جلود الاضحية કુર્બાનીની ખાલનો હુકમ | (૨૦/૫૦૯) |
| ૩૭ | جلى النص في اماكن الرخص રૂખ્સતની જગ્યાઓ | (૨૦/૨૦૧) |
| ૩૮ | بركات الامداد لاهل الاستمداد ઔલિયાથી મદદ માગવી | (૨૧/૩૦૧) |
| ૩૯ | بدر الانوار في آداب الآثار તબર્રુકાતની તા'ઝીમ | (૨૧/૩૯૭) |
| ૪૦ | مقال عُرفا باعزاز شر و علماء શરીઅત અને તરીક઼તનું બયાન | (૨૧/૫૨૧) |
| ૪૧ | مروج النجا لخروج النساء સ્ત્રીઓનું બહાર જવું | (૨૨/૨૨૧) |
| ૪૨ | صفائح اللجين في كون التصافح بكفي اليدين બંનેવ હાથથી મુસાફો | (૨૨/૨૬૯) |
| ૪૩ | الزبدة الزكية في تحريم سجود التحية તા'ઝીમનો સજદો હરામ છે | (૨૨/૪૨૫) |
| ૪૪ | لمعة الضحى في اعفاء اللحىٰ દાઢીના હુકમો | (૨૨/૬૦૭) |
| ૪૫ | راد القحط والوباء بدعوة الجيران و مواساة الفقر સદક઼ો બલાને ટાળે છે | (૨૩/૧૩૫) |
| ૪૬ | اراءة الادب لفاضل النسب નસબનો શરફ | (૨૩/૨૦૧) |
| ૪૭ | هادى الناس في رسوم الاعراس શાદીની રસ્મો | (૨૩/૨૭૭) |
| ૪૮ | الكشف شافيا حكم فونوجرافيا ફોનોગ્રામનો હુકમ | (૨૩/૪૧૧) |
| ૪૯ | حك العيب في حرمة تسويد الشيب કાળો ખિઝાબ હરામ છે | (૨૩/૪૯૬) |
| ૫૦ | خير الآمال في حكم الكسب والسوال હલાલ કમાઈની એહમિયત | (૨૩/૬૦૩) |
| ૫૧ | مسائل سماع મઝામિર સાંભળવાનો હુકમ | (૨૪/૧૪૫) |
| ૫૨ | شرح الحقوق لطرح العقوق હુક઼ૂક઼ અને ફરાઈઝનું બયાન | (૨૪/૩૮૩) |
| ૫૩ | مشعلة الارشاد الى حقوق الاولاد ઔલાદના હુક઼ૂક઼ | (૨૪/૪૫૧) |
| ૫૪ | اعجب الامداد في مكفرات حقوق العباد બંદાઓના હુક઼ૂક઼ | (૨૪/૪૫૯) |
| ૫૫ | اعالى الافاده في تعزية الهند و بيان الشهادة તાઝીયાનો હુકમ | (૨૪/૫૧૦) |
| ૫૬ | عطايا القدير في حكم التصوير ફોટાનો હુકમ | (૨૪/૫૭૧) |

| ક્રમ | વિષય | ભાગ/પેજ નં. |
|---|---|---|
| ૫૭ | النور والضیاءفی احکام بعض الاسماء નામોના હુકમો | (૨૪/૬૭૭) |
| ૫૮ | نطق الھلال بارخ ولادالحبیب والوصال સરકારની વિલાદતની તારીખ | (૨૬/૪૦૫) |
| ૫૯ | جمع القرآن وبم عزوہ لعثمان કુર્આન શરીફને જમા કરવાનું બયાન | (૨૬/૪૩૯) |
| ૬૦ | اقامۃالقیامۃعلی طاعن القیام لنبی تہامہ તા'ઝીમ માટે ઉભા થવાનો ષબૂત | (૨૬/૪૯૫) |
| ૬૧ | کشف حقائق واسرار ودقائق શરીઅત અને તરીકૃત | (૨૬/૫૯૫) |
| ૬૨ | نزول آیات فرقان بسکون زمین وآسمان જમીન હરકત નથી કરતી (જમીન સ્થિર છે) | (૨૭/૧૯૫) |
| ૬૩ | شمائم العنبر فی ادب النداءامام المنبر અઝાન અને ખુતબો ક્યાં થવો જોઈએ ? | (૨૮/૫૩) |
| ૬૪ | ثلج الصدر لایمان القدر તકૃદીરનું બયાન | (૨૯/૨૮૭) |
| ૬૫ | التحبیر بباب التدبیر તદબીરનું બયાન | (૨૯/૩૦૩) |
| ૬૬ | اعتقاد الاحباب فی الجمیل و المصطفیٰ والآل والاصحاب એહલે સુન્નતના અકીદા | (૨૯/૩૩૯) |
| ૬૭ | خالص الاعتقاد ઈલ્મે ગૈબનું બયાન | (૨૯/૪૩૩) |
| ૬૮ | انباءالمصطفیٰ بحال سر واخفی ઈલ્મે ગૈબ | (૨૯/૪૮૫) |
| ૬૯ | ازاحۃالعیب بسیف الغیب ઈલ્મે ગૈબનો ષબૂત | (૨૯/૫૧૧) |
| ૭૦ | انوار الانتباہ فی حل نداءیارسول اللہ યા રસૂલલ્લાહ ! ﷺ પુકારવું | (૨૯/૫૪૯) |
| ૭૧ | اِسماع الاربعین فی شفاعۃسیدالمحبوبین શફાઅત વિશે હદીષો | (૨૯/૫૭૧) |
| ૭૨ | امور عشرین در امتیاز عقائدسنین અકૃાઈદે એહલે સુન્નત | (૨૯/૬૧૩) |
| ૭૩ | شرح المطالب فی مبحث ابی طالب અબૂ તાલિબના ઈમાન વિશે તેહકીક | (૨૯/૬૫૫) |
| ૭૪ | تجلی الیقین بان نبینا سیدالمرسلین સરકાર ﷺના ફઝાઈલ | (૩૦/૧૨૯) |
| ૭૫ | شمول الاسلام لاصول الرسول الکرام રસૂલુલ્લાહ ﷺના પૂર્વજોનું ઈમાન | (૩૦/૨૬૭) |
| ૭૬ | تمہیدایمان بآیات قرآن مع حسام الحرمین હુસામુલ હરમૈન અને તમ્હીદે ઈમાન | (૩૦/૩૦૭) |
| ૭૭ | الامن والعلیٰ لناعتی المصطفیٰ بدافع البلاء નબી મુસીબત ટાળવાવાળા છે | (૩૦/૩૫૯) |
| ૭૮ | منبہ االمنیۃ بوصول الحبیب الی العرش والرؤیۃ અલ્લાહ તઆલાનો દીદાર | (૩૦/૬૩૭) |
| ૭૯ | صلات الصفاءفی نور المصطفیٰ નૂરે મુસ્તફા ﷺનું બયાન | (૩૦/૬૫૭) |
| ૮૦ | نفی الفئی عمن استنار بنورہ کل شئی સરકાર ﷺનો પડછાયો ન હતો | (૩૦/૬૯૫) |
| ૮૧ | قمر التمام فی نفی الظل عن سیدالانام સરકાર ﷺનો સાયો ન હતો | (૩૦/૭૧૫) |
| ૮૨ | ھدی الحیران فی نفی الفیءعن سیدالاکوان સરકાર ﷺનો સાયો ન હતો | (૩૦/૭૩૭) |

*(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૨૦)*

ઈસ્લામિક ન્યાયનું એક રોશન પ્રકરણ

# હઝરત કાઝી શુરૈહ رضی اللہ عنہ

**રજૂકર્તા : આલિમા અનીસા પટેલ-હલદરવા**

> જેમણે પોતાના નીડર ફૈસલા અને અસાધારણ બુધ્ધિ અને સમજદારીના કારણે કાયમી ખ્યાતિ પ્રાપ્ત કરી.

કાઝી શુરૈહ رضی اللہ عنہ ઈસ્લામી ઈતિહાસના ઈન્સાફનું એક રોશન પ્રકરણ અને એક ઉચ્ચ નામ છે. એમનું પુરૂ નામ અબૂ ઉમય્યા શરીહુલ કાઝી બિન હારિષ બિન કૌસ બિન જહેમ કુન્દી હતું. એમનું કુટુંબ યમનનાં ઈલાકા હિજર અને હજરમૂતમાં સ્થાયી હતુ. એમણે રસૂલુલ્લાહ ﷺની વફાતથી પાંચ વર્ષ પૂર્વે ઈસ્લામ સ્વીકારી લીધો હતો પરંતુ મદીના ન પહોંચી શક્યા. એટલા માટે રસૂલુલ્લાહ ﷺની ઝિયારત ન કરી શકયા કારણ કે મદીના તરફ આવતા માર્ગમાં ખબર મળી કે આકાએ કરીમ ﷺ દુનિયાથી કૂચ ફર્માવી ગયા છે. શરમીંદગી અને નાઉમ્મીદીની મૂરત બની મદીના પહોંચ્યા તો ત્યાંના જ બનીને રહી ગયા. ત્યારબાદ સૈયદના ઉમર رضی اللہ عنہએ એમને કૂફામાં ચીફ જસ્ટીસનાં હોદ્દા પર નિમણૂંક કરી દીધા હતા અને આપ અમીરે મુઆવિયહ رضی اللہ عنہના યુગ સુધી આ ઈન્સાફના હોદ્દા પર ૬૦ વર્ષ સુધી કાયમ રહ્યા.

આપ એક સારા શાયર (કવિ) અને શ્રેષ્ઠ દીર્ઘદષ્ટિ ધરાવનાર પોતાની નીડરતા, બુધ્ધિ અને સમજદારી તથા નિ:સ્વાર્થ ન્યાયનાં કામોના કારણે કાઝી શુરૈહ رضی اللہ عنہએ ઈતિહાસમાં કાયમી ખ્યાતિ મેળવી. આપે ૧૦૮ વર્ષની વયમાં ૭૮ હિજરીમાં કૂફામાં વફાત પામી. *(અત્તબકાતુલ કુબરા, ૭/૧૯૩,૧૮૩)*

નીચે એક પ્રસંગ વર્ણવવામાં આવે છે કે જેનાથી પ્રભાવિત થઈ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એમને કૂફાના ચીફ જસ્ટીસ બનાવ્યા હતા. નિ:શંક ! આપ પણ તેનાથી પ્રભાવિત થયા વિના નહીં રહી શકો.

અમીરુલ મો'મિનીન હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ બદવી (અરબના જંગલના નિવાસી) પાસેથી ઘોડી ખરીદી એને કિંમત વસૂલ કરી દીધી અને તેના પર સવાર થયા અને ચાલી નીકળ્યા. હજી થોડે દૂર જ ગયા હતા ને તે (ઘોડી) લંગડાવા માંડી, આપ પાછા ફરીને તે શખ્સ પાસે લઈ આવ્યા જેની પાસેથી ખરીદી હતી, ફર્માવ્યું, આ ઘોડી પરત લઈ લો, આ લંગડાય છે.

બદવીએ કહ્યું, અમીરુલ મો'મિનીન આ (ઘોડી) હું પરત નહીં લઈશ કારણ કે મેં સ્વસ્થ હાલતમાં આપના હાથે વેચી હતી.

અમીરુલ મો'મિન હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, ચાલો ફૈસલા માટે કોઈને જજ નક્કી કરી લઈએ જે મારા અને તમારા દરમ્યાન અદલ અને ન્યાયના આધારે ફૈસલો કરે.

બદવીએ કહ્યું, શું આપને શુરૈહ બિન હારિષ કુન્દીનો ફૈસલો માન્ય રહેશે ? હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, મને મંજૂર છે. તેથી બંને ફૈસલો કરાવવાના હેતુથી હઝરત કાઝી શુરૈહ પાસે પહોંચ્યા. તેમણે પ્રથમ બદવીની વાત સંપૂર્ણ ધ્યાનપૂર્વક સાંભળી ત્યારબાદ હઝરત ઉમર رضی اللہ عنہને કહ્યું, અમીરુલ મો'મિનીન ! શું આ ઘોડી જે સમયે આપે ખરીદી હતી

સહી સલામત હતી ? ફર્માવ્યું, હા ! કાઝી શુરૈહે કહ્યું, અમીરૂલ મો'મિનીન જે વસ્તુને આપે સારી સ્થિતિમાં ખરીદી તેને હવે પોતાની પાસે રાખો, અથવા ફરી તે જ હાલતમાં પરત કરો જે હાલતમાં તમે ખરીદી હતી.

અમીરુલ મો'મિનીને હઝરત કાઝી શુરૈહ તરફ ખૂબ આશ્ચર્યથી જોયું અને ફર્માવ્યું, શું આ ફૈંસલો ન્યાય પર આધારિત છે ? કાઝી શુરૈહે કહ્યું, હક્ક વાત અને ન્યાય અને ઈન્સાફની માગ આ જ છે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, મને આપનો ફૈંસલો સાંભળી દિલી પ્રસન્નતા થઈ હવે આપ કૂફા તશરીફ લઈ જાવ કેમ કે મેં તમને ત્યાંના કાઝીઓ (જજો)ના સરદાર નિયુક્ત કરી દીધા છે. આપના નિષ્પક્ષ ફૈંસલાએ મને પ્રભાવિત કર્યો. નિઃશંક ! તમારી જેવો નીડર અને પરિપૂર્ણ વ્યક્તિ જ આ ખાસ હોદ્દા પર બિરાજમાન થઈ શકે છે.

જે સમયે અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ હઝરત કાઝી શુરૈહ બિન હારિષ કુન્દીને રઈસુલ કુઝાત (કાઝીઓનાં સરદાર)નો હોદ્દો સોંપ્યો તે દિવસોમાં તે મદની સમાજમાં ગુમનામ કે અજાણ્યા ન હતા તદ્ઉપરાંત જલીલુલ કદ્ર સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ અને ઉચ્ચ દરજ્જો ધરાવતા તાબેઈનમાં ખૂબ ઓળખાણ ધરાવતા હતા. દરેક જમાઅતમાં પ્રતિષ્ઠાની દૃષ્ટિએ જોવામાં આવતા હતા. એહલે ફઝ્લો કરમ અને મદની સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ કાઝી શુરૈહની હોશિયારી, સમજદારી, હુસ્ને અખ્લાક (સારા સંસ્કાર) હમદર્દી, ન્યાય પ્રવૃત્તિ અને અનુભવી હોવાથી ખૂબ જ પ્રભાવિત હતા. જ્યારે અરબનો ટાપૂ હિદાયતના નૂરથી ચમકયો અને ઈસ્લામનાં કિરણો યમનની સરઝમીન સુધી પહોંચી ગયાં તો કાઝી શુરૈહ رضی اللہ عنہ એ ખુશનસીબોમાંથી થયા જેમણે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું અને હક તથા હિદાયતની દા'વત સ્વીકારી લીધી.

એમના ફઝલો કરમથી પરિચિત અને સદ્ વર્તન તથા શ્રેષ્ઠ ગુણોનો અંદાઝો રાખનારાઓને ખૂબ જ અફસોસ હતો કે તેમને થોડા અરસા પહેલાં મદીના મુનવ્વરા જવાની ફુરસદ કેમ ન મળી જેથી રસૂલુલ્લાહ ﷺની ઝિયારતનો શરફ હાંસલ કરી લેતા અને તેમને ઈમાનની સાથે સહાબી હોવાનું બહુમાન પણ પ્રાપ્ત થઈ જાત અને આ રીતે શ્રેષ્ઠતા ચો તરફથી પોતાની લપેટમાં લઈ લેત, પરંતુ આ તેમના મુકદ્દરમાં ન હતું.

ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એક તાબઈને રઈસુલ કુઝાત (ચીફ જસ્ટીસ)નો મહત્વનો હોદ્દો સુપ્રત કરી કોઈ ઉતાવળના શિકાર નથી થયા બલ્કે આપે આ ફૈંસલો ખૂબ જ દુરુસ્ત અંદાઝમાં કર્યો જ્યારે કે તે સમયે ઈસ્લામના આકાશ પર રસૂલુલ્લાહ ﷺના સહાબા ચમકદાર સિતારાઓની જેમ ચમકી રહ્યા હતા, પરિસ્થિતિઓ અને પ્રસંગોએ હઝરત ઉમરની સમજ તથા દીર્ઘદષ્ટિ (ફરાસત) અને યોગ્ય ફૈંસલાને દુરુસ્ત સાબિત કરી દીધો.

હઝરત કાઝી શુરૈહ મુસલમાનોમાં લગાતાર ૬૦ વર્ષ સુધી કાઝી (જજ)ની હેસિયતથી દાદપાત્ર ખિદમતો બજાવતા રહ્યા. તેમને આ સર્વશ્રેષ્ઠ હોદ્દા પર હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી અને હઝરત અમીર મુઆવિયહ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ તે જ પ્રમાણે કાયમ રાખ્યા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ પછી ખુલફાએ બની ઉમય્યાએ પણ તેમને આ જ હોદ્દા પર રહેવા દીધા. નિઃશંક ! આ બહુ મોટી સઆદત (સૌભાગ્ય) છે જે એમના નસીબમાં આવી પરંતુ હજ્જાજ બિન યૂસુફના યુગમાં આપ આ હોદ્દા પરથી ખસી ગયા. આપે ૧૦૭ વર્ષ સુધીની લાંબી, દાદપાત્ર ભરપૂર અને

રશ્કને પાત્ર જિંદગી પામી. ઈસ્લામમાં ન્યાયના ઈતિહાસને કાઝી શુરૈહના અનોખા અને ઉમદા ફૈંસલાઓથી ચાર ચાંદ લાગી ગયા. ખાસ અને આમ મુસલમાન અલ્લાહની શરીઅત લાગુ કરવામાં બંધારણીય ફૈંસલાઓનું અનુસરણ કરવા લાગ્યા જે કાઝી શુરૈહે જારી ફર્માવ્યા હતા. અને તે નિયમોને કદરની દૃષ્ટિએ જોવા લાગ્યા જે તેમણે જજની હેસિયતથી લાગુ કરવાની તજવીઝ પેશ કરી હતી. ઈતિહાસનાં પાનાં કાઝી શુરૈહના ફૈંસલા, દિલને આકર્ષનારાં તથા રશ્કને પાત્ર કારનામાંથી ભરેલાં પડયાં છે, એમાંથી અમુક રજૂ કરીએ છીએ.

### જ્યારે હઝરત અલી رضی اللہ عنہના તરફેણમાં ફૈંસલો ન થયો

એક દિવસ હઝરત અલી رضی اللہ عنہનું પ્રિય અને મૂલ્યવાન બખ્તર ખોવાઈ ગયું. થોડા અરસા બાદ તેમણે એક ઝિમ્મી શખ્સને જોયો કે તે બખ્તર બજારમાં વેચી રહ્યો છે. હઝરત અલીએ તેને જોતાં જ ઓળખી લીધુ અને ફર્માવ્યું, અરે ! આ તો મારું બખ્તર છે ! એક રાત્રે મુસાફરી દરમ્યાન માર્ગમાં મારાથી પડી ગયું હતું. ઝિમ્મીએ કહ્યું, અમીરૂલ મો'મિનીન ! આ મારું બખ્તર છે એટલા માટે કે એ મારા કબ્જામાં છે હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, આ બખ્તર મારું છે, મેં આ કોઈના હાથે વેચ્યું નથી અને ન મેં એને તોહફા રૂપે આપ્યું છે કે તું એના પર માલિકીનો દાવો જતાવે.

ઝિમ્મીએ કહ્યું, મારા અને આપના દરમ્યાન કોઈ મુસલમાન કાઝી (જજ) જે ફૈંસલો કરી આપે મને સ્વીકાર્ય છે. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, તમે ઠીક કહો છો, ચાલો ! હમણા કાઝી પાસે જઈએ. બન્ને કાઝી શુરૈહ પાસે ચાલ્યા ગયા અને ત્યાં અદાલત (ન્યાયાલય)ના કઠેરામાં જઈ ઊભા થયા.

કાઝી શુરૈહ رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہને પૂછયું કે આપ શું કહેવા ઈચ્છો છો ? હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, મારા પ્રિય અને કિંમતી બખ્તર પર આ શખ્સે નાજાઈઝ કબ્જો જમાવી રાખ્યો છે. એ મુસાફરી દરમ્યાન મારાથી પડી ગયુ હતું. મારી માગ છે કે આ બખ્તર મને પરત અપાવવામાં આવે. હઝરત કાઝી શુરૈહે ઝિમ્મીને કહ્યું, તમે આના વિશે શું કહેવું પસંદ કરશો. તેણે (ઝિમ્મીએ) કહ્યું, આ બખ્તર મારું છે, કેમ કે અત્યારે એ મારા કબ્જામાં છે, અને ન હું અમીરૂલ મો'મિનીન પર કોઈ પ્રકારનો કોઈ આક્ષેપ મૂકવા માગુ છું. હઝરત કાઝી શુરૈહે હઝરત અલી رضی اللہ عنہની તરફ જોયું અને ઈર્શાદ ફર્માવ્યો, અમીરુલ મો'મિનીન ! આપના સાચા હોવામાં મને કોઈ શંકા નથી અને આ બખ્તર બેશક ! આપનું છે. પરંતુ કેમ કે આ મુકદમો (કેસ) અત્યારે અદાલતમાં છે એટલા માટે આના પર આપની માલિકી સાબિત કરવા માટે આપે બે ગવાહ પેશ કરવા પડશે. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, ઠીક છે ! મારો ગુલામ કંબર અને મારો પુત્ર હસન મારી તરફેણમાં ગવાહી આપશે. કાઝી શુરૈહે કહ્યું, અમીરુલ મો'મિનીન ! ગુલામની ગવાહી આકાની તરફેણમાં અને પુત્રની ગવાહી પિતાની તરફેણમાં સ્વીકારપાત્ર નહીં થાય !

હઝરત અલી رضی اللہ عنہએ આ સાંભળી ઈર્શાદ ફર્માવ્યો, સુબ્હાનલ્લાહ ! એક જન્નતી આદમીની ગવાહી સ્વીકાર નહીં થાય ! શું આપે રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં નથી સાંભળ્યા કે હસન હુસૈન જન્નતી નવયુવાનોનાં સરદાર છે કાઝી શુરૈહે કહ્યું, અમીરુલ મો'મિનીન ! એ બરાબર છે પરંતુ હું પિતાની તરફેણમાં પુત્રની ગવાહીને જાઈઝ નથી સમજતો. હઝરત અલી رضی اللہ عنہએ ઝિમ્મીની તરફ જોયું અને ફર્માવ્યું, આ બખ્તર તમારા કબ્જામાં જ

રહેવા દો કેમ કે મારી પાસે આના સિવાય કોઈ ગવાહ નથી.

આ પરિસ્થિતિ જોઈ ઝિમ્મીએ કહ્યું કે હે અમીરુલ મો'મિનીન ! હું ગવાહી આપુ છું કે આ બખ્તર આપનું છે. ત્યાર બાદ તે કહેવા લાગ્યો, હાય અલ્લાહ ! હું કુર્બાન ! હું સદકે જઉં ! આજે અમીરુલ મો'મિનીન પોતાના હાથ નીચેના કાઝી (જજ) પાસે ફેંસલો કરાવવા હાજર થયા અને કાઝીએ સુનવાઈ પછી ફેંસલો મારી તરફેણમાં આપી દીધો ! **હું ગવાહી આપું છું કે તે દીન જે આ પ્રકારના ફેંસલા કરવાનો આદેશ આપે છે તે બરહક છે અને હું આજે એનાથી પ્રભાવિત થઈને અદાલતની સમક્ષ સત્ય દિલથી એની કબૂલાત કરું છું.**

ત્યારબાદ તે ઝિમ્મીએ કલમો પઢયો અને મુસલમાન થઈ ગયો. પછી તેમણે અદાલતમાં પોતાનું બયાન જારી રાખતાં કહ્યું કે જનાબ કાઝી ! હું સાચા દિલથી કબૂલુ છું કે આ બખ્તર અમીરુલ મો'મિનીનનું છે. હું એક રાત્રીએ તે લશ્કરની પાછળ પાછળ જઈ રહ્યો હતો જે સિફફીનની તરફ જઈ રહ્યું હતું. આ બખ્તર તેમના માટી રંગનાં ઊંટ પરથી પડી ગયું જેને મેં ઉઠાવી લીધું. હઝરત અલી رضی اللہ عنہએ તેનું બયાન સાંભળી ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે તું મુસલમાન થઈ ગયો છે તો આ બખ્તર મેં તને ભેટ સ્વરૂપે આપ્યું અને તેની સાથે જ આ શ્રેષ્ઠ ઘોડી પણ તને ભેટ રૂપે પેશ કરું છું.

આ પ્રસંગ પેશ આવવાને વધુ અરસો ન ગુજર્યો હતો એવામાં આ મો'મિન બંદાએ જંગે નહેરવાનના દિવસે હઝરત અલી رضی اللہ عنہના નેતૃત્વમાં ખારજીઓ સાથે આશિકાના અંદાજમાં લડાઈ લડતાં લડતાં શહાદતનો જામ પી લીધો.

## કાઝી શુરૈહે પોતાના પુત્રની વિરૂધ્ધ ફૈંસલો સંભળાવી દીધો

કાઝી શુરૈહના રસપ્રદ ફેંસલાઓમાંથી એક વિચિત્ર અને આશ્ચર્યજનક ફેંસલો આ પણ હતો, તમે સાંભળશો તો ખુશ થઈ જશો. એક દિવસ પુત્રએ કહ્યું, અબ્બાજાન ! મારી અને ફલાણી કૌમ વચ્ચે આજે ઝઘડો થયો છે. જો ફેંસલો મારી તરફેણમાં થશે તો તેમને ઘસેડીને અદાલતમાં લઈ આવીશ અને જો એમની તરફેણમાં થશે તો હું સમાધાન કરી લઉં. પછી પોતાના પરસ્પર ઝઘડાનું બધુ વર્ણન કર્યું.

આપે કહ્યું, જા એમને અદાલતમાં લઈ આવ ! તે ખુશી ખુશી તેઓની પાસે ગયો અને તેઓને અદાલતમાં ચાલવા માટે કહ્યું, તેઓ અદાલતમાં ઉપસ્થિતિ માટે તૈયાર થઈ ગયા.

જ્યારે કાઝી શુરૈહની અદાલતમાં પહોંચ્યા તો તેમણે કેસની સુનવાઈ બાદ પોતાના પુત્રની વિરૂધ્ધ ફેંસલો સંભળાવી દીધો. તે લોકો ખુશખુશાલ થઈ પરત થઈ ગયા અને પુત્ર દુઃખદ કારણોસર ઉદાસ મોઢુ લટકાવી અદાલતથી બહાર આવ્યો. પિતાએ પોતાનો ફેંસલો પોતાના જ પુત્રની વિરૂધ્ધ સંભળાવી દીધો. જ્યારે કાઝી શુરૈહ અને તેમના પુત્ર ઘરે પહોંચ્યા તો પુત્રએ પિતાને કહ્યું, અબ્બાજાન ! આપે મને ઝલીલ કર્યો. જો મેં તમારી પાસેથી મશ્વરો ન લીધો હોત તો કોઈ વાંધો ન હતો. અફસોસ ! એ છે કે હું આપથી મશ્વરો લઈ અદાલતની દિશામાં વળ્યો અને આપે મારા જ વિરૂધ્ધ ફેંસલો જારી કરી દીધો. લોકો મારા વિશે શું વિચારતા હશે ? કાઝી શુરૈહે કહ્યું, બેટા ! દુનિયાભરના લોકો કરતાં તું મને પ્રિય છે, પરંતુ યાદ રાખ ! અલ્લાહની મહોબ્બત મારા દિલમાં તારા પ્યારથી અધિક છે. મને ભય હતો કે જો હું તને મશ્વરા સમયે બતાવી દેત કે ફેંસલો તેઓના હકમાં થશે તો તું

તેમની સાથે સમાધાન કરી લેત અને તેઓ પોતાના હક્થી વંચિત રહી જાત, એટલા માટે મેં તને કહ્યું કે તેઓને અદાલતમાં લઈ આવ જેથી ન્યાય અને ઈન્સાફથી તેઓનો હક્ તેમને મળી જાય. આ છે અદલ તથા ઈન્સાફ નું રોશન ઉદાહરણ !

## પોતાના પુત્રને જ જેલમાં કેદ કરાવી દીધો

એકવાર ક઼ાઝી શુરૈહના પુત્રએ એક શખ્સની જમાનત આપી જે સ્વીકાર કરી લેવામાં આવી. તે શખ્સ સમય પર અદાલતમાં ઉપસ્થિત થવાને બદલે નાસી ગયો. ક઼ાઝી શુરૈહ પોતાના પુત્રને તેના બદલે ગિરફતાર કરી લીધો અને પછી જેલમાં દરરોજ પોતે ખાણુ પહોંચાડતા હતા.

ક્યારેક કોઈ ગવાહીમાં જ્યારે ક઼ાઝી શુરૈહને શંકા પૈદા થતી અને સાક્ષી અદાલતના કઠેરામાં આવી ઊભો થતો તો આપ તેમને જૂઠી ગવાહીથી બચવા માટે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવતા, ગવાહી દેવાવાળાઓ ! મારી વાત ધ્યાનથી સાંભળો ! અલ્લાહ તમને હિદાયત આપે. આજે આ શખ્સની વિરૂધ્ધ ફૈંસલો આપવાનું કારણ તમે બનશો. હું તમારી લીધે જહન્નમની આગથી બચી જઈશ. તમારે પણ જહન્નમની આગથી બચવાની ચિંતા કરવી જોઈએ. હજી પણ તમારા અધિકારમાં છે, ગવાહી ન દો અને ચાલ્યા જાવ.

જો તેઓ ગવાહી આપવા માટે જીદ કરતા તો આપ તે શખ્સની તરફ ધ્યાનિત થઈ જેના હકમાં આ ગવાહી આપવા ઈચ્છતા તેને ઉદ્દેશીને ફર્માવતા કે ખૂબ સારી રીતે જાણી લો ! હું તમારા હક્માં ફૈંસલો એમની ગવાહીના આધારે આપી રહ્યો છું. મને દેખાઈ રહ્યું છે, પરંતુ અંદાજાના આધાર પર ફૈંસલો જારી નથી કરી શકતો. હું તો ગવાહોની ગવાહી પર જ ફૈંસલો આપી શકુ છું પરંતુ મારો આ ફૈંસલો તે ચીજને તારા માટે હલાલ નથી કરી શકતો જેને અલ્લાહે તારા માટે હરામ કરી દીધી છે.

ક઼ાઝી શુરૈહ અદાલતની ખુરશી પર બેસી ફૈંસલો જારી કરતી વખતે આ વાક્યો વારંવાર દોહરાવતા હતા :–

★ જાલિમ કાલે જરૂર જાણી લેશે કે નુકસાન ઉઠાવવાવાળા કોણ છે.

★ માનસિક રીતે જાલિમ સજાની રાહ જોતો હોય છે અને મઝલૂમ (જેના પર જુલ્મ ગુજારવામાં આવ્યો હોય) ન્યાય અને ઈન્સાફની રાહ જોતો હોય છે.

★ હું ક઼સમ સાથે કહું છું કે જે શખ્સ અલ્લાહની ખાતર કોઈ ચીજનો અસ્વીકાર કરતો હોય તેને ચીજના પોતાના હાથથી નીકળી જવાનું કોઈ દુઃખ નથી હોતુ.

## દુઃખની ફરિયાદ અલ્લાહના જ દરબારમાં પેશ કરો

હઝરત ક઼ાઝી શુરૈહ અલ્લાહ વ રસૂલ અને કુર્આન મજીદના આદેશોના માત્ર તબ્લીગ કરવાવાળા ન હતા બલ્કે ખાસ અને આમ મુસલમાનોને હિદાયતનો માર્ગ અપનાવવાનો બોધ આપવાવાળા પણ હતા.

એક શખ્સ વર્ણન કરે છે કે હઝરત ક઼ાઝી શુરૈહે મને જોયો કે હું દુઃખ અને ઉદાસી તથા ચિંતાની ફરિયાદ પોતાના મિત્રની પાસે કરી રહ્યો છું તો આપ મારો હાથ પકડીને એક ખૂણામાં લઈ ગયા અને ફર્માવ્યું, હે મારા ભાઈના પુત્ર ! અલ્લાહ સિવાય કોઈની પાસે ફરિયાદ કરવાથી બચો ! જેની પાસે પણ તમે ફરિયાદ કરશો તે આપણો મિત્ર હશે કે શત્રુ. મિત્ર આ ફરિયાદ સાંભળી દુઃખી થશે અને દુશ્મન ખુશ થશે.

પછી આપે પોતાની એક આંખ તરફ ઈશારો

(નિર્દેશ) કરતાં ફર્માવ્યું, મારી આ આંખ તરફ જુઓ, ખુદાની સોગંદ ! મેં છેલ્લા પંદર વર્ષથી આ આંખ વડે ન કોઈ વ્યક્તિ જોઈ અને ન માર્ગ, પરંતુ મેં કોઈને જણાવ્યું સુધ્ધા નથી. માત્ર આજે તને ફક્ત સમજાવવા માટે જણાવી રહ્યો છું. શું તેં અલ્લાહના બરગુઝીદા બંદા હઝરત યાકૂબ علیہ السلام ના આ કથનો નથી સાંભળ્યાં ?! જેને કુર્આન મજીદમાં સૂચવવામાં આવ્યાં છે : اِنَّمَآ اَشۡكُوۡا بَثِّىۡ وَحُزۡنِىۡۤ اِلَى اللّٰهِ "હું પોતાની ફરિયાદ અને દુઃખ અલ્લાહની સમક્ષ રજૂ કરું છુ."

–(સૂ. યૂસુફ, ૧૨/૮૬)

દરેક મુશ્કેલીના સમયે પોતાના દુઃખ દર્દ અને ઉદાસીની ફરિયાદ અલ્લાહના જ દરબારમાં રજૂ કર્યા કરો. તે જ સવાલીઓની ઈજ્જત રાખવાવાળો છે અને બેસહારાઓની દરખાસ્ત સાંભળવાવાળો છે અને દુઆ માગવાવાળાઓની ખૂબ જ નિકટ છે.

## જે માગવું છે અલ્લાહ પાસે માગો !

એક દિવસ કોઈ વ્યક્તિને બીજા પાસે કાંઈક માગતાં જોઈ તો ખૂબ પ્યારથી ફર્માવ્યું, મારા ભત્રીજા ! જે કોઈ માનવી પાસે પોતાની જરૂરત પૂરી કરવા માટે માગે જાણે તેણે ખુદને ગુલામીને સુપ્રત કરી દીધો. જો તેણે માગનારની જરૂરતને પૂરી કરી દીધી તો તેણે જાણે પોતાને માનસિક ગુલામ બનાવી લીધો અને જો તેણે જવાબ આપી દીધો (નકાર કર્યો) તો બન્ને અપમાનજનક સ્થિતિમાં પરત ફરશે. એક કંજૂસીની ઝિલ્લત સાથે અને બીજો નિષ્ફળતાની ઝિલ્લત અને બદનામીની સાથે. જ્યારે પણ કાંઈક માગવુ હોય તો પોતાના રબથી માગો. ખૂબ સારી પેઠે આ વાત જાણી લો કે બુરાઈથી બચવાની અને નેકી કરવાની તૌફીક઼ અને મદદ કરવાનો હક઼ીક઼ી અધિકાર અલ્લાહ સિવાય કોઈની પાસે નથી.

કૂફામાં એકવાર પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો. ક઼ાઝી શુરૈહનો એક મિત્ર આ રોગચાળાથી બચવા માટે નજફ ચાલ્યો ગયો. ક઼ાઝી શુરૈહે તેને પત્ર લખ્યો. જે જગ્યાને તમે છોડી ગયા છો તેણે તમારી મૌતને નજીક નથી કરી દીધી અને તમારી બાકી જિંદગીના દિવસો છીનવી લેવાના હતા, અને જે જગ્યાએ તમે જઈને પડાવ કર્યો છે, તે જગ્યા પણ તે જ ઝાત (અલ્લાહ)ના ક઼બ્ઝા હેઠળ છે જેને કોઈ તલબ આજિઝ નથી કરી શકતી અને ન દોડનાર તેના અધિકારના વર્તુળથી બહાર નીકળી શકે છે. યાદ રાખો ! અમે અને તમે એક જ બાદશાહના દસ્તરખાન પર બેસેલા છીએ, નિઃશંક ! નજફ કુદરતવાળા ખુદાની બહુ નિકટ છે.

## હઝરત ક઼ાઝી શુરૈહ એક સર્વશ્રેષ્ઠ કવિ

તે અણમોલ ગુણો સિવાય ક઼ાઝી શુરૈહ એક એવા અધિકૃત શાયર (કવિ) હતા જેમની પંક્તિઓ દલીલ તરીકે રજૂ કરવામાં આવતી. તેમની અદા મનમોહક હતી અને અભિવ્યક્તિ માટે વિષયો અતિ ઉત્તમ અને અનોખા હોતા. તેમનો દસ વર્ષીય પુત્ર ખેલકૂદનો ખૂબ જ શોખીન હતો. એક દિવસ તેને ગેર હાજર પામ્યો જે સ્કૂલ છોડી કૂતરાઓની લડાઈ જોવા ચાલ્યો ગયો. જ્યારે પરત ફર્યો તો આપે પુત્રને પૂછયું, નમાઝ પઢી છે ? તેણે કહ્યું, ના ! આપે કાગળ અને ક઼લમ મંગાવી અને તેના ઉસ્તાદને આ પંક્તિઓ લખીને મોકલી જેનો ભાવાર્થ નીચે વર્ણન કરેલ છે :–

- ❑ આ અમુક ભટકેલ અને બેહૂદા (નકામા) છોકરાઓ સાથે મળીને કૂતરાઓની લડાઈ જોતો રહ્યો, તેમની પાછળ નાસતો રહ્યો અને તેણે નમાઝ છોડી દીધી.
- ❑ આપની પાસે આ એક ચીઠ્ઠી લઈને આવશે જે વિશેષતઃ તેના માટે લખવામાં આવી હતી.
- ❑ જ્યારે આ તમારી પાસે આવે તો તેની સુધારણા ખરી ખોટી સંભળાવી અને ફટકારીને કરશો,

અને એક સમજુ લાયક અદીબ (સભ્યતા શીખવાડનાર)ની જેમ તેને બોધપાઠ આપશો.

- અગર તમે તેને મારવા ઈચ્છો તો કોરડાથી મારશો અને જ્યારે ત્રણ કોરડા મારી લો તો પછી અટકી જજો.
- ખાતરી કરો જે વર્તાવ પણ આપ તેની સાથે રાખશો તેમાં આ છોકરાનો વ્યક્તિગત લાભ છે. હું તેની લીધે દુઃખના કડવા ઘૂંટ પી રહ્યો છું તે છતાં પણ કે મને એ સૌથી અધિક પ્રિય છે.

અલ્લાહ સુબ્હાનહુ તઆલા ફારૂકે આ'ઝમ સૈયદના ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રાજી થજો કે એમણે ઈસ્લામી અદાલતના કપાળને એક મૂલ્યવાન, ચમકતા અને મનમોહક મોતી જડેલા ઝૂમરથી સજાવ્યું. તેમણે મુસલમાનોને કાઝી શુરૈહના સ્વરૂપમાં એક એવો ચિરાગ આપ્યો કે જેની રોશની ફેલાવાથી અલ્લાહની શરીઅત પર ચાલવાના માર્ગ રોશન થયા અને લોકો સતત તેમના તદબીરયુક્ત ફેંસલાઓનાં ચમકતાં કિરણોથી રોશની હાંસલ કરતા રહેશે. અને અલ્લાહના રસૂલ ﷺની પવિત્ર સુન્નતો પર અમલ કરતા રહેવા માટે તેમની બુધ્ધિ અને સમજદારીના નૂરથી માર્ગદર્શન પ્રાપ્ત કરતા રહેશે.

કયામતના દિવસે ઉમ્મતી કાઝી શુરૈહના અસ્તિત્વ પર ગર્વ અનુભવશે. અલ્લાહ તઆલા કાઝી શુરૈહની કબ્રે અનવરને નૂર અને ખુશબોથી ભરી દે કે તેમણે લોકોમાં પૂરા ૬૦ વર્ષ ન્યાય અને ઈન્સાફ કાયમ કર્યો. તેમણે કોઈ એક વ્યક્તિ પર પણ જુલ્મ ન કર્યો અને ન કદાપિ ફેંસલા આપતી વખતે કોઈ બાદશાહ અને આમ લોકોમાં ફરક કર્યો અને ન આમ લોકોમાં કોઈ ભેદભાવ રાખ્યો. કાશ ! આજે એવા જજો પૈદા થઈ જાય !

*(મહનામા સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૨૦)*

## દયાદરામાં ઈલ્મો ઈર્ફાનની વર્ષા !

**દયાદરા** : ખાતે ૧૨–૧૩ ફેબ્રુઆરી–૨૦૨૦ બુધ ગુરૂ બે દિવસ માટે સુન્ની જગતની ટોચની રૂહાની શખ્શિયત રઈસુલ મોહક્કિકીન, શયખુલ ઈસ્લામ **હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની** مدظلہ العالیનું આગમન થયું. સાથોસાથ જાનશીને હુઝૂર શૈખુલ ઈસ્લામ, ફાઝિલે નૌજવાન, નૂરે ઐને શૈખુલ ઈસ્લામ **હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ હમ્ઝા અશરફ સાહબ અશરફી** કછોછવી પણ હાજર રહ્યા હતા. "શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ" તરફથી આ પ્રોગ્રામનું આયોજન દાઉદભાઈ પ્રેમી, શબ્બીરભાઈ ડોક્ટર તથા અલીભાઈ ઘંટીવાલાની નિગરાનીમાં થયું બંનેવ દિવસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીના પ્રાંગણમાં સુંદર સજાવેલ સામિયાના નીચે હઝરત શૈખુલ ઈસ્લામથી ઈલ્મી રૂહાની ફયઝ ઉઠાવવા ગામના બહારના અનેક મુરીદો, અકીદત મંદો, ઈલ્મ પિપાસુઓએ સવારના ૧૧ થી ૧ વાગ્યા સુધી હાજર રહી દીની સવાલોના ઈલ્મી, રૂહાની, સૂફિયાના અંદાઝમાં જવાબો સાંભળી દિલી સુરૂર સાથે ફયઝ હાંસલ કર્યો હતો. બહેનો માટે પર્દામાં બેઠક વ્યવસ્થા હતી. તેણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહી હતી. બંનેવ દિવસ હઝરતનો મુકામ "અશરફી વિલા"માં સ્ટેશન પાસે બંગલામાં હતો જ્યાં મગરિબથી ઈશા દરમ્યાન હઝરતે ચાહકોને મુલાકાતનો શરફ પણ બખ્શ્યો હતો. આ ઉપરાંત હઝરતનો આ જ પ્રમાણે દોરો ભરૂચ, વલણ, ટંકારીઆ, વાગરા, આમોદ, જંબુસર વગેરે સ્થળે થયો જે ખૂબ જ ફયઝ બખ્શ રહ્યો. તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ ઈશા બાદ "દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા"માં ફારિગ થનાર હાફિઝ, કારી, આલિમ, ફાઝિલ થનાર કુલ ૧૧ તલબાની દસ્તારબંદી હઝરત કિબ્લા સૈયદ હમ્ઝા અશરફ સાહબનું મુબારક હસ્તે કરવામાં આવી હતી. –*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



# શબે મેઅરાજની ઈબાદતો

કાર્યાલય

★ **૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ**. ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ. **ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા ક઼બૂલ થશે.

★ **૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

★ **૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને ક઼ાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

★ **૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે. **ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

★ **૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِهٖ للطَّاھِرِیْنَ**
**وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

★ **ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

★ **રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે. *–(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

**૨૭ રજબની રાત્રે પઢવાની દુઆ**

જે શખ્સ ૨૭મી રજબની રાત્રે આ દુઆ પઢશે તેના દરજાઓ બુલંદ થશે અને મેહશરમાં તેનું દિલ સંતુષ્ઠ રહેશે, જ્યારે કે અન્યોનાં દિલ મુર્દા હશે. તે દુઆ આ પ્રમાણે છે :–

اَللّٰھُمَّ اِنِّیْ اَسْاَلُكَ بِمُشَاھَدَةِ اَسْرَارِ الْمُحِبِّیْنَ، وَبِالْخَلْوَةِ الَّتِیْ خَصَّصْتَ بِھَا سَیِّدَ الْمُرْسَلِیْنَ، حِیْنَ اَسْرَیْتَ بِهٖ
لَیْلَةَ السَّابِعِ وَالْعِشْرِیْنَ اَنْ تَرْحَمَ قَلْبِیَ الْحَزِیْنَ، وَتُجِیْبَ دَعْوَتِیْ یَا اَکْرَمَ الْاَکْرَمِیْنَ

પ્રથમ બે રકાત નફલ એ રીતે પઢે કે સૂરએ ફાતિહા પછી ૧૧ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને સલામ ફેરવીને ૧૦ વાર દુરૂદ પઢીને આ દુઆ માગે, કબૂલ થશે. ઈન્શા અલ્લાહ ! *(નુઝહતુલ મજાલિસ)*

## હક ફરીદ બાબા ફરીદ !

અમારું વલોકન

**પુસ્તકનું નામ : ગુજરાતના ચિશ્તી ફરીદી અવલિયાએ કિરામ**

**સંકલન : શાહિદ ગુલામનબી કલીમી**

❊ (પૃષ્ઠ સંખ્યા : ૮૮ કિંમત : રૂા. ૧૦૦ (પોસ્ટેજ સાથે) ❊ પ્રકાશન વર્ષ : ૨૦૧૮

**પ્રકાશક** : એન.બી.એસ. બુક ડીપો, ટોરેન્ટ પાવરની પાસે, મોરકસવાડ, મિરઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧. મો. 93774 55369

કુર્આનમાં ઈહદે નસ સિરાતલ મુસ્તકીમ પર ચાલનારા લોકોની પૈરવી કરવાની તાલીમ આપવામાં આવે છે, હવે આ પથ ઉપર ક્યા લોકો છે ? જવાબ છે નિશંક ! પયગંબરો, સહાબા, તાબઈન, તબે તાબઈન તથા અવલિયા અલ્લાહ આ માર્ગ ઉપર છે.

ગુજરાતમાં ઘણા અવલિયા અલ્લાહ થઈ ગયા છે અને આ બાબતે આ વિષય ઉપર આ પ્રથમ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે, જેમાં ચિશ્તી બુઝુર્ગોની 'ફરીદી' શાખ એટલે હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہના માધ્યમથી ફૈઝ પહોંચ્યો હોય તેવા સિલસિલાની વિગત પહેલી વખત છપાઈ છે.

હઝરત રૂકનુદ્દીન કાનેશકર ચિશ્તી رحمۃ اللہ علیہ જે હાલ પાટણમાં દફન છે અને અહમદશાહ બાદશાહ رحمۃ اللہ علیہના તેઓ પીર હતા. બાબા ફરીદ رحمۃ اللہ علیہના પૌત્ર હતા તેમના થકી આ ફરીદી શાખનું ફૈઝ ગુજરાતમાં પહોંચ્યું છે, તે બાબતની માહિતી ખૂબ જ આધુનિક ઢબે પુસ્તકમાં પીરસવામાં આવેલ છે.

ગુજરાતમાં જેમણે આખરી આરામગાહ બનાવી તેવા ૪૭ ચિશ્તી બુઝુર્ગોનું વર્ણન છે અને પુસ્તકના બીજા ભાગમાં અહમદાબાદ શહેરના ચિશ્તી ફરીદી સિલસિલા સાથે સંબંધ ધરાવતા બુઝુર્ગાને દીન અને અવલિયા અલ્લાહનું વર્ણન છે, પુસ્તકના છેલ્લા હિસ્સામાં અહમદાબાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં જે મશહૂર ખાનકાહ ચિશ્તી સિલસિલાની આવેલ છે તે બુઝુર્ગોના ખાનદાની હાલાતની વિગત આપવામાં આવી છે. બાબા બદર રસ્તા કિધરનો દિલચસ્પ કિસ્સો જાણવા માટે પુસ્તકનું અધ્યયન જરૂરી છે.

તબ્લીગી, વહાબી, દેવબંદી ગુમરાહ હોવાના કારણે અવલિયા અલ્લાહના દુશ્મન છે અને તેમના ફૈઝથી પણ બેદખલ છે પણ સુન્નીઓ બાબા ફરીદ رحمۃ اللہ علیہ અને ચિશ્તીઓ બિલખુસૂસ આ પુસ્તકને મંગાવીને પોતાના ઘરની શોભા વધારે અને સાથોસાથ તેમના બતાવેલ રસ્તા ઉપર અમલ પણ કરે ઈન્શાઅલ્લાહ ! બંને જહાં તમારા કામયાબ છે.


## મહત્વની કિતાબો મંગાવો !

**ઈમાને અબૂ તાલિબ હક઼ીક઼તની રોશનીમાં** **શીઆ ફિર્ક઼ાનો ઈતિહાસ અને અક઼ીદાઓ**

**લેખક** : હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી

કિતાબો ઉર્દૂમાં પણ મળશે.

❒ **પ્રકાશક** : મર્કઝે અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર. મો. 9879303557

**નોંધ** : પ્રથમ કિતાબમાં તફસીર તથા હદીષની અસલ કિતાબોની ઝેરોક્ષ કોપી તથા તેના અનુવાદ રજૂ થયેલ છે. આ સચોટ દલીલસભર કિતાબ જરૂરથી મંગાવશો. વધુ માટે ઉપર જણાવેલ નંબર પર ફોન કરશો.

## હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરીના શાનદાર પ્રોગ્રામો

તા. ૨ જાન્યુ. ૨૦૨૦ જુમેરાતે ઈશા બાદ **વલણ** મુકામે ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ, ખતીબે ઝી શાન, નવ જવાનોના દિલની ધડ્કન હઝરત કિબ્લા મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ હાજરી આપી. જેમાં હઝરત મૌલાના હસન અશરફી (ખતીબો ઈમામ–સુન્ની જામા મસ્જિદ–વલણ) તથા અન્ય ઉલમા સાદાત, અઈમ્મા, હુફ્ફાઝ, મુબલ્લિગીને હાજરી આપી હતી. હઝરત સૈયદ સાહબે મુસલમાનોને વર્તમાન તકલીફો શા માટે પડી રહી છે એના અનુસંધાનમાં દિલને ઝંઝોળતુ બયાન કરી ગુનાહો છોડી નેક રાહ અપનાવવા અવામને તાકીદ કરી હતી. તેમજ તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ **અંકલેશ્વર** ખાતે તથા ૪ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ **ચાંચવેલ** ખાતે એ જ પ્રમાણે શાનદાર બયાનોના પ્રોગ્રામો થયા હતા. ચાંચવેલ ખાતે શાદી પ્રસંગ નિમિત્તે "જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ" મનાવાયો જેમાં શાને સિદ્દીક رضی اللہ عنہ પર શાનદાર ખિતાબ થયો હતો.




**ભાવનગર** : થી હજીયાણી ફરીદાબાનુ હાજી વલી મુહમ્મદ જણાવે છે કે અમારા પૌત્ર મુહમ્મદઝીશાન રફીકભાઈ માલકાણીની શાદી મનતશાબાનુ રિઝવાનભાઈ સાથે તા. ૨૮/૧૨/૨૦૧૯ના રોજ થઈ ગયેલ છે. આ શુભ પ્રસંગે તેમની દાદી તરફથી "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૧૦૦૦/– મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા દુલ્હા–દુલ્હનની જોડીને સલામત રાખે અને બંને જહાનમાં કામયાબી આપે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૨૦**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૨૦નું બુકીંગ ચાલુ છે**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

## ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ તથા દસ્તારબંદીનો જલસો

**જામિઆ અશરફિયા–મુબારકપુર :** (જિ. આઝમગઢ, યુ.પી.) વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટી ખાતે તા. ૨૬–૨૭ જાન્યુ–૨૦૨૦ના ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ શાનો શૌકતથી મનાવાયો. જેમાં બીજા દિવસે જામિઆમાંથી ફારિગ થનાર કુલ ૬૦૦ તલબાને હાફિઝ, કારી, આલિમ, ફાઝિલ, મુફતીની સનદો અપાયી તેમજ દસ્તારબંદી થઈ હતી. જ્યાં "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" દર વર્ષે ગુજરાતી તલબા (હાલ સંખ્યા : ૨૪)ને મહિને રૂા. ૫૦૦ સ્ટાઈપન્ડ તથા પ્રથમ વર્ગ લાવનારને રૂા. ૧૦૦૦/– એકસ્ટ્રા આપે છે. ગુજરાતના ચાલુ વરસે કુલ પાંચ તલબા : (૧) મૌલાના મુહમ્મદઝુબેર મિસ્બાહી–કચ્છ (૨) મૌલાના મુહમ્મદસુલૈમાન મિસ્બાહી–કચ્છ (૩) મૌલાના મુહમ્મદઈબ્રાહીમ મિસ્બાહી–જામનગર (૪) મૌલાના મુહમ્મદઆદિલ–હલદરવા (૫) મુફતી સૈયદ મુહમ્મદતહૂર મિસ્બાહીની દસ્તારબંદી કરવામાં આવી. તેમને તથા કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં સૌની પાસેથી અહલે સુન્નતની બેહતરીન ખિદમત લે અને દિન રાત તેમના ઈલ્મો અમલમાં વધારે ફર્માવે. (આમીન)*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ત્રાલસા કોઠી :** (તા. જિ. ભરૂચ)થી હાજી આદમભાઈ સરવૈયાના ઈસાલે સવાબ અર્થે તેમની અહલિયા હજીયાણી ફાતિમાબહેને રૂા. ૫૦૦/– **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ને આપ્યા છે. અલ્લાહ તબારક વ તઆલા મર્હૂમની કરવટ કરવટ મગફેરત અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

Masoom Tours & Travels

**૨૭ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

www.masoomtours.com

FIXED PRICE ★ FIXED DATES

ઉમરાનું બુકીંગ ચાલુ છે દિવસ ૧૭

**શબે બરાત (મક્કા શરીફમાં)** ₹ ૬૪૦૦૦

૦૨ એપ્રિલ–૨૦૨૦ થી ૧૮ એપ્રિલ–૨૦૨૦

**રમઝાન શરીફ** દિવસ ૩૪

ઉમરાહ માટે ₹ ૧,૩૫,૦૦૦

**અમારી સુવિધાઓ...**

Masoom Tours & Travels

masoom_tours

- ભરૂચ થી ભરૂચ બસ સુવિધા ➡ ડાયરેક્ટ ફ્લાઈટ સઉદી એર લાઈન્સ
- મક્કામાં મદીના શરીફમાં ૪ રૂમ શેરીંગ
- મક્કામાં હરમ શરીફ થી ફક્ત ૬૫૦ મીટર ના અંતરે હોટલ તવરતલ મોનસીઆ
- મદીના શરીફમાં ૭૦૦ મીટરના અંતરે - હોટલ થીમાર રોથાના
- વજન- ૨ બેગ ૨૩ કિલોની+ ૭ કિલો હેન્ડબેગ
- ભરૂચના ભઠીયારા થી બનાવેલ સ્વાદિષ્ટ નાસ્તો તથા જમવાનું
- ફ્રી લોન્ડ્રી
- ઉમરાહના તમામ અરકાન તથા જીયારત અનુભવી ગાઈડ સાથે કરાવવામાં આવશે.
- પાસપોર્ટ પાઉચ, હેન્ડબેગ,૫ લીટર ઝમઝમ ફ્રી

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ સુહેલ મોટલી ૯૭૩૭૮૬૮૮૬૨

ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨